ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાના પ્રવાસના બીજા દિવસે નડિયાદ તાલુકાના નરસંડા ગામે વહેલી સવારે ગ્રામજનો અને વિદ્યાર્થીઓ સાથે યોગ સાધના કરી હતી. તેમણે નરસંડા ખાતે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત ઉમેશગીરી શૈલેષગીરી ગોસ્વામીના 'ગીરી ફાર્મ'ની મુલાકાત લઈ ખેડૂતોને પંચસ્તરીય ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. નરસંડા ગામની પ્રાથમિક શાળાના સાધારણ કક્ષમાં રાત્રિ રોકાણ બાદ શનિવારે વહેલી સવારે શાળાના પ્રાંગણમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનો અને યોગસાધકો સાથે એક કલાક સુધી યોગાભ્યાસ કર્યો હતો. તેમણે પ્રાણાયામ, અનુલોમ-વિલોમ, કપાલભાતિ, નૌકાસન, શવાસન, સેતુબંધ આસન અને અર્ધસર્વાંગાસન કરાવી યોગના શારીરિક તથા માનસિક લાભો સમજાવી તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો. આ યોગ શિબિર બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ નરસંડાના ભૂમેલ સીમ રોડ સ્થિત ઉમેશગીરી શૈલેષગીરી ગોસ્વામીના 'ગીરી ફાર્મ'ની મુલાકાત લીધી હતી. અહીં તેમણે બાગાયત વિભાગની સહાયથી નિર્મિત નેટહાઉસમાં ઉગાડવામાં આવેલી કાકડી સહિતના વેલાવાળા પાકો, ફળો અને શાકભાજીનું નિરીક્ષણ કરી ગુણવત્તા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતો સાથેના સંવાદમાં તેમણે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો તથા પંચસ્તરીય ખેતી પદ્ધતિ અપનાવવા જણાવ્યું હતું.

જામનગરમાં વિદેશી પક્ષીઓનું આગમન



જામનગર શહેરમાં શિયાળાની ઋતુના આગમનના પગરવ સાથે જ વિદેશી પક્ષીઓનું આગમન શરૂ થઈ ગયું છે. દર વર્ષે હજારો માઈલનું અંતર કાપીને જામનગરને પોતાનું શિયાળુ મુકામ બનાવતાં આ પરદેશી પંખીઓ હવે શહેરના તળાવો તરફ પણ આકર્ષાઈ રહ્યાં છે. લાખોટા તળાવના પાછલા તળાવના ભાગમાં વિદેશી પક્ષીઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. તળાવની પાળે ઊતરેલાં આ રંગબેરંગી પંખીઓને નિહાળવા અને ચણ નાખવા માટે શહેરીજનો પણ ઉમટી રહ્યા છે. લોકો તળાવની પાળે પક્ષીઓને ચણ નાખીને તેમનો સત્કાર કરે છે. જોકે, પક્ષીઓ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતી વખતે તેમના સ્વાસ્થ્યની કાળજી રાખવી પણ એટલી જ જરૂરી છે. પક્ષીવિદો દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવે છે કે પક્ષીઓને ગાંઠિયા કે અન્ય તળેલા અને મસાલેદાર ખાદ્યપદાર્થો ખવડાવવા નહીં. (તસવીર : ઈસ્માઈલ શેખ, જામનગર)

અમરેલીમાં ૨૫મીએ સિનિયર સિટીઝન રમતોત્સવ યોજાશે

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૧

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યના ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ-બહેનો માટે સિનિયર સિટીઝન રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ અંતર્ગત એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ટેનિસ બોલ, ક્રિકેટ સહિતની સાત રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓનું અમરેલી જિલ્લામાં પણ સ્થાનિક કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી તા.૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ કલાકથી સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડ, ગોળ હોસ્પિટલ પાસે, અમરેલી ખાતે સ્પર્ધાઓ યોજાશે.આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છુક અમરેલી જિલ્લાના સિનિયર સિટીઝન ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી ખાતે સંપર્ક કરવા અથવા ફોન નંબર ૦૨૭૮૨-૨૯૯૦૬૧ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

ગુજરાત NCC ઈન્ટર બટાલિયન

શૂટિંગ સ્પર્ધામાં સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓએ રચ્યો ઈતિહાસ

જિલ્લાના ૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૩ વિદ્યાર્થીઓએ મેળવ્યા મેડલ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૧

ગુજરાત NCC ઈન્ટર બટાલિયન શુટિંગ સ્પર્ધામાં સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓએ અદભૂત પ્રદર્શન કરીને ઈતિહાસ રચી દીધો છે. રાજકોટ ગ્રુપ દ્વારા યોજવામાં આવેલી આ શુટિંગ સ્પર્ધામાં સુરેન્દ્રનગરના ૧૩ વિદ્યાર્થીઓએ મેડલ મેળવીને સમગ્ર જિલ્લાનું નામ રોશન કર્યું છે.



આ સ્પર્ધામાં કુલ ૧૦૭ વિદ્યાર્થીઓ હતા. તેમાં સુરેન્દ્રનગરના ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૩ વિદ્યાર્થીઓએ મેડલ મેળવ્યા છે. આ આંકડો જ બતાવે છે કે સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓની તૈયારી કેટલી મજબૂત હતી. આ સિદ્ધિ પાછળ વિદ્યાર્થીઓની મહેનત, શિસ્ત, એકાગ્રતા અને તેમના માર્ગદર્શકોનું યોગદાન રહેલું છે.સ્પર્ધામાં એર રાઈફલ, એર પિસ્તોલ, પીપસાઈટ, ઓપન સાઈટ શુટિંગ, ઈન્ડો શુટિંગ સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક કેટેગરીમાં સુરેન્દ્રનગરના વિદ્યાર્થીઓએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ કુલ ૦૮ ગોલ્ડ મેડલ અને ૦૪ સિલ્વર મેડલ મેળવીને અનોખો ઈતિહાસ રચ્યો છે.આ સિદ્ધિને બિરદાવવા માટે ખુદ રાજકોટ ગ્રુપના કમાન્ડિંગ ઓફિસર કર્નલ નીરજ સુદ સુરેન્દ્રનગર પહોંચ્યા હતા. આ સ્પર્ધામાં મેડલ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહમાં વાલીઓ, શિક્ષકો, NCC અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વાલીઓના ચહેરા પર ગર્વ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. પોતાના બાળકોને આટલી મોટી સિદ્ધિ મેળવતા જોઈને તેઓ ભાવુક થઈ ગયા હતા.

ઈડરના સુરપુર ગામે દીપડાના આતંકનો અંત : વન વિભાગે પાંજરે પૂર્યો

ઈડર,તા.૨૧

ઈડર તાલુકાના સુરપુર ગામ અને આસપાસના સીમ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી આતંક મચાવનાર દીપડો આખરે વન વિભાગના પાંજરામાં પુરાઈ ગયો છે. દીપડો પકડાઈ જતાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ મોટી રાહતનો શ્વાસ લીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરપુર ગામની સીમમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાએ ધામા નાખ્યા હતા. દીપડાની સતત અવરજવરને કારણે ખેડૂતોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ખાસ કરીને રાત્રિના સમયે ખેતરોમાં પિયત કરવા કે રખોપું કરવા જતા ખેડૂતો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા હતા. પશુપાલકોમાં પણ પોતાના પશુઓના મારણની ચિંતા સતાવી રહી હતી.

આ સમસ્યા અંગે સુરપુરના ગ્રામજનો દ્વારા ઈડર વન વિભાગને રજૂઆત કરવામાં



(તસવીર : રફીક મનસુરી, ઈડર)

આવી હતી. ગ્રામજનોની રજૂઆતને ગંભીરતાથી લઈ ઈડર ફોરેસ્ટ અધિકારી અને તેમની ટીમે તાત્કાલિક સુરપુર ગામની સીમમાં તપાસ હાથ ધરી હતી. દીપડાના પગલાં (પગમાર્ક) અને અવરજવરનું લોકેશન ટ્રેસ કરીને વન વિભાગ દ્વારા મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું.

વન વિભાગની આ વ્યૂહરચના સફળ રહી હતી અને શિકારની શોધમાં આવેલો દીપડો પાંજરામાં કેદ થઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાયાના સમાચાર ગામમાં વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. પરંતુ દીપડાંનું બચ્ચું પાંજરે પૂરતા બચ્ચાની માં રઘવાટે ચઢતા વન વિભાગના કર્મચારીઓ અવઢવમાં પડ્યા છે કે આ દીપડાના બચ્ચાંનું શું કરવું ?

વન વિભાગની ટીમે દીપડાનો કબજો મેળવી તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. સમયસર પાંજરું ગોઠવી દીપડાને પકડી પાડવા બદલ ગ્રામજનોએ ઈડર વન વિભાગના આરએફઓ ચૌધારીની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

આમોદ તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે અનામત યાદી જાહેર

ચૂંટણીને લઈ ગામે ગામ રાજકીય ચર્ચાઓ તેજ બની

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૧

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં ગ્રામ પંચાયતની આગામી ચૂંટણીને લઈને રાજકીય હલચલ તેજ બની છે. તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટેની અનામત યાદી સામે આવતા ગામડાંના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. અનામતની ફાળવણીને પગલે અનેક ગામોમાં ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારોના રાજકીય ગણિત બદલાઈ શકે છે.

જાહેર થયેલી યાદી મુજબ અનુસૂચિત જાતિ માટે નાહિયેર અને રોધ ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે અનુસૂચિત આદિજાતિ માટે અડવાલા, કરેણા, દોરા, તેગવા, નીણમ અને વાંતરસા સહિતની ગ્રામ પંચાયતોનો સમાવેશ થયો છે. આ ઉપરાંત અનુસૂચિત આદિજાતિ મહિલા માટે કાંકરિયા, રાણિપુરા, સોનામા, શ્રી કોઠી, ભીમપુરા, કેસલુ અને દાંદા ગ્રામ પંચાયતો અનામત રાખવામાં આવી છે.સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે પુરસા, રનાંડા અને રોજાટંકરિયા સહિતની ગ્રામ પંચાયતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે આ વર્ગની મહિલાઓ માટે ભુવા, કોલવણા, મંજોલા અને માતર ગ્રુપ અનામત રાખવામાં આવ્યા છે. બીજી તરફ બિનઅનામત કેટેગરીમાં કેરવાડા, કોબલા, કોઠીવાંટરસા, માંગરોળ, સમની, સરભાણ, સીમરઠા, તણછા, તેલોદ, વાસણા અને વેડચા સહિતની ગ્રામ પંચાયતોનો સમાવેશ થયો છે. જ્યારે સામાન્ય મહિલા અનામત હેઠળ કુરચણ, માલકીણપુરા, ઓચ્છણ, આછોદ, અણોર, ચકલાદ, દાદાપોર, દેનવા ગ્રુપ, ધમણાદ, ઈખર અને ઈટોલા ગ્રામ પંચાયતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અનામતની યાદી સામે આવ્યા બાદ હવે વિવિધ ગામોમાં સરપંચ પદ માટે ચૂંટણી લડવાની તૈયારી કરી રહેલા સંભવિત ઉમેદવારોમાં ચર્ચાઓ શરૂ થઈ છે. કયા ગામમાં કયા વર્ગના ઉમેદવારને તક મળશે અને આગામી ચૂંટણીમાં સ્થાનિક રાજકીય સમીકરણો કેવું સ્વરૂપ લેશે તે જોવું રસપ્રદ રહેશે.

પંડોળી પાટિયા નજીક હિટ એન્ડ રન : યુવકનું સ્થળ પર જ મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૧

તારાપુરથી વાસદ તરફ જતાં સ્ટેટ હાઈવે ઉપર આવેલા પંડોળી ગામના પાટિયા પાસે શુક્રવાર સાંજના સુમારે સર્જાયેલી હિટ એન્ડ રનની ગમખ્વાર ઘટનામાં એક યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર રાખોડી રંગનું શર્ટ અને વાદળી જીન્સનું પેન્ટ પહેરેલો આશરે ૨૫થી ૩૦ વર્ષની વયનો એક યુવક શુક્રવાર સાંજના સમયે પંડોળી પાટિયા નજીકથી પગપાળા પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન પુરઝડપે આવી ચઢેલા કોઈ અજાણ્યા વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. અકસ્માત સર્જી વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

પેટલાદ રૂરલ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે પેટલાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. આ અંગે ગૌરાંગગીરી પુનમગીરીએ પેટલાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભાદરણ નજીક કાર ઝાડ સાથે ભટકાતાં ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૨૧

આણંદ જિલ્લાના ભાદરણ-બોરસદ રોડ ઉપર શનિવાર વહેલી સવારના સુમારે પુરઝડપે જતી એક કાર રોંગ સાઈડે જઈને ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં કારના આગળના ભાગનો ભૂકો બોલી ગયો હતો. આ અકસ્માતમાં મેહુલભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ભાદરણ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સેનેટરી ઈન્સ્પેક્ટરના અકાળે અવસાનથી પરિવારજનો અને ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

ભાદરણ ગ્રામ પંચાયતના સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલભાઈ ગિરીશભાઈ પટેલ પોતાના બનેવીને લેવા માટે કાર લઈને ભાદરણથી બોરસદ જવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન વહેલી સવારે સવા બે વાગ્યાના સુમારે તેઓ ભાદરણ-બોરસદ રોડ પર આવેલા એક ફાર્મહાઉસ નજીકથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક કારના સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવી બેઠા હતા અને કાર રોંગ સાઈડે ધસી ગઈ હતી અને માર્ગની બાજુમાં આવેલા આંબાના ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં કારના

ભાવનગર જિલ્લા પોલીસ વડાની જનસંવાદ સભા યોજાઈ

૧૦૦ ફરિયાદોમાંથી ૭૫ ફરિયાદોનો સ્થળ પર જ નિકાલ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

ભાવનગર જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશ દુધાતની અધ્યક્ષતામાં શનિવારે જિલ્લા પોલીસ કચેરી ખાતે જનસંવાદ સભા યોજાઈ હતી. આ સભામાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ૧૦૦ જેટલા ફરિયાદીઓની રજૂઆતો સાંભળવામાં આવી હતી. જેમાંથી ૭૫ ફરિયાદોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે બાકીની ફરિયાદોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

જનસંવાદ સભા દરમિયાન મોટાભાગની ફરિયાદો ઘરેલુ ઝઘડા, જમીન-મિલકત અંગેના વિવાદ, ચોરી, છેતરપિંડી અને સાયબર ક્રાઈમ સંબંધિત હતી. પોલીસ વડાએ ફરિયાદીઓની રજૂઆતો ધીરજપૂર્વક સાંભળી હતી અને કાયદાના દાયરામાં રહીને ઝડપી ન્યાય આપવાની ખાતરી આપી હતી.

ભાજપના નેતા રાકેશ જોષીના પુત્ર કશ્યપ જોષી સહિત ત્રણ સામે ગોરવા પોલીસમાં ફરિયાદ

વડોદરામાં PM આવાસ યોજનાના નામે છેતરપિંડીનો વધુ એક કિસ્સો, શિક્ષિકા સાથે રૂા.૧૨ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૧

વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY)ના નામે છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સરકારી આવાસ યોજનામાં દુકાન અપાવવાની લાલચ આપીને એક ખાનગી શાળાની પદ વર્પાય શિક્ષિકા પાસેથી રૂા.૧૨ લાખ પડાવી લેવામાં આવ્યા હોવાની ફરિયાદ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ મામલે ભાજપના અગ્રણી રાકેશ જોષીના પુત્ર કશ્યપ જોષી સહિત ત્રણ વ્યક્તિઓ સામે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, ગોત્રી વિસ્તારમાં પંચામૃત સોસાયટી નજીક શૈલી એપાર્ટમેન્ટમાં રહેતાં સંધ્યાબેન જાધવ ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. આશરે બે વર્ષ પહેલાં હરિનગર ચાર રસ્તા પાસે ગેરેજ ધરાવતા જમી લુકાસના સંપર્કમ

ગુજરાત હાઈકોર્ટે કરી આકરી ટકોર

યોગ્ય તક આપ્યા વિના સાક્ષીની ઉલટ તપાસનો અધિકાર છીનવી શકાય નહીં

ટ્રાયલ કોર્ટના આદેશને કર્યો રદ; PM કરનાર તબીબની ફરી તપાસ કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ન્યાયિક પ્રક્રિયામાં સાક્ષીની ઉલટતપાસ કરવાનો અધિકાર પક્ષકાર માટે મહત્ત્વપૂર્ણ કાયદેસર અધિકાર છે અને પૂરતી તક આપ્યા વિના આ અધિકાર બંધ કરી શકાય નહીં, તેવી મહત્ત્વપૂર્ણ ટકોર ગુજરાત હાઈકોર્ટે કરી છે. અમદાવાદ ગ્રામ્યની કોર્ટ નંબર-૬ના એડિશનલ સેશન્સ જજ પરેશ એમ. સયાણી દ્વારા પોસ્ટમોર્ટમ કરનાર તબીબની ઉલટતપાસ બંધ કરવાના આદેશને પડકારતી અરજીમાં હાઈકોર્ટે અરજદારને વધુ ૪૫ મિનિટ સુધી ઉલટતપાસ કરવાની મંજૂરી આપી છે.

આ કેસમાં પોસ્ટમોર્ટમ કરનાર તબીબની જુબાની દરમિયાન અરજદાર પક્ષના વકીલ દ્વારા ઉલટતપાસ કરવામાં આવી રહી હતી. જો કે, ઉલટતપાસ પૂર્ણ થાય તે પહેલાં જ ટ્રાયલ કોર્ટે પોતાની રીતે કાર્યવાહી હાથ ધરીને તબીબની વધુ ઉલટતપાસ કરવાનો અરજદારનો અધિકાર બંધ કરી દીધો હતો. ખાસ બાબત એ હતી કે અરજદારના વકીલ દ્વારા કેસ મુલતવી રાખવાની કે વધારાનો સમય આપવાની કોઈ માગણી કરવામાં આવી નહોતી. ટ્રાયલ કોર્ટના આ નિર્ણય સામે અરજદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અરજદાર તરફથી એડવોકેટે રજૂઆત કરી હતી કે બચાવ પક્ષને પોતાના કેસને લગતા મહત્ત્વપૂર્ણ તબીબી તથ્યો સ્પષ્ટ કરવા માટે સાક્ષીની ઉલટતપાસ કરવાની પૂરતી તક મળવી જરૂરી છે. હાઈકોર્ટે કેસની હકીકતો અને રજૂઆતોને ધ્યાનમાં લેતાં જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટે ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું જોઈએ. બંને પક્ષકારોને પોતાના પુરાવા અને દલીલો રજૂ કરવાની વાજબી તક મળવી એ ન્યાયિક પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. સાક્ષીની જુબાની આંશિક રીતે નોંધાઈ હોય અને વકીલ દ્વારા મહત્ત્વના પ્રશ્નો પૂછીને સંબંધિત વિગતો રેકર્ડ પર લાવવામાં આવી રહી હોય ત્યારે પૂરતી તક આપ્યા વિના ઉલટતપાસ બંધ કરવી યોગ્ય નથી. માત્ર કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવાના હેતુથી પક્ષકારના બચાવના અધિકારને મર્યાદિત કરી શકાય નહીં, તેવો અભિગમ હાઈકોર્ટના ચુકાદામાં જોવા મળ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા ઉલટતપાસ બંધ કરવાનો આપવામાં આવેલો આદેશ રદ કર્યો હતો અને અરજદારને વધુ ૪૫ મિનિટ સુધી પોસ્ટમોર્ટમ કરનાર તબીબની ઉલટતપાસ કરવાની તક આપી હતી. આ માટે નિર્ધારિત તારીખે તબીબને ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રાખીને બાકી રહેલી ઉલટતપાસ પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ફોજદારી કેસમાં પોસ્ટમોર્ટમ કરનાર તબીબની જુબાની ઘણી વખત મહત્ત્વપૂર્ણ પુરાવા તરીકે ગણાય છે. મૃત્યુનું કારણ, ઈજાઓનું સ્વરૂપ અને તબીબી તારણો જેવા મુદ્દાઓ સ્પષ્ટ કરવા માટે તબીબની ઉલટતપાસ જરૂરી બની શકે છે. આથી બચાવ પક્ષને આવા સાક્ષીને પ્રશ્નો પૂછવાની વાજબી તક મળવી જરૂરી છે. હાઈકોર્ટે પોસ્ટમોર્ટમ કરનાર તબીબના ખર્ચની રકમ નીચેની કોર્ટમાં જમા કરાવવાનો પણ આદેશ કર્યો છે. આ ચુકાદો નીચલી અદાલતો માટે માર્ગદર્શક બની શકે છે કે ન્યાયિક કાર્યવાહી દરમિયાન પ્રક્રિયાની ઝડપ કરતાં પક્ષકારોને ન્યાયી તક આપવી અને તેમના કાયદેસર અધિકારોનું રક્ષણ કરવું વધુ મહત્ત્વનું છે.

ભૂજ-ખાવડા નેશનલ હાઈવે મરણ-ચીસોથી ગૂંજી ઊઠ્યો !

કચ્છમાં મહાકાય ટ્રેલર સાથે કાર ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માતમાં પાંચના કરૂણ મોત

અકસ્માત એટલો ભયંકર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

કચ્છના ભૂજ-ખાવડા નેશનલ હાઈવે શનિવારે(૨૧ નવેમ્બર) મોડી રાત્રે ગમખ્વાર અકસ્માતની ઘટના ઘટી છે. જેમાં ટ્રેલર અને કાર વચ્ચે ભયાનક ટક્કરથી કારમાં સવાર એક જ પરિવારના ૫ સભ્યના મોતની આશંકા છે. પ્રાથમિક માહિતી મુજબ,



મહિલા અને બાળકો પણ કારમાં સવાર હતા. આ અકસ્માત એટલો ભયાનક અને ગંભીર હતો. કારનો કચ્ચરઘાણ વળી ગયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આ લખાય છે ત્યારે સ્થળ પર પોલીસ સહિતનો કાફલો ધસી ગયો હતો અને મૃતદેહો પીએમ અર્થે મોકલવા સાથે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાઇવે મરણ ચીસોથી ગૂંજી ઉઠતા આસપાસના લોકો દોડી આવ્યા હતા.

MD-MSની ૧૫૪૬ બેઠકો પર પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગની કાર્યવાહી શરૂ

બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી માટે વિદ્યાર્થીઓ ૨૪ નવેમ્બર સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અનુસ્નાતક મેડિકલ (MD/MS/ડિપ્લોમા) અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો માટે પ્રવેશ સમિતિ દ્વારા બીજા રાઉન્ડની ઓનલાઈન ચોઈસ ફિલિંગની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ રાઉન્ડ હેઠળ સરકારી, મેનેજમેન્ટ અને NRI બેઠકો સહિત કુલ ૧૫૪૬ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રવેશ સમિતિની જાહેરાત મુજબ, બીજા રાઉન્ડમાં પ્રથમ રાઉન્ડ બાદ નોન-કન્વર્ટેડ અને નોટ-રિપોર્ટેડ રહેલી બેઠકો ઉપરાંત નવી આવેલી તથા રદ થયેલી બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેડિકલના વિદ્યાર્થીઓ માટે આ બીજો રાઉન્ડ પોતાની પસંદગીના કોર્સ અને કોલેજમાં પ્રવેશ મેળવવાની મહત્ત્વની તક સમાન છે. બીજા રાઉન્ડ માટે ઉપલબ્ધ બેઠકોની વિગતો જોઈએ તો, નોન-કન્વર્ટેડ બેઠકોની સંખ્યા ૩૫૯ જેટલી છે. આ ઉપરાંત, નોટ-રિપોર્ટેડ બેઠકો ૮૬૨, નવી ઉમેરાયેલી બેઠકો ૩૦૫ અને રદ થયેલી બેઠકો ૨૦ મળી કુલ ૧૫૪૬ બેઠકો છે. આ બેઠકો પર પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગની કાર્યવાહી શનિવારથી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ઉમેદવારો ૨૪ નવેમ્બર સુધી ચોઈસ ફિલિંગ કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. ચોઈસ ફિલીંગની કાર્યવાહી બપોરે ૪ વાગ્યે પૂર્ણ થયા બાદ ઉમેદવારો પોતાની ભરેલી ચોઈસ ૨૪ નવેમ્બરના રોજ સાંજના ૪ વાગ્યાથી ૬ વાગ્યા દરમિયાન જોઈ શકશે. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈ પ્રશ્ન કે મૂંઝવણ હોય તો પ્રવેશ સમિતિ દ્વારા ટેલિફોન તથા ઈ-મેઈલ મારફતે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

યસ બેંકના નામે બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ

ઈ-મેઈલ સ્પુફિંગ ગેંગનો પર્દાફાશ, મુંબઈથી ચાર આરોપીની ધરપકડ

બનાવટી દસ્તાવેજો અને ઈ-મેઈલના આધારે રકમ અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ઈ-મેઈલ સ્પુફિંગ ગેંગ સામે કાર્યવાહી કરીને મુંબઈથી ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ ઈ-મેઈલ સ્પુફિંગ મારફતે કંપનીના પેમેન્ટ સંબંધિત સંવાદમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ મેળવી માયા એગ્રોવેટ લિમિટેડ સાથે રૂા.૬.૫૫ લાખની છેતરપિંડી કરી હોવાનો ખુલાસો થયો છે.

તપાસ મુજબ, આરોપીઓએ છેતરપિંડી માટે યસ બેંકના નામે બનાવટી લેટરપેડ, ખોટી એકાઉન્ટ વિગતો અને નકલી સહી-સિક્કાનો ઉપયોગ કર્યો હતો. બનાવટી દસ્તાવેજો અને ઈ-મેઈલના આધારે કંપનીમાં વિશ્વાસ ઊભો કરીને રૂા.૬.૫૫ લાખની રકમ અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવી હતી. ફરિયાદ મળ્યા બાદ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ શરૂ કરી હતી. ડિજિટલ પુરાવા અને નાણાકીય વ્યવહારોની કડીઓ તપાસતા પોલીસ મુંબઈ સુધી પહોંચી હતી. તપાસના આધારે મુંબઈમાં કાર્યવાહી કરીને ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, ઝડપાયેલા આરોપીઓ ગેંગ માટે બેંક ખાતા ઉપલબ્ધ કરાવતા, ફોડની રકમ ઉપાડતા અને તેના બદલામાં કમીશન મેળવતા હતા. આ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ બાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર નેટવર્કના અન્ય સભ્યો અને મુખ્ય સૂત્રધારો અંગે તપાસ વધુ તેજ કરી છે. આરોપીઓ સાથે જોડાયેલા બેંક ખાતા, નાણાકીય વ્યવહારો અને ડિજિટલ પુરાવાઓની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસને આશંકા છે કે આ ગેંગ દ્વારા અન્ય કંપનીઓ અથવા વ્યક્તિઓને પણ આ જ પ્રકારની ઈ-મેઈલ સ્પુફિંગ પદ્ધતિથી નિશાન બનાવવામાં આવી હોઈ શકે છે. અગાઉના સંભવિત ગુનાઓ અંગે પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. ઈ-મેઈલ સ્પુફિંગ જેવી છેતરપિંડીમાં બનાવટી ઈ-મેઈલ અને દસ્તાવેજોના આધારે કંપનીના કર્મચારીઓને વિશ્વાસમાં લઈને નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવે છે. તેથી પેમેન્ટ અથવા બેંક એકાઉન્ટ બદલવા સંબંધિત ઈ-મેઈલની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી કંપનીઓ માટે મહત્ત્વપૂર્ણ બની રહે છે.

ઠપકાને કારણે ઘરેથી નિકળી ટ્રેનમાં બેસી બિકાનેર ઉતરી, આશ્રય આપવાનું કહી કર્યો દગો

રામોલની સગીરાને બિકાનેરના ગામમાં ગોંધી રાખી દુષ્કર્મ આચર્યું : હેમખેમ પરત આવી !

સ્થાનિક પોલીસની મદદથી ભાળ મળી : પિતાએ રામોલ પો. મથકે નોંધાવી ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરા ઘરેથી નીકળી ગયા બાદ રાજસ્થાનના બિકાનેર જિલ્લાના નોખા ગામે પહોંચી ગઈ હતી. ત્યાં એક પરિવારના સભ્યો તેને ઘરે લઈ જઈ આશ્રય આપવાના બહાને ગોંધી રાખી અને પરિવારના શખ્સે સગીરા સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. આ અંગે સગીરાના પિતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

રામોલ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય પુત્રી ગત ૨ નવેમ્બરે ઘરેથી નીકળી ગયા બાદ પરત આવી ન હતી. પરિવારજનોએ શોધખોળ કરતાં કોઈ પત્તો મળ્યો ન હતો. આ દરમિયાન ૧૩ નવેમ્બરે બિકાનેર બાળ કલ્યાણ સમિતિમાંથી કિશોરીના પિતાને ફોન આવ્યો હતો કે, તેની પુત્રી નોખા પોલીસને મળી આવી છે અને તેને બાળ કલ્યાણ સમિતિમાં રાખવામાં આવી છે. ત્યારબાદ પિતા બિકાનેર જઈ કિશોરીને અમદાવાદ પરત લાવ્યા હતા. બાદમાં તેને શાંતિથી પૂછતાં જણાવ્યું કે, ઘરકામ અને અભ્યાસ બાબતે ઠપકો મળવાના ડરથી તે મોબાઈલ, ચાર્જર અને કપડાં લઈને નીકળી હતી. તે રિક્ષા મારફતે ન્યૂ કોટન મિલ મેટ્રો સ્ટેશન, ત્યાંથી થલતેજ, ઓલ્ડ હાઈકોર્ટ થઈ સાબરમતી રેલવે સ્ટેશન પહોંચી હતી. સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી એક અજાણી વ્યક્તિએ જમવા માટે રૂા.૧૦૦ આપ્યા હતા અને ત્યારબાદ તે ટ્રેનમાં બેસી ગઈ હતી. બીજા દિવસે સવારે ટ્રેન ઊભી રહેતા તે બિકાનેર રેલવે સ્ટેશન પર ઊતરી ગઈ હતી અને ત્યાં મળેલી એક વૃદ્ધ મહિલાને પોતાની પરિસ્થિતિ જણાવી હતી. આ વૃદ્ધ મહિલાએ પોતાની બે પુત્રવધૂઓ રેખા અને મંજુ સાથે કિશોરીને નોખા ગામે લઈ જવાનું કહી બીજી ટ્રેનમાં બેસાડી હતી. નોખા ખાતે રેખાબેનના ઘરે લઈ ગયા બાદ કિશોરીને બહાર જવા દેવામાં આવતી ન હતી. ત્યાં ૩ નવેમ્બરથી ૯ નવેમ્બર સુધી સગીરાને ગોંધી રાખવામાં આવી હતી. આ દરમ્યાન રેખા, મંજુ અને પરિવારના અન્ય સભ્યોની મદદથી રાકેશ નામના શખ્સે અલગ-અલગ સમયે અને રૂમમાં સગીરા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. બાદમાં ગત ૧૦ નવેમ્બરે રાત્રે પોલીસને જાણ થતાં સગીરાને નોખા પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી અને ત્યારબાદ બિકાનેરના મહિલા આશ્રમમાં સારવાર અને રહેવાની વ્યવસ્થા કરાઈ હતી. બિકાનેર બાળ કલ્યાણ સમિતિમાંથી ફોન આવતા પિતા ૧૫ નવેમ્બરે બિકાનેર જવા રવાના થયા હતા અને પુત્રીને લઈને પરત આવ્યા હતા. સગીરા અમદાવાદ પરત આવ્યા બાદ પરિવારજનોએ તેની પાસેથી સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી. ત્યારબાદ પરિવાર રામોલ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે રામોલ પોલીસે ગુનો નોંધીને આરોપીઓની ભૂમિકા અંગે તપાસ શરૂ કરી છે. ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં, સગીરાને રાજસ્થાન કેવી રીતે લઈ જવામાં આવી અને આરોપીઓ દ્વારા તેને કઈ રીતે ગોંધી રાખવામાં આવી હતી તે સહિતના મુદ્દે તપાસ ચાલી રહી છે.

મહુવામાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે લોહિયાળ અથડામણ : એક વ્યક્તિનું મોત

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

ભાવનગર જિલ્લાના મહુવામાં વડલી ગેટ પાસે મુન્નાભાઈ પકોડાવાળાની નાસ્તાની લારી નજીક જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે હથિયારો સાથે લોહિયાળ અથડામણ સર્જાઈ હતી. બંને પક્ષે છરી, કુહાડી, ધારિયાં અને લોખંડના પાઈપ વડે હુમલા કર્યાના આક્ષેપો વચ્ચે એક વ્યક્તિનું મોત નિપજ્યું છે, જ્યારે ત્રણથી વધુ લોકો ઘાયલ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવે મહુવા પંથકમાં ચકચાર મચાવી છે.

મહુવાના ખોખરા પ્લોટ વિસ્તારમાં રહેતા અશ્વિનભાઈ પરમારની ફરિયાદ મુજબ ગોકુળધામ વડલી ખાતે ઠાકર ભગવાનના લગ્ન પ્રસંગે કામ પતાવી તેઓ ભરવાડ સમાજની નવી વાડી તરફ જતાં હતા ત્યારે વડલી ભૂતનાથ ગેટ પાસે બે જૂથ વચ્ચે બોલાચાલી ચાલતી હતી. આ દરમિયાન મુન્નાભાઈ મકવાણાએ તેમના મામા ભોળાભાઈ ચાવડાને પડખામાં છરીનો ઘા માર્યો હતો, જ્યારે શિવમ ઉર્ફે સન્નીએ પણ છરીના ઘા ઝીંક્યા હતા. સંદીપ ઉર્ફે સરપંચને સાથળમાં છરીના ઘા મારવામાં આવ્યા હતા અને મહેન્દ્રભાઈ દરબારને કાર્તિકે છાતીના ભાગે ધારિયું માર્યાનો આક્ષેપ છે. લાલભાઈ ઉર્ફે બાદશાહે પણ પાઈપથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા ભોળાભાઈને હોસ્પિટલમાં લઈ જવાતાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

બીજી તરફ શિવમ ઉર્ફે સન્ની મકવાણાની સામી ફરિયાદ મુજબ અશ્વિન ઉર્ફે બાંભા, નરેશ ભરવાડ, ભોળાભાઈ ભરવાડ, સંદીપ ઉર્ફે સરપંચ સહિતના છ વ્યક્તિઓ હથિયારો સાથે તેમની નાસ્તાની લારી પાસે આવ્યા હતા અને હુમલો કર્યો હતો. જેમાં તેમના પિતા મુકેશભાઈને માથામાં પાઈપ મારવામાં આવ્યો હતો, જ્યારે ભાઈ કાર્તિક અને કાકા લાલજીભાઈને પણ ઈજાઓ પહોંચી હતી. બચાવમાં થયેલી ઝપાઝપીમાં ભોળાભાઈ અને સંદીપને ઈજાઓ થયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બંને પક્ષની ફરિયાદમાં અગાઉ ક્રિકેટ મેચ રમવા બાબતે થયેલી મારામારીની અદાવત કારણભૂત હોવાનું જણાવાયું છે. મહુવા ટાઉન પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખાંભાના તાતણિયા ગામે મહિલાને લગ્નમાં લઈ જવાના બહાને બોલાવી દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના તાતણિયા ગામની ૩૯ વર્ષીય મહિલાએ વાવેરા ગામના વિક્રમભાઈ વીહાભાઈ સાંખટ સામે દુષ્કર્મ, ધાકધમકી તથા સમાજમાં બદનામ કરવાનો આક્ષેપ કરી ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા અનુસાર આશરે ત્રણ વર્ષ પહેલા મહિલાને આરોપી સાથે તેના ભાણેજના મરણની જાહેરાત આપવા બાબતે પરિચય થયો હતો. ત્યારબાદ તા.૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બાબરકોટ ગામના સમૂહલગ્નમાં લઈ જવાના બહાને આરોપીએ મહિલાને વાવેરા ખાતે પોતાના ઘરે બોલાવી હતી. બીજા દિવસે વહેલી સવારે આશરે ચાર વાગ્યે મહિલા વોશરૂમમાં જતી હતી ત્યારે આરોપીએ પાછળથી આવી બળજબરીપૂર્વક શારીરિક અડપલા કર્યા હોવાનો તેમજ મહિલાના ફોટા પાડી તેને વાયરલ કરવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો છે.વધુમાં આશરે એક વર્ષ પહેલા આરોપી રાત્રિના સાડા બાર વાગ્યાના અરસામાં તાતણિયા ખાતે મહિલાના પિયરના ઘરે પહોંચ્યો હતો. પોતે પોલીસ સાથે આવ્યો હોવાનું અને બહાર પોલીસ ઊભી હોવાનું કહી મહિલાને ડરાવી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ મહિલાને કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રસોડામાં મોઢા પર હાથ રાખી તેની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત આ વાત કોઈને કરશે તો બદનામ કરી નાખવાની તેમજ મહિલાના પુત્રને મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. આરોપી અવારનવાર ફોન કરીને મહિલાને તેની મરજી વિરૂદ્ધ વાત કરવા દબાણ કરતો હતો અને વાત નહીં કરે તો દવા પી આત્મહત્યા કરવાની ધમકી આપતો હોવાની ફરિયાદમાં વિગતો છે. મહિલાના જણાવ્યા મુજબ આરોપી અવારનવાર તેના ઘરે આવી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો. છેલ્લા ત્રણેક મહિનાથી મહિલાએ આરોપી સાથે ફોન પર વાત કરવાનું બંધ કરી દેતાં આરોપીએ તેના સંબંધીઓ તથા સમાજમાં તેના ચારિત્ર્ય અંગે ખોટી વાતો ફેલાવી બદનામ કરવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત મહિલાના નાના ભાઈને પણ ફોન કરીને મહિલા વિશે અપમાનજનક વાતો કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ સમગ્ર મામલે તાતણિયા ગામની ૩૯ વર્ષીય મહિલાની ફરિયાદના આધારે વાવેરાના વિક્રમભાઈ વીહાભાઈ સાંખટ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝેરી ધુમાડાથી ૩૦ વિદ્યાર્થીઓની તબિયત લથડી

બોટાદની જવાહર નવોદય વિદ્યાલય ખાલી ૪૦૫માંથી એક પણ વિદ્યાર્થી હાજર નહીં !

ડમ્પિંગ સાઈટમાં આગ લાગતાં ફેલાયો ધુમાડો; સ્વાસ્થ્ય પર જોખમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

બોટાદની જવાહર નવોદય વિદ્યાલયમાં ડમ્પિંગ સાઈટમાંથી ફેલાતા ઝેરી ધુમાડાની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને જોખમ ઊભું થતાં વાલીઓએ પોતાના બાળકોને વિદ્યાલયમાંથી ઘરે લઈ જવાનો નિર્ણય કર્યો છે. પરિણામે ૪૦૫ વિદ્યાર્થીઓ ધરાવતી આ વિદ્યાલય હાલમાં સંપૂર્ણપણે ખાલી થઈ ગઈ છે. ધુમાડાની અસરથી ૩૦ વિદ્યાર્થીઓની તબિયત લથડતાં તેમને સારવાર અને સુરક્ષાના હેતુથી સ્થળાંતરિત કરવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, જવાહર નવોદય વિદ્યાલયની નજીક આવેલી ડમ્પિંગ સાઈટમાં ૧૭ નવેમ્બરના રોજ આગ લાગી હતી. ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદ ફરી આગ ભભૂકી ઊઠતાં વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા ફેલાવા લાગ્યા હતા. આ ધુમાડાની અસર વિદ્યાલય તેમજ આસપાસના વિસ્તારોમાં જોવા મળી હતી. સતત ધુમાડાના કારણે વિદ્યાર્થીઓના આરોગ્ય પર અસર થવા લાગી હતી. ૧૮ નવેમ્બરના રોજ ધુમાડાની સમસ્યાને લઈને વાલીઓએ વિદ્યાલય ખાતે હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ ૧૯ નવેમ્બરના રોજ ૩૦ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકોને સર્કિટ હાઉસ ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની તબિયત બગડતાં વાલીઓમાં પણ ચિંતા ફેલાઈ હતી. ૧૮ નવેમ્બરની રાતથી ૧૯ નવેમ્બરની બપોર સુધીમાં આશરે ૧૮૦ વાલીઓ પોતાનાં બાળકોને ઘરે લઈ ગયા હતા. ત્યારબાદ ૨૦ નવેમ્બરના રોજ બાકીના વિદ્યાર્થીઓને પણ વાલીઓ ઘરે લઈ ગયા હતા. આમ, કુલ ૪૦૫ વિદ્યાર્થીઓ ધરાવતી વિદ્યાલયમાં હાલ એકપણ વિદ્યાર્થી હાજર નથી.

વાલીઓએ તંત્ર સમક્ષ સ્પષ્ટ માગણી કરી છે કે, ડમ્પિંગ સાઈટને અન્ય સ્થળે ખસેડવામાં આવે અને ધુમાડાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. જ્યાં સુધી બાળકોના આરોગ્ય માટે સુરક્ષિત વાતાવરણ ઊભું નહીં થાય ત્યાં સુધી તેઓ પોતાનાં બાળકોને વિદ્યાલયમાં મોકલશે નહીં તેવી ચીમકી પણ ઉચ્ચારી છે. એક તરફ વિદ્યાર્થીઓના આરોગ્યનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે, તો બીજી તરફ છેલ્લા પાંચ દિવસથી તેમના અભ્યાસ પર પણ અસર પડી રહી છે. રહેણાક સુવિધા ધરાવતી નવોદય વિદ્યાલયમાં આવી સ્થિતિ સર્જાતાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય અંગે પણ ચિંતા વ્યક્ત થઈ રહી છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે વિદ્યાલયની નજીક આવેલી ડમ્પિંગ સાઈટમાં વારંવાર આગ લાગવાની સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે આવશે ? ૪૦૫ વિદ્યાર્થીઓના આરોગ્ય અને શિક્ષણ સાથે જોડાયેલા આ મુદ્દે જિલ્લા વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગો ક્યારે નક્કર પગલાં લેશે તેના પર સૌની નજર છે.

ઈઝરાયેલી જેલોમાં કેદ લગભગ ૩૫૦ પેલેસ્ટીની બાળકો ત્રાસ અને ભૂખમરાનો સામનો કરી રહ્યા છે : કેદી જૂથો

(એજન્સી) તા.૨૧

એનાદોલુના અહેવાલ મુજબ, શુક્રવારે બે પેલેસ્ટીની કેદી જૂથોએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી જેલોમાં લગભગ ૩૫૦ પેલેસ્ટીની બાળકોને રાખવામાં આવ્યા છે, જ્યાં તેઓ ત્રાસ, ભૂખમરો અને તબીબી સંભાળ, શિક્ષણ અને પરિવારની મુલાકાતોથી વંચિત રહે છે. પેલેસ્ટીની કમિશન ઓફ ડિટેનીઝ એન્ડ એક્સ-ડિટેનીઝ અફેર્સ અને પેલેસ્ટીની પ્રિઝનર સોસાયટીએ ૨૦ નવેમ્બરના રોજ વાર્ષિક ધોરણે ઉજવાતા વિશ્વ બાળ દિવસ નિમિત્તે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. જૂથોએ જણાવ્યું હતું કે ત્રણ છોકરીઓ સહિત લગભગ ૩૫૦ પેલેસ્ટીની બાળકો હાલમાં ઈઝરાયેલી જેલોમાં કેદ છે. ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું ત્યારથી, પૂર્વ જેરૂસલેમ સહિત કબજા હેઠળના પશ્ચિમ કાંઠામાં ૨,૦૦૦થી વધુ બાળકોની ધરપકડ નોંધાઈ છે, એમ તેમણે ઉમેર્યું. યુદ્ધ દરમિયાન ગાઝામાંથી પણ ડઝનેક બાળકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા, પરંતુ નિવેદન અનુસાર, બળજબરીથી ગુમ થવા અને મુલાકાતો પર પ્રતિબંધોને કારણે તેમની સંખ્યા, ઠેકાણા અને અટકાયતની સ્થિતિ નક્કી કરવી અશક્ય બની ગઈ છે. જૂથોએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળો કબજા હેઠળના પશ્ચિમ કાંઠામાં બાળકોને ઘરના દરોડા દરમિયાન, લશ્કરી ચોકીઓ પર, શેરીઓમાં અને શાળાઓમાં અથવા તેની નજીક અટકાયતમાં રાખે છે. ડઝનેક પેલેસ્ટીની બાળકોને આરોપ વિના વહીવટી અટકાયતમાં રાખવામાં આવે છે, તેમણે ઉમેર્યું હતું કે વારંવાર મુદત વધારવાથી તેમને પોતાનો બચાવ કરવાનો અધિકાર વંચિત રહે છે અને તેમને અનિશ્ચિત કેદનો સામનો કરવો પડે છે. નિવેદન અનુસાર, બાળકોને ક્યારેક તેમની અટકાયતની ક્ષણથી બાંધી દેવામાં આવે છે અને માર મારવામાં આવે છે, પછી વકીલ અથવા પરિવારના સભ્યની હાજરી વિના કલાકો સુધી પૂછપરછ કરવામાં આવે છે અને ઊંઘ અને આરામથી વંચિત રાખવામાં આવે છે. 'બાળકોને પૂરતા પ્રમાણમાં વેન્ટિલેશન અને આરોગ્ય સંભાળ વિના ભરાયેલા રૂમમાં રાખવામાં આવે છે અને તબીબી સારવાર, શિક્ષણ અને કુટુંબની મુલાકાતોથી વંચિત રાખવામાં આવે છે,' જૂથોએ જણાવ્યું હતું. નિવેદનમાં જણાવાયું છે કે ભીડભાડ અને સ્વચ્છતા પુરવઠાની અછતને



કારણે કેદીઓમાં ખંજવાળ સહિતના ચામડીના રોગો ફેલાઈ રહ્યા છે, જ્યારે તબીબી સારવારમાં વિલંબ થાય છે અને યોગ્ય દવાઓ બંધ રાખવામાં આવે છે. જૂથોએ ઉમેર્યું હતું કે બાળકોને ભૂખમરો સહન કરવો પડે છે, જે તેમના સ્વાસ્થ્ય અને શારીરિક સ્થિતિને ગંભીર અસર કરે છે. તેઓએ રામલ્લાહની પૂર્વમાં સિલ્વાડના બાળક વાલિદ ખાલેદ અહમદના કેસ પર પ્રકાશ પાડ્યો હતો, જેનું માર્ચ ૨૦૨૫માં ઈઝરાયેલની મેગિદ્દો જેલમાં મૃત્યુ થયું હતું. જૂથોએ જણાવ્યું હતું કે શબપરીક્ષણમાં ગંભીર બગાડ અને સ્નાયુ સમૂહ અને શરીરની ચરબીનો અભાવ હોવાનું બહાર આવ્યું છે, જેના કારણે તેના મૃત્યુના કારણોમાં ભૂખમરો અને ડિહાઈડ્રેશનનો સમાવેશ થાય છે. નિવેદનમાં જણાવાયું છે કે ઈઝરાયેલી અધિકારીઓએ એક વર્ષથી વધુ સમય સુધી તેનું થીજી ગયેલું શરીર તેના પરિવારને પરત કર્યું હતું, જેમાં ઉમેર્યું હતું કે ઈઝરાયેલી અધિકારીઓએ તેનું થીજી ગયેલું શરીર તેના પરિવારને પરત કર્યું હતું. બંને જૂથોએ ઈઝરાયેલની મુક્તિ અને પેલેસ્ટીની બાળકોનું રક્ષણ કરવામાં આંતરરાષ્ટ્રીય સમુદાયની નિષ્ફળતા તરીકે વર્ણવેલી ટીકા કરી હતી. તેઓએ બાળકોની વહીવટી અટકાયતનો અંત લાવવા, અટકાયતમાં લેવાયેલા સગીરોની મુક્તિ અને ત્રાસ, ભૂખમરો અને બળજબરીથી ગુમ થવા માટે જવાબદાર લોકો માટે જવાબદારીની હાકલ કરી હતી.

અહમદ તિબી ઈઝરાયેલની નેસેટ (સંસદ)ના ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટાયા

ઈઝરાયેલના પેલેસ્ટીની નાગરિકોનું પ્રતિનિધિત્વ કરતા ગઠબંધનના નેતાનું કહેવું છે કે તેમની આ પસંદગી 'જોઈન્ટ લિસ્ટ' માટે એક 'વાજબી સિદ્ધિ' છે

(એજન્સી) તા.૨૧

ઈઝરાયેલની સંસદના આરબ સભ્ય અને 'જોઈન્ટ લિસ્ટ' ગઠબંધનના અધ્યક્ષ અહમદ તિબી નેસેટના ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટાયા છે. તિબીએ સોમવારે અલ જઝીરાને જણાવ્યું કે, "આ 'જોઈન્ટ લિસ્ટ' માટે એક વાજબી સિદ્ધિ છે, જેણે ૨૩ ઓક્ટોબરની ચૂંટણીમાં ૧૧ બેઠકો મેળવી હતી." તેમણે વધુમાં કહ્યું કે વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુનો 'લિકુડ' (Likud) પક્ષ અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામર બેન-ગવીરે "મારી પસંદગીને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમના બેજવાબદાર ઉશ્કેરણીજનક પ્રયાસો છતાં તેઓ નિષ્ફળ ગયા. 'જોઈન્ટ લિસ્ટ'નું પ્રતિનિધિત્વ તમામ સમિતિઓમાં રહેશે." સોમવારે નેસેટના અન્ય સભ્યો દ્વારા ચૂંટાયેલા અહમદ તિબી 'તાલ' (Ta'al) પક્ષના નેતા છે, જે 'જોઈન્ટ લિસ્ટ'નો એક ભાગ છે. ઈઝરાયેલના પેલેસ્ટીની નાગરિકોનું પ્રતિનિધિત્વ કરતા જૂથો - 'જોઈન્ટ લિસ્ટ' અને 'યુનાઈટેડ આરબ લિસ્ટ' (રામ - Ra'am) - એ ગયા મહિને યોજાયેલી ચૂંટણીમાં ઐતિહાસિક સફળતા મેળવી હતી અને ૧૨૦ સભ્યોની સંસદમાં કુલ ૧૯ બેઠકો હાંસલ કરી હતી. રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે આ મહિને ગાડી આઈઝેનકોટને આગામી સરકાર રચવાની જવાબદારી સોંપ્યા બાદ, આ જૂથે તેમને સમર્થન આપ્યું છે. પેલેસ્ટીની-નેતૃત્વ ધરાવતા પક્ષો હવે તેમના વધેલા પ્રતિનિધિત્વનો ઉપયોગ ભેદભાવ અને તેમના સમુદાય સામેના અન્ય મુદ્દાઓને ઉકેલવા પર કેન્દ્રિત કરી રહ્યા છે. રવિવારે તિબીએ નેતાન્યાહુ અને તેમના સહયોગીઓ સામે ફોજદારી તપાસની માંગ કરી હતી. તેમણે તેમના પર "માફિયા-શૈલીનું વર્તન" કરવાનો આરોપ લગાવ્યો, જે એક તપાસલક્ષી મીડિયા અહેવાલ બાદ કરવામાં આવ્યો છે; આ અહેવાલમાં તેમના પર સંસદીય ચૂંટણીઓમાં હસ્તક્ષેપ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઈઝરાયેલના 'ચેનલ ૧૨' પ્રસારણકર્તાના જણાવ્યા અનુસાર, નેસેટ (ઈઝરાયેલની સંસદ) ચૂંટણી પહેલાં, નેતાન્યાહુના ચીફ ઓફ સ્ટાફ, ઈડી નોર્ડને પોલીસ કમિશનરની કચેરીનો સંપર્ક કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે દક્ષિણ ઈઝરાયેલમાં 'રામ' (Ra'am) પક્ષના ત્રણ કાર્યકરો મોટી રોકડ રકમ અને વાઉચરો સાથે ફરી રહ્યા છે, જેનો હેતુ મતદારોને પ્રભાવિત કરવાનો હતો. અહેવાલમાં જણાવાયું છે કે, પોલીસે વડાપ્રધાન કાર્યાલયના પૂર્વ કર્મચારી એવા એક ગુપ્તચર સ્ત્રોત પાસેથી મળેલી



માહિતીના આધારે આ કાર્યકરોની ધરપકડ કરી હતી. પોલીસે તેમના ઘરો પર દરોડા પાડ્યા હતા, પરંતુ તે સમયે તેમની પાસે સર્ચ વોરંટ કે ધરપકડ વોરંટ નહોતા. તિબીએ 'X' (ટ્વિટર) પર કહ્યું, "કોઈ પણ કાયદાથી ઉપર નથી, નેતાન્યાહુ પણ નહીં." તિબી સૌપ્રથમ ૧૯૯૯માં નેસેટમાં ચૂંટાયા હતા અને અગાઉ ૨૦૦૬થી ૨૦૨૨ સુધી તેના ડેપ્યુટી સ્પીકર (ઉપાધ્યક્ષ) તરીકે સેવા આપી હતી. ઘણા આરબ પ્રતિનિધિઓએ નેસેટના ડેપ્યુટી સ્પીકર તરીકે સેવા આપી છે. 'રામ' પક્ષના નેતા મન્સૂર અબ્બાસે ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન આ પદ સંભાળ્યું હતું. 'હદાશ' (Hadash) પક્ષના પૂર્વ નેતા મોહમ્મદ બરાકેહની ૨૦૦૩માં આ પદ પર નિમણૂક કરવામાં આવી હતી. અન્ય આરબ ડેપ્યુટી સ્પીકરોમાં 'રામ' પક્ષના પૂર્વ ધારાસભ્ય અબ્દુલમલિક દેહમશે અને નવાફ મસાલહાનો સમાવેશ થાય છે. નવાફ મસાલહા ૧૯૮૮માં નેસેટમાં નિયુક્ત થનારા પ્રથમ મુસ્લિમ હતા.

NOV-22-29 | DEC 06-13-29 | JAN 02-12-19
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ ટ્રેન દ્વારા
કાશ્મીર 19,500/-
JAN 22 | MAR 12
કેરાલા 22,500/-
ઠેક્કડી - મુન્નાર - કન્યાકુમારી
ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ ચાસીન ઠિસોરા
M: 997 40 40 880 | 9909029072 SRINAGAR: 8492938350
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ

સંયુક્ત રાષ્ટ્રમાં ૧૯૨ દેશોએ પેલેસ્ટીનીઓના આત્મનિર્ણયના અધિકારનું સમર્થન કર્યું

૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સના ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે પેલેસ્ટીન અંગે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના કટોકટીપૂર્ણ વિશેષ સત્રના પ્રથમ દિવસે સભાખંડનું દૃશ્ય

(એજન્સી) તા.૨૧

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની એક સમિતિએ ગુરુવારે પેલેસ્ટીની લોકોના આત્મનિર્ણય અને સ્વતંત્રતાના અધિકારને સમર્થન આપતો એક પ્રસ્તાવ પસાર કર્યો. આ પ્રસ્તાવના સમર્થનમાં ૧૯૨ દેશોએ મત આપ્યો, જ્યારે આઠ દેશોએ વિરોધ કર્યો અને આઠ દેશો મતદાનથી દૂર રહ્યા. આ મતદાન મહાસભાની ત્રીજી સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું, જે માનવ અધિકારો અને માનવીય બાબતો સાથે સંકળાયેલી છે. આ સમિતિએ પેલેસ્ટીનીઓના આત્મનિર્ણયના અધિકાર અંગેના વાર્ષિક પ્રસ્તાવ પર મતદાન યોજ્યું હતું. આ પ્રસ્તાવ પેલેસ્ટીની લોકોના સ્વતંત્રતાના અને તેમની માતૃભૂમિમાં ઈઝરાયેલી કબજાથી મુક્ત રહીને સ્વતંત્ર રીતે જીવવાના અવિભાજ્ય અધિકારની પુષ્ટિ કરે છે. તેમાં ભાર મૂકવામાં આવ્યો છે કે આ અધિકાર બિનશરતી છે અને તેને જતો કરી શકાતો નથી, તેના પર વાટાઘાટો થઈ શકતી નથી કે તેના અંગે કોઈ સમાધાન પણ થઈ શકતું નથી. પેલેસ્ટીની સમાચાર એજન્સી 'વાફા' (WAFA) અનુસાર, સમર્થનમાં મત આપનારા દેશોમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુરોપિયન યુનિયનના તમામ સભ્ય દેશો અને દક્ષિણ અમેરિકા, એશિયા તથા આફ્રિકાના મોટાભાગના દેશોનો સમાવેશ થાય છે. વિરોધમાં મત આપનારા આઠ દેશોમાં યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયેલ, આર્જેન્ટિના, પેરાગ્વે, માઈક્રોનેશિયા, નૌરુ, પાપુઆ ન્યુ ગિની અને પલાઉનો સમાવેશ થાય છે. અન્ય આઠ દેશોએ મતદાનમાં ભાગ લીધો ન



હતો (તટસ્થ રહ્યા હતા). આ પ્રસ્તાવ આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ)ના સલાહકારી અભિપ્રાય પર આધારિત છે. ICJએ પેલેસ્ટીની પ્રદેશો પર ઈઝરાયેલના સતત કબજાને ગેરકાયદેસર ઠેરવ્યો હતો અને તેને તાત્કાલિક સમાપ્ત કરવા માટે આહ્વાન કર્યું હતું. અદાલતે આ કબજાને પેલેસ્ટીની લોકો દ્વારા તેમના આત્મનિર્ણયના અધિકારના ઉપયોગમાં અવરોધરૂપ ગણાવ્યો હતો.

ટ્રમ્પના શાંતિ બોર્ડે ગાઝા યોજનામાં વિલંબ માટે ઈઝરાયેલને દોષી ઠેરવ્યું

જોશ ગ્રુએનબૌમ ચેતવણી આપે છે કે જો ઈઝરાયેલ તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો ગાઝાની પુનઃપ્રાપ્તિ યુએનને પાછી સોંપી શકાય છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧

ઈઝરાયેલી ન્યૂઝ આઉટલેટ Ynetને ટાંકીને ડ્રોપ સાઈટ ન્યૂઝ દ્વારા અહેવાલ કરાયેલ ગુપ્ત બ્રીફિંગ અનુસાર, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શાંતિ બોર્ડે ગાઝા શાંતિ યોજનામાં વિલંબ માટે ઈઝરાયેલને દોષી ઠેરવ્યું છે અને કહ્યું છે કે વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહૂની સરકાર તેના અમલીકરણ માટે જરૂરી પગલાં લેવામાં નિષ્ફળ ગઈ છે. નવેમ્બર ૨૦૨૬ના બ્રીફિંગમાં કહેવામાં આવ્યું છે કે હમાસે જુલાઈમાં શાંતિ બોર્ડના રોડમેપને ઔપચારિક રીતે સ્વીકાર્યો હતો, તેના શસ્ત્રો છોડી દેવા અને યુદ્ધવિરામ યોજના હેઠળ સ્થાપિત પેલેસ્ટિનિયન ટેક્નોક્રેટિક સંસ્થા, નેશનલ કમિટી ફોર ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ગાઝા (NCAG)ને શાસન સત્તા ટ્રાન્સફર કરવા સંમત થયા હતા. જો કે, બોર્ડ કહે છે કે ઈઝરાયેલે સમાંતર પ્રતિબદ્ધતાઓ કરવાનો ઈન્કાર કર્યો છે, જેના કારણે હમાસની સ્વીકૃતિ પરીક્ષણ વગર રહી છે. "અમલ કરવાનો સમય હવે છે," દસ્તાવેજ જણાવે છે અને ચેતવણી આપે છે કે વિલંબ યોજનાના અમલીકરણમાં નિષ્ફળતાના ખર્ચમાં વધારો કરી શકે છે. શાંતિ બોર્ડના સલાહકાર જોશ ગ્રુએનબૌમે Ynetને જણાવ્યું હતું કે નેતાન્યાહૂની સરકારમાં રાજકીય તત્વોના કારણે પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે. તેમણે કહ્યું કે ઈઝરાયેલ નેતાન્યાહૂએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આપેલા વચનો પર આગળ વધવામાં નિષ્ફળ ગયું છે. જો આ રાજકીય નેતૃત્વ કહે છે કે તે હવે તેઓએ જે પ્રતિબદ્ધતા દર્શાવી છે તેનું સન્માન કરવા માંગતું નથી, તો ફક્ત અમને જણાવો. અને અમે ચાવીઓ યુએનને પાછી ફેંકીશું, "ગ્રુએનબૌમે કહ્યું. બ્રિફિંગમાં યોજનાને આગળ વધારવા માટે ઈઝરાયેલે લેવાના ચાર પગલાં જણાવવામાં આવ્યા છે. આમાં ગાઝામાં કાર્યરત થવા માટે ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ (ISF)ને અધિકૃત કરવા માટેના કરાર પર હસ્તાક્ષર, પેલેસ્ટીની સિવિલ ગાર્ડ ભરતીઓના પ્રથમ જૂથને તાલીમ માટે ઈજિપ્ત જવાની મંજૂરી અને શિયાળા પહેલા પાણી અને સ્વચ્છતા વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપવાનો સમાવેશ થાય છે. બોર્ડ કહે છે કે ગાઝર્સનું પ્રથમ જૂથ ફેબ્રુઆરીના મધ્ય સુધીમાં તેનાત માટે તૈયાર હોવું જોઈએ. તે ઈઝરાયેલને NCAG વહીવટ હેઠળ રફાહમાં ટ્રાયલ નિઃશસ્ત્રીકરણ કાર્યક્રમને મંજૂરી આપવાનું પણ આહ્વાન કરે છે. પાયલોટ હમાસની શસ્ત્રો સોંપવાની તૈયારીનું પરીક્ષણ કરશે. બ્રીફિંગમાં કહેવામાં આવ્યું છે કે શાંતિ યોજનાના તમામ ૨૦ મુદ્દાઓને પક્ષકારોને ફક્ત ચોક્કસ પગલાં પસંદ કરવાની મંજૂરી આપવાને બદલે અપનાવવા જોઈએ. પ્રસ્તાવિત સુરક્ષા વ્યવસ્થા હેઠળ, ISFનું નેતૃત્વ યુએસ મેજર જનરલ જેસ્પર જેફર્સ કરશે અને ભાગીદાર દેશોના સૈનિકો દ્વારા સમર્થન આપવામાં આવશે. આ દળ ગાઝા ક્ષેત્રને ક્ષેત્રવાર સુરક્ષિત કરશે, જેમાં દરેક તબક્કામાં વિસ્તારને અલગ પાડવો, દળોની તૈનાતી, શસ્ત્રો દૂર કરવા અને NCAG



તેનું વહીવટ સંભાળે તે પહેલાં ચકાસણીનો સમાવેશ થાય છે. આ બ્રીફિંગ સપ્ટેમ્બરમાં જાહેર કરાયેલા છ મહિનાના પુનઃપ્રાપ્તિ કાર્યક્રમનો પણ ઉલ્લેખ કરે છે. તે શાસન, માનવતાવાદી સહાય, સુરક્ષા અને કાયદાનું શાસન, માળખાગત સુવિધાઓ અને પુનર્નિર્માણને આવરી લે છે. ભંડોળ અંગે, પ્રેઝન્ટેશનમાં કહેવામાં આવ્યું છે કે અત્યાર સુધીમાં USD ૨૮૦ મિલિયન એકત્ર કરવામાં આવ્યા છે, જે આગામી અઠવાડિયામાં વધુ અપેક્ષા રાખવામાં આવશે. તેમાં સભ્ય દેશો તરફથી તાજેતરમાં મંગાવવામાં આવેલા ૫૦૦ મિલિયન ડોલરના વધારાના મૂડી, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક ભાગીદારો દ્વારા વચન આપવામાં આવેલા ૧૮ અબજ ડોલર અને NCAG સાથે સંકલિત યુરોપિયન યુનિયનના પ્રારંભિક પુનઃપ્રાપ્તિ ભંડોળમાં લગભગ ૧ અબજ ડોલરનો પણ સમાવેશ થાય છે. આ આંકડાઓનો અર્થ એ નથી કે બધા પૈસા પહેલાથી જ પ્રાપ્ત થઈ ગયા છે અથવા ખર્ચ થઈ ગયા છે. બોર્ડ ચેતવણી આપે છે કે સતત વિલંબ ઈઝરાયેલના રાજદ્વારી અલગતાને વધુ તીવ્ર બનાવી શકે છે, પ્રતિબંધો ઝુંબેશોને પ્રોત્સાહન આપી શકે છે અને ભવિષ્યના યુએસ વહીવટ હેઠળ વોશિંગ્ટનમાં તેના સમર્થનને નબળું પાડી શકે છે. તે એમ પણ કહે છે કે સુરક્ષા પરિષદ ઠરાવ ૨૮૦૩ હેઠળ યુએનના આદેશના વિસ્તરણને સુરક્ષિત કરવા માટે દૃશ્યમાન પ્રગતિની જરૂર છે, જે શાંતિ બોર્ડ અને ISFને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૭ સુધી અધિકૃત કરે છે, સિવાય કે સુરક્ષા પરિષદ તેને લંબાવશે. જો શાંતિ બોર્ડ પ્રગતિ ન કરી શકે તો પ્રેઝન્ટેશન ઘણા સંભવિત વિકલ્પો ઓળખે છે. આમાં ગાઝાની પુનઃપ્રાપ્તિ ભવિષ્યના યુએસ વહીવટ અને કોંગ્રેસ, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, સંભવિત UNRWA, પેલેસ્ટિનિયન ઓથોરિટી અથવા હમાસને સોંપવાનો સમાવેશ થાય છે. તે ચેતવણી પણ આપે છે કે ઈઝરાયલ ગાઝાના માનવતાવાદી, વહીવટી અને અન્ય ખર્ચ માટે સંપૂર્ણપણે જવાબદાર બની શકે છે.

ઈરાન સાથેના યુદ્ધને કારણે અમેરિકામાં દારૂગોળાની અછત વધુ ગંભીર બની છે : વ્હાઈટ હાઉસનો સ્વીકાર

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ, યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિના નિર્દેશ પર, યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) દ્વારા ફ્લોરિડાના ટેમ્પા ખાતે 'ઓપરેશન એપિક ફ્યુરી' શરૂ કરવામાં આવ્યું

(એજન્સી) તા.૨૧

'ધ વોશિંગ્ટન પોસ્ટ'ના અહેવાલ મુજબ, વ્હાઈટ હાઉસના એક પ્રવક્તાએ જણાવ્યું છે કે ટ્રમ્પ વહીવટીતંત્રના મતે ઈરાન સાથેના યુદ્ધને કારણે દારૂગોળાની અછત વધુ વકરી છે, જ્યારે પેન્ટાગોન પાસે પોતાના ભંડારને ફરીથી ભરવા માટે કોઈ વ્યાપક યોજના નથી. પ્રવક્તાએ કહ્યું કે, ઈરાન સાથેના યુદ્ધે પેન્ટાગોનના શસ્ત્રાગારમાં રહેલી મહત્વપૂર્ણ દારૂગોળાની "કાયમી" અછતને દૂર કરવાના મુદ્દાને વધુ મહત્વપૂર્ણ બનાવી દીધો છે. તેમણે ઉમેર્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ પાસે વિશ્વનું સૌથી સક્ષમ સૈન્ય છે, જે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પસંદ કરવામાં આવેલા કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે હુમલો કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. તેમણે કહ્યું કે, યુ.એસ. સૈન્ય પાસે "રાષ્ટ્રપતિ ટ્રમ્પના તમામ વ્યૂહાત્મક લક્ષ્યોને પૂરા કરવા માટે - અને તેનાથી પણ આગળ - પૂરતા પ્રમાણમાં દારૂગોળો અને અન્ય સામગ્રીનો ભંડાર ઉપલબ્ધ છે." આ પહેલાં, 'ન્યૂઝમેક્સ' (Newsmax)એ 'ગવર્નમેન્ટ એકાઉન્ટેબિલિટી ઓફિસ' (GAO)ના એક અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, "ઈરાન સાથેના યુદ્ધને કારણે દારૂગોળાની અછત વધુ તાકીદની બની હોવા છતાં, પેન્ટાગોન પાસે પોતાના દારૂગોળા અને મિસાઈલના ભંડારને ફરીથી ભરવા માટે કોઈ વ્યાપક યોજના નથી." આ અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, "જોકે



સંરક્ષણ વિભાગે મહત્વપૂર્ણ શસ્ત્રોનું ઉત્પાદન વધારવા માટે પગલાં લીધાં છે, પરંતુ તેઓ શસ્ત્રોની ખરીદી અને તેના પર થતા ખર્ચને સૈન્યની જરૂરિયાતો સાથે જોડતી કોઈ સર્વગ્રાહી વ્યૂહરચના બનાવવામાં નિષ્ફળ રહ્યા છે."

ઈરાન કહે છે કે તેણે હોર્મુઝ ઉપર યુએસ ડ્રોનને તોડી પાડ્યા છે કારણ કે યુદ્ધ સમાપ્ત કરવાનો પ્રયાસ હજુ પણ અટકી ગયો છે

ઈરાનના વિદેશ પ્રધાને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેની શરતોનો પુનરોચ્ચાર કર્યો છે, કારણ કે યુએસે 'તેલ ટ્રસ્ટી' તરીકે કામ કરતા ચાર ઈરાનીઓ પર પ્રતિબંધો લાદ્યા છે

(એજન્સી) તા.૨૧

ઈરાની દળો કહે છે કે તેમણે હોર્મુઝ સ્ટ્રેટ પર બે યુએસ ડ્રોનને તોડી પાડ્યા છે, કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સ ઈરાન સામે તેના આર્થિક દબાણ અભિયાનને વધુ મજબૂત બનાવી રહ્યું છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ શનિવારે જણાવ્યું હતું કે એક નવી હવાઈ સંરક્ષણ પ્રણાલીએ MQ-9 ડ્રોનને અટકાવી અને તોડી પાડ્યું છે, ઈરાનના રાજ્ય પ્રસારણકર્તા IRIB અનુસાર. તેમાં કહેવામાં આવ્યું છે કે લગભગ નવ મહિના પહેલા યુદ્ધ શરૂ થયા પછી ઈરાની દળો દ્વારા તોડી પાડવામાં આવેલ આ ૫૮મો ડ્રોન છે. બાદમાં શનિવારે, IRGC એ પણ દાવો કર્યો હતો કે તેમણે હોર્મુઝ સ્ટ્રેટમાં કેશ્મ ટાપુ પર MQ-1 ડ્રોન તોડી પાડ્યું છે, જે આ પ્રકારનું ૧૯મું ડ્રોન છે. યુએસ સૈન્ય દ્વારા તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. આ ઘટનાઓ અમેરિકા અને ઈરાન દ્વારા સીધા, સમાન-બદલા હુમલાઓમાં રોકાયેલા હોવાના થોડા દિવસો પછી આવી છે, જે હોર્મુઝ સ્ટ્રેટમાં પરિવહન કરતા જહાજો પર વધતા ઈરાની હુમલાઓની પૃષ્ઠભૂમિ સામે છે, જે મહત્વપૂર્ણ જળમાર્ગ છે જેના દ્વારા વિશ્વનો પાંચમો તેલ અને ગેસ શાંતિકાળમાં પસાર થાય છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા શરૂ કરાયેલા આ યુદ્ધમાં હજારો લોકો માર્યા ગયા છે અને શિપિંગમાં ભારે વિક્ષેપ પડ્યો છે, જેના કારણે વૈશ્વિક ઉર્જાના ભાવમાં વધારો થયો છે અને તે સમગ્ર પ્રદેશના દેશોમાં ફેલાઈ ગયો છે. યુએસ અને ઈરાને જૂનમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટમાં નેવિગેશનની સ્વતંત્રતા અને સુરક્ષા અંગેના મતભેદોને કારણે તેનો ક્યારેય સંપૂર્ણ અમલ થયો ન હતો, જુલાઈથી સમયાંતરે હુમલાઓ ફરી શરૂ થયા હતા. ઓગસ્ટમાં, ધ વોશિંગ્ટન પોસ્ટે અહેવાલ આપ્યો હતો કે



ઈરાનમાં લડાઈ કામગીરી દરમિયાન અમેરિકાએ ૪૫ MQ-૯ ડ્રોન, અથવા તેના કાફલાના લગભગ ૨૫ ટકા ગુમાવ્યા હતા, જેની કિંમત $૧.૩ બિલિયનથી વધુ હતી. યુદ્ધ હજુ પણ અગમ્ય છે, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ શુક્રવારે સપ્ટેમ્બરમાં અમેરિકાને સોંપવામાં આવેલા સાત દિવસના પ્રસ્તાવને ટાંકીને અમેરિકા સાથે વાટાઘાટો પર તેમના દેશની સ્થિતિની રૂપરેખા આપી હતી. રાજ્ય મીડિયા સાથેની એક મુલાકાતમાં, અરાઘચીએ કહ્યું હતું કે ઈરાને જે સાત શરતો મૂકી છે તે "હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે અમલમાં મૂકવી આવશ્યક છે". શરતોમાં યુદ્ધનો અંત અને પ્રતિબંધો હટાવવા અને ઈરાનના દક્ષિણ બંદરો પર નોકાદળ નાકાબંધીનો સમાવેશ થાય છે. અરાઘચીએ કહ્યું કે ઈરાન શરતો કેવી રીતે લાગુ કરવી તે અંગે વાટાઘાટો કરવા તૈયાર છે, એમ કહીને કે તેનું સમયપત્રક "લવચીક" છે. તેમણે ઉમેર્યું કે વાટાઘાટો "અમેરિકન પક્ષ દ્વારા જરૂરી વિશ્વાસ નિર્માણના પગલાં લેવા પર શરતી" હશે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓમાન નજીક ૫૦ મિનિટના ગાળામાં બે ટેન્કરો પર હુમલા

ઈરાન સાથેના સંઘર્ષ બાદ હોરમુઝની સામુદ્રધુનીમાંથી થતી જહાજી અવરજવરમાં વિક્ષેપ સર્જાયો છે, તેવા સમયે આ હુમલા થયા છે

(એજન્સી) તા.૨૧

યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) અનુસાર, શનિવાર, ૨૧ નવેમ્બરના રોજ હોરમુઝની સામુદ્રધુનીમાં ઓમાન નજીક બનેલી અલગ-અલગ ઘટનાઓમાં બે ટેકરો પર અજાણી વસ્તુઓ (projectiles) દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. UKMTOએ 'X' (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેમને ઓમાનના ખાસાબથી લગભગ ૧૧ નોટિકલ માઈલ ઉત્તરે એક ટેકર સાથે સંકળાયેલી ઘટના અંગે અહેવાલ મળ્યો છે. હોરમુઝની સામુદ્રધુનીમાંથી બહારની તરફ જઈ રહેલા આ જહાજના પાછળના ભાગે (stern) સવારે ૦૫:૦૦ UTC વાગ્યે કોઈ અજાણી વસ્તુ અથડાઈ હતી. ત્યારબાદ ૫૦ મિનિટ પછી બનેલી બીજી ઘટનામાં, ખાસાબથી લગભગ ૧૭ નોટિકલ માઈલ પૂર્વમાં અન્ય એક ટેકરના એન્જિન રૂમ પર હુમલો થયો હતો. આ જહાજ પણ આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી બહારની તરફ જઈ રહ્યું હતું. UKMTOના જણાવ્યા અનુસાર, બંને

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

એકજૂથ વિપક્ષ અને રાહુલ ગાંધીનો નવો અવતાર : રામલીલા મેદાનમાંથી મળતો સંદેશ

આશુતોષ લખે છે કે, જ્ઞાનેશ કુમારનું મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) તરીકે હોવું અને વિપક્ષ દ્વારા 'મત ચોરી'નો આરોપ -આ બંને બાબતો એકસાથે કેવી રીતે હોઈ શકે ?

રાહુલ ગાંધીની નવી આક્રમક ભૂમિકાએ તેમને એકજૂથ વિપક્ષના કેન્દ્રસ્થાને લાવી દીધા છે. તેમણે 'મત ચોરી' અને CEC જ્ઞાનેશ કુમારના ભવિષ્યને લઈને મોદી સરકારને દબાણમાં મૂકી દીધી છે. આશુતોષ આગળ પ્રશ્ન કરે છે : શું આ ટકરાવ ભારતની ચૂંટણી પ્રક્રિયા અંગે પુનર્વિચાર કરવા માટે મજબૂર કરશે ?

રામલીલા મેદાનમાં વિપક્ષે જે રીતે પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું છે, તે પછી સરકાર ચિંતિત નથી તેમ કહેવું ખોટું ગણાશે. એવું ચોક્કસ કહી શકાય કે આજે મોદી સરકાર અને સંઘ પરિવાર ભારે દબાણ હેઠળ છે - અને તેઓ આ સંકટમાંથી બહાર નીકળવાના રસ્તા શોધી રહ્યા હશે. આ વાતની પુષ્ટિ એ હકીકતથી થાય છે કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ અમિત શાહ અને પક્ષના પ્રમુખ નીતિન નબીન સહિતના પોતાના વરિષ્ઠ નેતાઓ દ્વારા 'પદયાત્રા' શરૂ કરાવી છે.

મેં ક્યારેય સત્તાધારી પક્ષને વિપક્ષનો સામનો કરવા માટે વિરોધ પ્રદર્શનો કે દેખાવોનો સહારો લેતા જોયો નથી. આ પોતે જ સાબિત કરે છે કે, સરકાર અત્યંત અસ્વસ્થ અને પરેશાન છે.

આ એ જ સરકાર છે જેને ૨૦૧૪થી સંપૂર્ણ છૂટ મળી હતી. અવારનવાર એવું કહેવામાં આવતું હતું કે અન્ય કોઈ સરકારને આટલો નબળો વિપક્ષ મળ્યો નથી. કોંગ્રેસ સંપૂર્ણપણે વિખેરાઈ ગઈ હતી અને પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી હતી. અન્ય પ્રાદેશિક પક્ષો કાં તો સરકારી એજન્સીઓના બેફામ ઉપયોગને કારણે નમતું જોખી ચૂક્યા હતા અથવા તો સત્તાધારી શાસનની તાકાત સામે ઊભા રહેવાની તેમનામાં હિંમત જ નહોતી.

ઘણા વિપક્ષી પક્ષોએ પોતાના અસ્તિત્વને બચાવવા માટે ભાજપની તરફેણમાં રહેવાનું પસંદ કર્યું; અને જેમણે ભાજપ સામે લડવાનું નક્કી કર્યું, તેઓ કાં તો 'ઓપરેશન લોટસ'ને કારણે સાવ નબળા પડી ગયા અથવા તો અનેક ટુકડાઓમાં વહેંચાઈ ગયા.

રામલીલા મેદાન રેલી : રાહુલ ગાંધીની યોજના શું છે ? દિવાળી પછી મોટા ધડાકાની અપેક્ષા રાખો.

વિપક્ષની બદલાતી દિશા

રાહુલ ગાંધી પણ આમાંથી બાકાત નહોતા. સરકાર અને તેના માધ્યમ સાથીદારોએ તેમની છબીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. તેમની સાથે જોડાવું એ એક રીતે 'ફેશનની બહાર' (અપ્રચલિત) ગણાતું હતું. તેમના વિશે કંઈક સારું લખવા માટે કોઈ પણ વ્યક્તિ જોખમ ઉઠાવવા તૈયાર નહોતી. તેમને મળેલી એકમાત્ર 'લાયકાત'એ હતી કે તેઓ નેહરુ-ગાંધી પરિવારના સભ્ય હતા પરંતુ આજે એ જ રાહુલ ગાંધી વિપક્ષી છાવણીમાં મુખ્ય સ્થાને પહોંચી ગયા છે અને વડાપ્રધાન માટે એક ગંભીર અને કદાચ ખતરનાક - પડકાર બનીને ઊભરી આવ્યા છે. આ કોઈ ચમત્કારથી ઓછું નથી.

આજે તેઓ એવા તમામ લોકો માટે આશાનું કિરણ છે જેઓ એ વિચારીને ચિંતિત છે કે ભારતનું લોકશાહી તંત્ર ઝડપથી સરમુખત્યારશાહી તરફ સરકી રહ્યું છે અને બંધારણ સામે ગંભીર જોખમો ઊભા થયા છે. હવે તો રાહુલ ગાંધીના ટીકાકારો પણ સ્વીકારે છે કે, તેઓ એકમાત્ર એવા નેતા છે જે વડાપ્રધાનને કઠિન પ્રશ્નો પૂછે છે અને સત્તાધારી પક્ષ પાસે જવાબદારીની માંગ કરે છે.

મોદી સરકાર અત્યંત પરેશાન છે કારણ કે, તેમને સમજાતું નથી કે રાહુલ ગાંધી સાથે કેવી રીતે કામ પાર પાડવું. તેઓ એટલા નિર્ભય છે કે અન્ય લોકો પણ તેમનાથી ખૂબ પ્રેરિત થયા છે. દાયકાઓ સુધી નિષ્ક્રિય રહેલા પક્ષમાં અચાનક નવી ચેતનાનો સંચાર થયો છે. લાંબા સમય પછી કોંગ્રેસના કાર્યકરોને એવો નેતા મળ્યો છે જે પોલીસ સાથે લડતા ડરતો નથી અને પોલીસના બેરિકેડ્સ કૂદીને આગળ વધી જાય છે. તેઓ હવે માત્ર 'આરામખુરશી પર બેસીને રાજનીતિ કરનારા' નેતા નથી રહ્યા.

તેમના વિચારો પ્રત્યેની આ દૃઢતા અને હિંમતે જ વિપક્ષના એ નેતાઓને - જેઓ ભૂતકાળમાં રાહુલ ગાંધીને ગંભીરતાથી લેવા તૈયાર નહોતા - તેમના પ્રશંસકોમાં ફેરવી નાખ્યા છે અને હવે તેઓ સ્વેચ્છાએ તેમને 'વિપક્ષના નેતા' તરીકે સ્વીકારી રહ્યા છે.

એકજૂટ વિપક્ષ

રામલીલા મેદાનમાં સમગ્ર દેશે એકજૂટ વિપક્ષને જોયો. મમતા બેનરજી હોય કે અખિલેશ યાદવ - જે નેતાઓ અગાઉ રાહુલ ગાંધી અને તેમની ક્ષમતાઓ વિશે નકારાત્મક અભિપ્રાય ધરાવતા હતા, તેઓ પણ હવે તેમની પાછળ રહીને (ગૌણ ભૂમિકા સ્વીકારીને) કામ કરવામાં ખુશી અનુભવી રહ્યા છે. કોંગ્રેસ અને રાહુલ ગાંધી માટે આ કોઈ નાની સિદ્ધિ નથી - આજે તેઓ વિપક્ષી એકતાના મુખ્ય આધારસ્તંભ બની ગયા છે.

હું જાણું છું કે, ભવિષ્યમાં ડોકિયું કરીને ૨૦૨૯માં મોદી સરકારના પતન વિશે આગાહી કરવી યોગ્ય નથી પરંતુ એક વાત ચોક્કસ છે કે, આગામી ચૂંટણીઓમાં ભાજપ માટે રસ્તો સરળ નહીં હોય. ૨૦૨૪ પછી દુનિયા બદલાઈ ગઈ છે અને ગંગા-યમુનામાં ઘણું પાણી વહી ગયું છે (ઘણો સમય વીતી ગયો છે અને પરિસ્થિતિઓ ઘણી બદલાઈ ગઈ છે). વર્ષ ૨૦૨૪માં ચૂંટણી પ્રક્રિયા અંગે આશંકાઓ હતી અને ચૂંટણી પંચ (EC)ની સ્વતંત્રતા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા પરંતુ હવે ખુલ્લેઆમ કહેવામાં આવી રહ્યું છે કે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)ની મદદથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં હેરાફેરી કરવામાં આવી છે. હવે વિરોધ પક્ષના દરેક નેતાને ખાતરી થઈ ગઈ છે કે ચૂંટણી હવે મુક્ત અને નિષ્પક્ષ રહી નથી. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલે સ્થિતિ સંપૂર્ણપણે બદલી નાખી છે અને આજે સમાજના એક મોટા વર્ગની નજરમાં CEC જ્ઞાનેશ કુમાર એક ખલનાયક બની ગયા છે.

હવે મુખ્ય પ્રશ્ન એ છે કે, સરકાર ક્યાં સુધી જ્ઞાનેશ કુમારનો બચાવ કરતી રહેશે ? કારણ કે, જ્ઞાનેશ કુમાર 'નિર્વાચન સદન' (ચૂંટણી પંચના મુખ્યાલય)માં જેટલો સમય વિતાવે છે, તે સીધી રીતે સરકારની વિશ્વસનીયતામાં ઘટાડો કરે છે. સરકાર જેટલો લાંબો સમય તેમનો બચાવ કરશે, તેટલી જ તેની પોતાની કાયદેસરતા (legitimacy) વધુ જોખમાતી જશે.

મોદી સરકાર શા માટે 'મત ચોરી'ના વિરોધ પ્રદર્શનોને 'સત્તા પરિવર્તન'ના ષડયંત્રમાં ફેરવી રહી છે ?

જ્ઞાનેશ કુમારને લઈને મૂંઝવણ

સરકાર એક જાળમાં ફસાઈ ગઈ છે. જો તે જ્ઞાનેશ કુમારને હટાવવાનો નિર્ણય લે છે, તો તેનાથી વિરોધ પક્ષને વડાપ્રધાન પર સીધો હુમલો કરવાની તક મળી જશે. અત્યાર સુધી મુખ્ય લક્ષ્ય CEC (મુખ્ય ચૂંટણી કમિશનર) છે; સરકાર પરનો હુમલો તો આડકતરો છે પરંતુ જો તેઓ (CEC) પદ પરથી હટી જાય, તો વડાપ્રધાન મોદી પણ સુરક્ષિત નહીં રહે. રાહુલ ગાંધીએ અગાઉ જ કહ્યું છે કે, જો વિપક્ષ સત્તામાં આવશે, તો વડાપ્રધાન મોદી અને અમિત શાહની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે.

જો જ્ઞાનેશ કુમાર પોતાના પદ પર યથાવત રહે છે, તો લોકોના મનમાં ચૂંટણીની વિશ્વસનીયતા અંગેની શંકા વધુ ઘેરી બનશે. આનાથી વિપક્ષનો એ તર્ક વધુ મજબૂત થશે કે આ બંને (સરકાર અને ચૂંટણી પંચના અધિકારી) વચ્ચે સાંઠગાંઠ છે. તેથી વહેલા કે મોડા સરકારે આ સમસ્યામાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવો જ પડશે; તેમણે કોઈ નિર્ણય લેવો જ પડશે. આ સ્થિતિ લાંબો સમય ચાલી શકે તેમ નથી. તે રાજકીય રીતે સરકાર અને ભાજપની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહી છે.

વિપક્ષે પણ કઠોર નિર્ણય લેવા માટે તૈયાર રહેવું જોઈએ. જો સરકાર જ્ઞાનેશ કુમારને પદ પર જાળવી રાખે છે, તો વિપક્ષે નક્કી કરવું પડશે કે તેમણે ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવો કે નહીં. જો ચૂંટણી પંચમાં જ્ઞાનેશ કુમાર સર્વોચ્ચ સ્થાને હોવા છતાં વિપક્ષ ચૂંટણીમાં ભાગ લેવાનું પસંદ કરે છે, તો તેઓ એક હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાઈ જશે.

'મત ચોરી' (vote chori) અંગેનો તેમનો સમગ્ર પ્રચાર પોતાની ધાર ગુમાવી બેસશે અને તેમના પર એવો આરોપ પણ લાગી શકે છે કે તેમણે રાજકીય લાભ ખાટવા માટે એક બંધારણીય સંસ્થાની પ્રતિષ્ઠાને કલંકિત કરી છે.

ચૂંટણી પંચમાં જ્ઞાનેશ કુમારનું હોવું અને વિપક્ષ દ્વારા 'મત ચોરી'નો આરોપ લગાવવો - આ બંને બાબતો એકસાથે ન ચાલી શકે. આ કોઈ સરળ નિર્ણય નથી પરંતુ તે લેવો જ પડશે.

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે. સુપ્રીમ કોર્ટ 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) અને ચૂંટણી પંચની કામગીરી અંગેની વિવિધ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. કદાચ ઉચ્ચ ન્યાયતંત્ર દ્વારા કોઈ ઉકેલ મળી પણ જાય ! આવનારા દિવસોમાં દેશમાં નાટકીય ઘટનાઓ જોવા મળી શકે છે. ભારત અત્યારે એક નિર્ણાયક વળાંક પર છે અને ઇતિહાસ રચાઈ રહ્યો છે.

(લેખક એક પુસ્તક લેખક, કટારલેખક, 'સત્યહિન્દી.કોમ' (satyahindi.com)ના સહ-સ્થાપક અને 'આપ' (AAP)ના પૂર્વ પ્રવક્તા છે. તેઓ @ashutosh83B પર ટ્વીટ કરે છે. આ એક અભિપ્રાય લેખ છે અને ઉપર વ્યક્ત કરાયેલા વિચારો લેખકના પોતાના છે. 'ધ ક્વિન્ટ' (The Quint) તેનું સમર્થન કરતું નથી કે તેના માટે જવાબદાર પણ નથી.)

(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

જામનગરના રવાણી ખીજડિયાની સીમમાંથી બનાવટી ઘીની ફેક્ટરી ઝડપાઈ

વાડીમાં મશીનરીથી બનાવટી ઘી બનાવવાનું કારખાનું ધમધમતું હતું



(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૧

જામનગર જિલ્લાના રવાણી ખીજડિયા ગામની સીમમાં આવેલી એક વાડીમાં મશીનરીથી બનાવટી ઘી બનાવવાનું કારખાનું ઝડપાયું છે. દરોડામાં અંદાજે ૯૩૨ લીટર બનાવટી ઘી સહિત કુલ રૂા.૫,૭૭,૮૪૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક પિયુષ વાંદાના માર્ગદર્શન હેઠળ પંચકોષી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.એ. ઘાસુરા તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમીના આધારે પોલીસ ટીમે વાડીમાં દરોડો પાડતા મનસુખભાઈ દેશાભાઈ ખીમસુરિયા સ્થળ પર હાજર મળી આવ્યા હતા. ત્યાં મશીનરી દ્વારા બનાવટી ઘી બનાવવાની કામગીરી ચાલુ હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારી ડૉ. આર.જે. કોટડિયા સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે ઘીના નમૂના લઈ તપાસ માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

વાડીમાંથી ૨૦૦ મિલીના ૨,૧૬૦ ડબ્બા ભરેલા મળી આવ્યા હતા, જેના પર 'કે.ટી. બંધન કાઉસ ખ્યોર ઘી'ના સ્ટીકર લગાવવામાં આવ્યા હતા. આ જથ્થાને સ્થળ પર જ સીલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બાકીનો આશરે ૫૦૦ લીટર બનાવટી ઘીનો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર બનાવ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કચ્છ મુસ્લિમ યુવા કોર કમિટી દ્વારા માલધારીઓના હક માટે કચ્છ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરાયું

(સંવાદદાતા દ્વારા)

ભૂજ, તા.૨૧

કચ્છના માલધારીઓના હિતમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી દુષ્કાળ સહાય તાત્કાલિક ચૂકવવા, પશુદીઠ જાહેર થયેલી સબસિડી સીધી માલધારીઓના બેંક ખાતામાં જમા કરવા તેમજ ઘાસચારા અને પશુઆહારની યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી હતી.

આ રજૂઆતમાં મુસ્લિમ યુવા કોર કમિટીના સ્થાપક મોહસિન હિંગોરજા, યાકૂબભાઈ સુમરા, જુમ્મા ઈશા નોડે, હારૂન નોડે, મોહમદ ખલીફા, રમજુભાઈ રાયમા કાસમ નોડે કાસમ રમજાન કલાર (સાડરા), નૂહભાઈ (સાડરા), તરમહમદ જુસબ નોડે (મોટી દાદર), સિદ્દીક મીઠા (સાડરા), ઈદ્રિસ અબ્દુલા (નાની દાદર), ભિયા અહેમદ (ખારી), મજના અલી (મિસરીયાડા), ઝફર મુબીન (ઉદાઈ), હરિભાઈ પટેલ (કુંરિયા), સુલેમાન ઈસ્માઈલ (રાયસી ભિરંડિયારા), પઠાઈ સાવન (સરગુ), તરમહમદ (આંધાઉ) અને રાયબ હાજી અલી (લુડિયા).સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમણે જણાવ્યું હતું કે, માલધારીઓના હકો, અધિકારો અને ન્યાય માટે અમારી લડત સતત ચાલુ રહેશે.

વડોદરામાં તસ્કરોનો તરખાટ; પાંચ સ્થળોએથી ૩૩ લાખની મત્તાની ચોરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

શહેરમાં ઘરફોડ ચોરીઓ કરતી ગેંગ સામે પોલીસે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી હોવા છતાં ચોરો પર કોઈ અસર પડી હોય તેમ લાગતું નથી. ચોરીના વધુ પાંચ બનાવ બનતાં ચોરો રૂા.૩૦લાખ ઉપરાંતની મતા ચોરી ગયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કારેલીબાગના આનંદનગરમાં રહેતા જિગ્નેશ ઠક્કરે કહ્યું છે કે, તા.૧૮મીએ હું પાનને ગલ્લેથી રાત્રે અઢી વાગ્યે આવ્યો ત્યારે પરોઢિયે સવા પાંચેક વાગ્યે બાજુમાં રહેતા મારા ભાઈએ દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. તપાસ કરતાં ચોરો તાળું તોડીને કુલ ૧૨ તોલાના સોનાના દાગીના, રોકડા રૂા.૧.૬૦ લાખ અને ચાંદીના દાગીના મળી કુલ રૂા.૫.૯૦ લાખ (બજાર કિંમત આશરે રૂા.૧૭ લાખ) ઉઠાવી ગયા હતા. આવી જ રીતે ગોત્રીમાં મધર સ્કૂલ પાસે યોગેશ્વર જ્યોત સોસાયટીમાં રહેતા વિજયભાઈ કુમાવતના ઘરમાંથી તા.૧૮મીએ રાત્રે ત્રાટકેલા ચોરો સાડા નવ તોલા જેટલા સોનાના દાગીના અને ચાંદી મળી રૂા.૧.૫૭ લાખ (બજાર કિંમત રૂા.૧૨ લાખથી વધુ)ની મતા ચોરી ગયા હતા. જ્યારે નિઝામપુરાના મહાકાળીચોક ફળિયામાં રહેતા દિનેશભાઈ સોલંકીના મકાનમાંથી ચોરો અઢી તોલાથી વધુના રૂા.૯૭૫૦૦ (બજાર કિંમત રૂા. બે લાખથી વધુ)ની મતા ચોરી ગયા હતા. બાપોદમાં પણ ચોરો એક મકાનમાંથી રૂા.બે લાખની મતા તેમજ મહાદેવના મંદિરમાંથી ચોરી કરી ગયા હતા. દિવાળી પહેલાં ગોત્રી અને દશરથના બે ફ્લેટમાં આશરે રૂા.૬૦લાખ જેટલી મતાની ચોરીના બનેલા બે બનાવનો ભેદ હજી પોલીસ ઉકેલી શકી નથી. અન્ય બનાવમાં, ગોત્રીના હેલી એવન્યૂમાં રહેતા ફાલ્ગુની બેન ચવાણના બીજા માળે ફ્લેટમાં એક મહિના પહેલાં ત્રાટકેલા ચોરો ૧૮ તોલાના દાગીના,બે કિલો ચાંદી અને ૨૫૦૦ ડોલર મળી બજાર કિંમત મુજબ આશરે રૂા.૩૦ લાખ જેટલી મતા ચોરી ગયા હતા.જ્યારે દશરથની રામા રેસિડેન્સમાં રહેતા નીતિનભાઈ શેટ્ટીના મકાનમાંથી ચોરો ૨૩ તોલાના દાગીના અને રોકડ મળી રૂા.ત્રીસેક લાખની મતા ચોરી ગયા હતા. ઉપરોક્ત બંને બનાવમાં ચોરોએ આસપાસના ફ્લેટના દરવાજા બહારથી બંધ કરીને ચોરી કરવાની પદ્ધતિ અપનાવી હતી અને સીસીટીવી ફૂટેજમાં પણ તેઓ કેદ થયા હતા.

LCBએ ૩.૧૧ લાખનો દારૂ ભરેલી સ્કોર્પિઓનો ફિલ્મીઢબે પીછો કરી શામળપુર નજીકથી ઝડપી

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૧

અરવલ્લી જિલ્લા લોકલ કાઈમ બ્રાન્ચે શામળાજી પોલીસને અંધારામાં રાખી વિદેશી દારૂની હેરાફેરી કરતી સ્કોર્પિઓ ગાડી શામળપુર નજીકથી ઝડપી પાડી છે. અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ એમ.એચ. ઝાલા અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આશ્રમ ચોકડી નજીક હાઈવે પર નાકાબંધી કરી વાહનોનું ચેકિંગ દરમિયાન શંકાસ્પદ ઝડપ સાથે શામળાજી તરફથી આવતી સ્કોર્પિઓ ગાડીને અટકાવવા પ્રયત્ન કરતા બુટલેગરોએ હિંમતનગર તરફ હંકારી મૂકતા એલસીબી પોલીસે પીછો કરતા બુટલેગરોએ ગડાદર પુલ પરથી સ્કોર્પિઓ યુ ટર્ન મારી પરત શામળાજી તરફ હંકારી મૂકી હતી. પોલીસ અને બુટલેગરો વચ્ચે ફિલ્મી દૃશ્યો સર્જાયા હતા. બુટલેગરો હાંફી જતા સ્કોર્પિઓ



ગાડી શામળપુર નજીક રોડ પર મૂકી અંધારામાં ફરાર થઈ ગયા હતા.એલસીબી પોલીસે સ્કોર્પિઓ ગાડીમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ ૩.૧૧ લાખની ૭૦૮ બોટલ જપ્ત કરી દારૂ અને સ્કોર્પિઓ મળી રૂા.૮.૧૧લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર અજાણ્યા બુટલેગરો સામે શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ચોટીલામાં ઘાસચારાની અછત બાદ માલધારીઓની હિજરત શરૂ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકમાં હાલ માનવતા હચમચાવી નાખે તેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે. વરસાદની ઘટ બાદ સર્જાયેલી પાણી અને ઘાસચારાની અછતને કારણે માલધારીઓએ પોતાના માલઢોરને બચાવવા માટે હિજરતનો માર્ગ અપનાવ્યો છે. એક સાથે ૨ હજારથી વધુ પશુઓને લઈને માલધારીઓ પગપાળા ગુજરાતના અન્ય વિસ્તારો તરફ હિજરત કરવા રવાના થયા છે. પોતાનું ગામ છોડીને ફક્ત પોતાના પશુઓને જીવતા રાખવા માટે માલધારીઓને રસ્તા પર ઉતરવું પડ્યું છે. ચોટીલા વિસ્તારમાં આ વર્ષે વરસાદ ખૂબ જ ઓછો થયો હતો. શરૂઆતમાં થોડો વરસાદ આવ્યો પરંતુ ત્યારબાદ લાંબો સમય સુધી વરસાદ ખેંચાયો હતો. જેના કારણે ખેતરોમાં ઘાસ ઊગ્યું નહીં, તળાવો અને કૂવાઓ સુકાઈ ગયા. પીવાના પાણીની પણ અછત સર્જાઈ. પહેલા પાણીની અછત અને ત્યારબાદ ઘાસચારાની તંગીએ માલધારીઓની કમર તોડી નાખી છે. ચોટીલાના ૧૦થી વધુ ગામો ધીમે-ધીમે ખાલી થવા લાગ્યા છે. ગામોમાંથી માલધારી પરિવારો પોતાના બાળકો, વૃદ્ધો, ઘરવખરી અને હજારો પશુઓને લઈને રવાના થઈ રહ્યા છે. ગામના રસ્તાઓ પર ગાયો, ભેંસો, બકરા અને ઘેટાંના ટોળા જોવા મળી રહ્યા છે. ક્યાં જવું, ક્યાં રોકાવું, ક્યાં ઘાસ મળશે ? તેની કોઈને ખબર નથી છતાં પણ આશા સાથે તેઓ આગળ વધી રહ્યા છે કે ક્યાંક તો ઘાસ-પાણી મળશે અને તેમના પશુઓ બચી જશે.

માલધારી સમાજનું કહેવું છે કે, સરકાર ઘાસચારાના ડેપો શરૂ કરે, પાણીના ટેન્કર મોકલે તો અમારે હિજરત કરવાની જરૂર ન પડે પરંતુ તંત્રએ સમયસર ધ્યાન આપ્યું નથી. હવે જ્યારે ગામો ખાલી થઈ રહ્યા છે ત્યારે પણ તંત્ર જાગતું નથી. આ પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે.

સુરેન્દ્રનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને તાત્કાલિક ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરવી એ સમયની માંગ છે.

૧.૨૫ કરોડનો બોજો પડશે વડોદરા કોર્પોરેશનના કર્મચારીઓ માટે માસિક મોંઘવારી ભથ્થાનો દર ૬૩ ટકા નક્કી કરાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવમાં જણાવ્યા મુજબ તા.૧.૦૭.૨૦૨૬થી સરકારના કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં સુધારા બાબતે પરીપત્ર કરવામાં આવેલ છે. ઠરાવ પાલિકાના કર્મચારીઓ તેમજ પેન્શનરોને લાગુ પડે તે મુજબ મોંઘવારી ભથ્થાનો દર મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. ચુકવવાપાત્ર તા.૦૧.૦૭.૨૦૨૬થી ચુકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર મૂળ પગારના ૬૩% નક્કી કરવામાં આવ્યો છે.

સુધારેલ પગાર માળખામાં "મૂળ પગાર" એટલે પે-મેટ્રીક્ષના નિયત લેવલમાં મળતો પગાર પરંતુ તેમાં અન્ય કોઈપણ પ્રકારનો પગાર, જેવો કે ખાસ પગાર વિગેરેનો સમાવેશ થશે નહિ. મોંઘવારી ભથ્થુ મળતરના વિશિષ્ટ તત્વ તરીકે મળવાનું ચાલુ રહેશે અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૨ના નિયમ ૯(૫૩)ના પરીપેક્ષમાં પગાર તરીકે ગણાવાની રહેશે નહિ. મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ પૈસા કરતાં ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહિ. કર્મચારીઓને નવેમ્બર ૨૦૨૬થી ૬૩% મુજબનું મોંઘવારી ભથ્થુ માસિક પગાર સાથે નિયમીત રીતે ચુકવવાનું રહેશે.

કર્મચારીઓને જુલાઈ ૨૦૨૬થી ઓકટોબર ૨૦૨૬ સુધીના મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ નવેમ્બર ૨૦૨૬ માસના પગાર (પેઈડ ઈન ડીસેમ્બર-૨૦૨૬) સાથે ચુકવવાનો રહેશે. પેન્શનરોને નવેમ્બર ૨૦૨૬થી ૬૩% મુજબનો હંગામી વધારો માસિક પેન્શન સાથે નિયમીત રીતે ચુકવવાનો રહેશે. પેન્શનરોના કિસ્સામાં જુલાઈ ૨૦૨૬થી ઓકટોબર ૨૦૨૬ સુધી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતના રકમ અનુક્રમ નં.૫માં જણાવ્યા અનુસાર રોકડમાં ચૂકવવાની રહેશે.

સરકારના પરિપત્રને કારણે કોર્પોરેશનના કર્મચારીઓને દર મહિને રૂ.૧.૨૫ કરોડ વધારાના ચૂકવવામાં આવશે જ્યારે એરિયર્સની રકમ રૂપિયા પાંચ કરોડ ચુકવાશે તેમ જાણવા મળે છે.

વડોદરામાં ઠંડીનો ચમકારો ૧૩.૪ ડિગ્રી ટેમ્પ્રેચર નોંધાયું

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરમાં શિયાળાની ઠંડીનો ચમકારો દિવસેને દિવસે વધી રહ્યો છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ઠંડકની અસર વધુ વર્તાઈ રહી છે. વહેલી સવાર અને મોડી રાત્રે ઠંડા પવનો ફૂંકાવાની સાથે ઠંડીનો અનુભવ થતાં લોકો ગરમ વસ્ત્રોનો સહારો લેતા થયા છે. શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડીને ૧૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવેમ્બર મહિનાના અંતિમ દિવસો નજીક આવી રહ્યા છે તેમ શિયાળો ધીમે-ધીમે જમાવટ કરી રહ્યો છે.

અંકલેશ્વર : પોલીસે ૧૫ મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત કર્યા



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કેમ્પેઈન અંતર્ગત CEIR પોર્ટલની મદદથી ગુમ થયેલા ૧૫ જેટલા મોબાઈલ શોધી કાઢી મૂળ માલિકોને પરત કર્યા હતા. વર્ષ ૨૦૨૬માં જીઆઈડીસી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા છેલ્લા ૧૦ મહિનાના સમયગાળા દરમ્યાન CEIR પોર્ટલ તથા ટેકનિકલ એનાલીસીસ દ્વારા રૂા.૨૨.૩૪ લાખના કુલ ૧૧૩ જેટલા મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકોને પરત કર્યા હતા.

ગુજરાત પોલીસના તેરા તુજકો અર્પણ કેમ્પેઈન અંતર્ગત અંકલેશ્વર GIDC પોલીસે ટેકનોલોજીનો સચોટ ઉપયોગ કરીને લોકોના ગુમ થયેલા ૧૫ જેટલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે. જીઆઈડીસી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા CEIR પોર્ટલની મદદથી ગુમ થયેલા રૂા.૩ લાખ ૩ હજાર ૫૦૦ની કિંમતના ગુમ થયેલા ૧૫ જેટલા મોબાઈલ શોધી કાઢી મૂળ માલિકોને પરત કર્યા હતા. વર્ષ ૨૦૨૬માં જીઆઈડીસી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા છેલ્લા ૧૦ મહિનાના સમયગાળા દરમ્યાન CEIR પોર્ટલ તથા ટેકનિકલ એનાલીસીસ દ્વારા રૂા.૨૨.૩૪ લાખના કુલ ૧૧૩ જેટલા મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકોને પરત કર્યા હતા.

વેરાવળ સમસ્ત મુસ્લિમ પટણી સમાજના પ્રમુખ અફઝલ પંજાનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૨૧

વેરાવળ સમસ્ત મુસ્લિમ પટની સમાજની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં અફઝલ પંજા ૭૩૩ મતની જંગી બહુમતીથી વિજય થતાં સમસ્ત પટણી સમાજ દ્વારા તેમના સન્માનમાં ભવ્ય સન્માન સમારોહનું આયોજન સભાના સ્કૂલ ખાતે હતું. આ પ્રસંગે હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી એકતા અને ભાઈચારાના સુંદર દર્શન કરાવેલ.આ શાનદાર સન્માન સમારોહમાં સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, નગરપાલિકા પ્રમુખ નરેશભાઈ ગોહેલ, પૂર્વ ધારાસભ્ય રાજશીભાઈ જોટવા, કિશોરભાઈ કુહાડા, દિલીપ

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

એકજૂથ વિપક્ષ અને રાહુલ ગાંધીનો નવો અવતાર : રામલીલા મેદાનમાંથી મળતો સંદેશ

આશુતોષ લખે છે કે, જ્ઞાનેશ કુમારનું મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) તરીકે હોવું અને વિપક્ષ દ્વારા 'મત ચોરી'નો આરોપ -આ બંને બાબતો એકસાથે કેવી રીતે હોઈ શકે ?

રાહુલ ગાંધીની નવી આક્રમક ભૂમિકાએ તેમને એકજૂથ વિપક્ષના કેન્દ્રસ્થાને લાવી દીધા છે. તેમણે 'મત ચોરી' અને CEC જ્ઞાનેશ કુમારના ભવિષ્યને લઈને મોદી સરકારને દબાણમાં મૂકી દીધી છે. આશુતોષ આગળ પ્રશ્ન કરે છે : શું આ ટકરાવ ભારતની ચૂંટણી પ્રક્રિયા અંગે પુનર્વિચાર કરવા માટે મજબૂર કરશે ?

રામલીલા મેદાનમાં વિપક્ષે જે રીતે પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું છે, તે પછી સરકાર ચિંતિત નથી તેમ કહેવું ખોટું ગણાશે. એવું ચોક્કસ કહી શકાય કે આજે મોદી સરકાર અને સંઘ પરિવાર ભારે દબાણ હેઠળ છે - અને તેઓ આ સંકટમાંથી બહાર નીકળવાના રસ્તા શોધી રહ્યા હશે. આ વાતની પુષ્ટિ એ હકીકતથી થાય છે કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ અમિત શાહ અને પક્ષના પ્રમુખ નીતિન નબીન સહિતના પોતાના વરિષ્ઠ નેતાઓ દ્વારા 'પદયાત્રા' શરૂ કરાવી છે.

મેં ક્યારેય સત્તાધારી પક્ષને વિપક્ષનો સામનો કરવા માટે વિરોધ પ્રદર્શનો કે દેખાવોનો સહારો લેતા જોયો નથી. આ પોતે જ સાબિત કરે છે કે, સરકાર અત્યંત અસ્વસ્થ અને પરેશાન છે.

આ એ જ સરકાર છે જેને ૨૦૧૪થી સંપૂર્ણ છૂટ મળી હતી. અવારનવાર એવું કહેવામાં આવતું હતું કે અન્ય કોઈ સરકારને આટલો નબળો વિપક્ષ મળ્યો નથી. કોંગ્રેસ સંપૂર્ણપણે વિખેરાઈ ગઈ હતી અને પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી હતી. અન્ય પ્રાદેશિક પક્ષો કાં તો સરકારી એજન્સીઓના બેફામ ઉપયોગને કારણે નમતું જોખી ચૂક્યા હતા અથવા તો સત્તાધારી શાસનની તાકાત સામે ઊભા રહેવાની તેમનામાં હિંમત જ નહોતી.

ઘણા વિપક્ષી પક્ષોએ પોતાના અસ્તિત્વને બચાવવા માટે ભાજપની તરફેણમાં રહેવાનું પસંદ કર્યું; અને જેમણે ભાજપ સામે લડવાનું નક્કી કર્યું, તેઓ કાં તો 'ઓપરેશન લોટસ'ને કારણે સાવ નબળા પડી ગયા અથવા તો અનેક ટુકડાઓમાં વહેંચાઈ ગયા.

રામલીલા મેદાન રેલી : રાહુલ ગાંધીની યોજના શું છે ? દિવાળી પછી મોટા ધડાકાની અપેક્ષા રાખો.

વિપક્ષની બદલાતી દિશા

રાહુલ ગાંધી પણ આમાંથી બાકાત નહોતા. સરકાર અને તેના માધ્યમ સાથીદારોએ તેમની છબીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. તેમની સાથે જોડાવું એ એક રીતે 'ફેશનની બહાર' (અપ્રચલિત) ગણાતું હતું. તેમના વિશે કંઈક સારું લખવા માટે કોઈ પણ વ્યક્તિ જોખમ ઉઠાવવા તૈયાર નહોતી. તેમને મળેલી એકમાત્ર 'લાયકાત'એ હતી કે તેઓ નેહરુ-ગાંધી પરિવારના સભ્ય હતા પરંતુ આજે એ જ રાહુલ ગાંધી વિપક્ષી છાવણીમાં મુખ્ય સ્થાને પહોંચી ગયા છે અને વડાપ્રધાન માટે એક ગંભીર અને કદાચ ખતરનાક - પડકાર બનીને ઊભરી આવ્યા છે. આ કોઈ ચમત્કારથી ઓછું નથી.

આજે તેઓ એવા તમામ લોકો માટે આશાનું કિરણ છે જેઓ એ વિચારીને ચિંતિત છે કે ભારતનું લોકશાહી તંત્ર ઝડપથી સરમુખત્યારશાહી તરફ સરકી રહ્યું છે અને બંધારણ સામે ગંભીર જોખમો ઊભા થયા છે. હવે તો રાહુલ ગાંધીના ટીકાકારો પણ સ્વીકારે છે કે, તેઓ એકમાત્ર એવા નેતા છે જે વડાપ્રધાનને કઠિન પ્રશ્નો પૂછે છે અને સત્તાધારી પક્ષ પાસે જવાબદારીની માંગ કરે છે.

મોદી સરકાર અત્યંત પરેશાન છે કારણ કે, તેમને સમજાતું નથી કે રાહુલ ગાંધી સાથે કેવી રીતે કામ પાર પાડવું. તેઓ એટલા નિર્ભય છે કે અન્ય લોકો પણ તેમનાથી ખૂબ પ્રેરિત થયા છે. દાયકાઓ સુધી નિષ્ક્રિય રહેલા પક્ષમાં અચાનક નવી ચેતનાનો સંચાર થયો છે. લાંબા સમય પછી કોંગ્રેસના કાર્યકરોને એવો નેતા મળ્યો છે જે પોલીસ સાથે લડતા ડરતો નથી અને પોલીસના બેરિકેડ્સ કૂદીને આગળ વધી જાય છે. તેઓ હવે માત્ર 'આરામખુરશી પર બેસીને રાજનીતિ કરનારા' નેતા નથી રહ્યા.

તેમના વિચારો પ્રત્યેની આ દૃઢતા અને હિંમતે જ વિપક્ષના એ નેતાઓને - જેઓ ભૂતકાળમાં રાહુલ ગાંધીને ગંભીરતાથી લેવા તૈયાર નહોતા - તેમના પ્રશંસકોમાં ફેરવી નાખ્યા છે અને હવે તેઓ સ્વેચ્છાએ તેમને 'વિપક્ષના નેતા' તરીકે સ્વીકારી રહ્યા છે.

એકજૂટ વિપક્ષ

રામલીલા મેદાનમાં સમગ્ર દેશે એકજૂટ વિપક્ષને જોયો. મમતા બેનરજી હોય કે અખિલેશ યાદવ - જે નેતાઓ અગાઉ રાહુલ ગાંધી અને તેમની ક્ષમતાઓ વિશે નકારાત્મક અભિપ્રાય ધરાવતા હતા, તેઓ પણ હવે તેમની પાછળ રહીને (ગૌણ ભૂમિકા સ્વીકારીને) કામ કરવામાં ખુશી અનુભવી રહ્યા છે. કોંગ્રેસ અને રાહુલ ગાંધી માટે આ કોઈ નાની સિદ્ધિ નથી - આજે તેઓ વિપક્ષી એકતાના મુખ્ય આધારસ્તંભ બની ગયા છે.

હું જાણું છું કે, ભવિષ્યમાં ડોકિયું કરીને ૨૦૨૯માં મોદી સરકારના પતન વિશે આગાહી કરવી યોગ્ય નથી પરંતુ એક વાત ચોક્કસ છે કે, આગામી ચૂંટણીઓમાં ભાજપ માટે રસ્તો સરળ નહીં હોય. ૨૦૨૪ પછી દુનિયા બદલાઈ ગઈ છે અને ગંગા-યમુનામાં ઘણું પાણી વહી ગયું છે (ઘણો સમય વીતી ગયો છે અને પરિસ્થિતિઓ ઘણી બદલાઈ ગઈ છે). વર્ષ ૨૦૨૪માં ચૂંટણી પ્રક્રિયા અંગે આશંકાઓ હતી અને ચૂંટણી પંચ (EC)ની સ્વતંત્રતા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા પરંતુ હવે ખુલ્લેઆમ કહેવામાં આવી રહ્યું છે કે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)ની મદદથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં હેરાફેરી કરવામાં આવી છે. હવે વિરોધ પક્ષના દરેક નેતાને ખાતરી થઈ ગઈ છે કે ચૂંટણી હવે મુક્ત અને નિષ્પક્ષ રહી નથી. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલે સ્થિતિ સંપૂર્ણપણે બદલી નાખી છે અને આજે સમાજના એક મોટા વર્ગની નજરમાં CEC જ્ઞાનેશ કુમાર એક ખલનાયક બની ગયા છે.

હવે મુખ્ય પ્રશ્ન એ છે કે, સરકાર ક્યાં સુધી જ્ઞાનેશ કુમારનો બચાવ કરતી રહેશે ? કારણ કે, જ્ઞાનેશ કુમાર 'નિર્વાચન સદન' (ચૂંટણી પંચના મુખ્યાલય)માં જેટલો સમય વિતાવે છે, તે સીધી રીતે સરકારની વિશ્વસનીયતામાં ઘટાડો કરે છે. સરકાર જેટલો લાંબો સમય તેમનો બચાવ કરશે, તેટલી જ તેની પોતાની કાયદેસરતા (legitimacy) વધુ જોખમાતી જશે.

મોદી સરકાર શા માટે 'મત ચોરી'ના વિરોધ પ્રદર્શનોને 'સત્તા પરિવર્તન'ના ષડયંત્રમાં ફેરવી રહી છે ?

જ્ઞાનેશ કુમારને લઈને મૂંઝવણ

સરકાર એક જાળમાં ફસાઈ ગઈ છે. જો તે જ્ઞાનેશ કુમારને હટાવવાનો નિર્ણય લે છે, તો તેનાથી વિરોધ પક્ષને વડાપ્રધાન પર સીધો હુમલો કરવાની તક મળી જશે. અત્યાર સુધી મુખ્ય લક્ષ્ય CEC (મુખ્ય ચૂંટણી કમિશનર) છે; સરકાર પરનો હુમલો તો આડકતરો છે પરંતુ જો તેઓ (CEC) પદ પરથી હટી જાય, તો વડાપ્રધાન મોદી પણ સુરક્ષિત નહીં રહે. રાહુલ ગાંધીએ અગાઉ જ કહ્યું છે કે, જો વિપક્ષ સત્તામાં આવશે, તો વડાપ્રધાન મોદી અને અમિત શાહની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે.

જો જ્ઞાનેશ કુમાર પોતાના પદ પર યથાવત રહે છે, તો લોકોના મનમાં ચૂંટણીની વિશ્વસનીયતા અંગેની શંકા વધુ ઘેરી બનશે. આનાથી વિપક્ષનો એ તર્ક વધુ મજબૂત થશે કે આ બંને (સરકાર અને ચૂંટણી પંચના અધિકારી) વચ્ચે સાંઠગાંઠ છે. તેથી વહેલા કે મોડા સરકારે આ સમસ્યામાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવો જ પડશે; તેમણે કોઈ નિર્ણય લેવો જ પડશે. આ સ્થિતિ લાંબો સમય ચાલી શકે તેમ નથી. તે રાજકીય રીતે સરકાર અને ભાજપની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહી છે.

વિપક્ષે પણ કઠોર નિર્ણય લેવા માટે તૈયાર રહેવું જોઈએ. જો સરકાર જ્ઞાનેશ કુમારને પદ પર જાળવી રાખે છે, તો વિપક્ષે નક્કી કરવું પડશે કે તેમણે ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવો કે નહીં. જો ચૂંટણી પંચમાં જ્ઞાનેશ કુમાર સર્વોચ્ચ સ્થાને હોવા છતાં વિપક્ષ ચૂંટણીમાં ભાગ લેવાનું પસંદ કરે છે, તો તેઓ એક હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાઈ જશે.

'મત ચોરી' (vote chori) અંગેનો તેમનો સમગ્ર પ્રચાર પોતાની ધાર ગુમાવી બેસશે અને તેમના પર એવો આરોપ પણ લાગી શકે છે કે તેમણે રાજકીય લાભ ખાટવા માટે એક બંધારણીય સંસ્થાની પ્રતિષ્ઠાને કલંકિત કરી છે.

ચૂંટણી પંચમાં જ્ઞાનેશ કુમારનું હોવું અને વિપક્ષ દ્વારા 'મત ચોરી'નો આરોપ લગાવવો - આ બંને બાબતો એકસાથે ન ચાલી શકે. આ કોઈ સરળ નિર્ણય નથી પરંતુ તે લેવો જ પડશે.

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે. સુપ્રીમ કોર્ટ 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) અને ચૂંટણી પંચની કામગીરી અંગેની વિવિધ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. કદાચ ઉચ્ચ ન્યાયતંત્ર દ્વારા કોઈ ઉકેલ મળી પણ જાય ! આવનારા દિવસોમાં દેશમાં નાટકીય ઘટનાઓ જોવા મળી શકે છે. ભારત અત્યારે એક નિર્ણાયક વળાંક પર છે અને ઈતિહાસ રચાઈ રહ્યો છે.

(લેખક એક પુસ્તક લેખક, કટારલેખક, 'સત્યહિન્દી.કોમ' (satyahindi.com)ના સહ-સ્થાપક અને 'આપ' (AAP)ના પૂર્વ પ્રવક્તા છે. તેઓ @ashutosh83B પર ટ્વીટ કરે છે. આ એક અભિપ્રાય લેખ છે અને ઉપર વ્યક્ત કરાયેલા વિચારો લેખકના પોતાના છે. 'ધ ક્વિન્ટ' (The Quint) તેનું સમર્થન કરતું નથી કે તેના માટે જવાબદાર પણ નથી.)

(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

પાકિસ્તાની મંત્રી મુસાદિક મલિકને તાજમહેલની મુલાકાત લેવાની મંજૂરી મળી, પરંતુ નિઝામુદ્દીન દરગાહની વિનંતી ફગાવી દેવાઈ : અહેવાલ

સિંધુ જળ સંધિ (Indus Waters Treaty) મુદ્દે અગાઉ ભારત વિરુદ્ધ કડક ટિપ્પણી કરનાર મુસાદિક મલિક, 'SCO સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ' (SCO Civilisational Dialogue Forum) માટે દિલ્હીમાં છે

(એજન્સી) તા.૨૧

સમાચાર એજન્સી ANIના અહેવાલ મુજબ, વિદેશ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે પાકિસ્તાનના ક્લાયમેટ ચેન્જ (આબોહવા પરિવર્તન) મંત્રી મુસાદિક મલિકની આગરામાં તાજમહેલની મુલાકાત લેવાની વિનંતી મંજૂર કરવામાં આવી છે, જ્યારે દિલ્હીમાં નિઝામુદ્દીન દરગાહની મુલાકાત લેવાની વિનંતી ફગાવી દેવામાં આવી છે. પાકિસ્તાનના ક્લાયમેટ ચેન્જ અને પર્યાવરણીય સંકલન મંત્રી મુસાદિક મલિક શુક્રવારે નવી દિલ્હીના પુરાના કિલ્લા ખાતે આયોજિત પ્રથમ 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ' દરમિયાન પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા છે. સૂત્રોને ટાંકીને અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, મલિકના નેતૃત્વ હેઠળનું પાકિસ્તાની પ્રતિનિધિમંડળ દિલ્હીમાં સુરક્ષાની દૃષ્ટિએ મંજૂરી મળેલા અન્ય સ્થળોની પણ મુલાકાત લેશે, જેમાં હુમાયુનો મકબરો અને દિલ્હી હાટનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, નિઝામુદ્દીન દરગાહની મુલાકાત માટે સુરક્ષા એજન્સીઓ અને વિદેશ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. સિંધુ જળ સંધિ મુદ્દે અગાઉ ભારત વિરુદ્ધ કડક ટિપ્પણી કરનાર મલિક, 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ'માં ભાગ લેવા ભારત આવ્યા છે. આ કાર્યક્રમ ૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાઈ રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ પાકિસ્તાની મંત્રીએ ભારતની મુલાકાત લીધી હોય. શુક્રવારે મલિકે કહ્યું હતું કે, પાકિસ્તાન આ પ્રદેશમાં શાંતિ અને સુરક્ષાને આગળ વધારવાના તમામ પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપશે. દિલ્હીમાં આયોજિત SCO (શાંઘાઈ સહયોગ સંગઠન) કાર્યક્રમ દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉદ્ઘાટન ભાષણ બાદ મલિકે કહ્યું, 'જ્યારે પણ શાંતિની વાત થાય છે અને વિવિધ દેશો એકસાથે આવીને શાંતિ અને સુરક્ષાને આગળ વધારવાના પ્રયાસો કરે છે, ત્યારે અમે પણ તેમાં સંપૂર્ણ રીતે સહભાગી થઈશું.' ત્રણ વર્ષમાં પોતાના દેશના નેતાની આ પ્રથમ મુલાકાત હોવાનો ઉલ્લેખ કરતા મલિકે આશા વ્યક્ત કરી કે ભવિષ્યમાં પણ આવી મુલાકાતો ચાલુ રહેશે. મલિકે સમાચાર એજન્સી ANIને કહ્યું, 'મને આશા છે કે હવે તમને કોઈ ફરિયાદ નહીં હોય અને આપણી વચ્ચે આવન-જાવન (પરસ્પર મુલાકાતો) ચાલુ રહેશે...' અગાઉ તેમણે આશા વ્યક્ત કરી હતી કે SCO મંચ તમામ સભ્ય દેશો વચ્ચેના સંબંધોને સુધારવામાં મદદરૂપ થશે. પાકિસ્તાનના ક્લાયમેટ ચેન્જ (આબોહવા પરિવર્તન) મંત્રીએ કહ્યું, 'મને લાગે છે કે આપણા બધાના સંબંધોમાં સુધારો આવશે. તમે જાણો છો કે આ પ્રદેશ અત્યારે પરિવર્તનના દોરમાંથી પસાર થઈ રહ્યો છે. ભૌગોલિક-રાજકીય (geopolitical) પરિસ્થિતિઓ ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે.' ભારત આવ્યા બાદ પોતાની પ્રથમ ટિપ્પણીમાં મલિકે આશા વ્યક્ત કરી કે આ મંચ માટે આમંત્રિત દસ સભ્ય દેશો 'વ્યાપક દૃષ્ટિકોણ' અપનાવશે અને 'તમામ રાજકીય મુદ્દાઓ, સામાજિક મુદ્દાઓ અને ચર્ચાનિ પાત્ર તમામ વિષયો' પર ધ્યાન આપશે. પાકિસ્તાનના ક્લાયમેટ ચેન્જ મંત્રીએ ભારત ખાતે આયોજિત 'SCO સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ' (સભ્ય દેશો વચ્ચે સંસ્કૃતિ અને સભ્યતા વિષયક સંવાદ મંચ)ની મુલાકાતને બહુધ્રુવીય જોડાણ માટેની એક 'શાનદાર તક' ગણાવી. તેમણે કહ્યું કે સંસ્કૃતિઓ અને સભ્યતાઓ 'સીમાઓને ઓળંગી જાય છે' (કોઈ સીમામાં બંધાયેલી હોતી નથી) અને ઉમેર્યું કે આ મંચ સહિયારા ઈતિહાસ અને સંસ્કૃતિઓ પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરું પાડે છે.

'પક્ષના કાર્યકર તરીકે પાછી ફરવા માંગુ છું' : ભાજપમાં જોડાવા બદલ પદ્મજા વેણુગોપાલે કોંગ્રેસ કાર્યકરોની માફી માંગી

પદ્મજાએ કહ્યું કે તેમની તાત્કાલિક ઈચ્છા આવતા મહિને તેમના પિતાની પુણ્યતિથિ નિમિત્તે તેમના સ્મારકની મુલાકાત લેવાની અને કોંગ્રેસ કાર્યકરોની સાથે રહીને તેમને શ્રદ્ધાંજલિ આપવાની છે

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૨૧

કોંગ્રેસમાં તેમના સંભવિત પુનરાગમન સામે વધી રહેલા વિરોધ વચ્ચે, ભાજપના પૂર્વ નેતા પદ્મજા વેણુગોપાલે પક્ષ છોડીને ભાજપમાં જોડાવા બદલ કોંગ્રેસ કાર્યકરોની માફી માંગી છે. તેમણે કહ્યું કે હવે તેમને સમજાયું છે કે તેમના આ નિર્ણયથી તેમને અને તેમના પિતા કે. કરૂણાકરનને પ્રેમ કરનારા લોકોને ઊંડી ઠેસ પહોંચી છે. શનિવારે ફેસબુક પર એક પોસ્ટમાં પદ્મજાએ જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૪માં ભાજપમાં જોડાવાનો તેમનો નિર્ણય એક ભાવનાત્મક ક્ષણમાં લેવાયેલી ભૂલ હતી. તેમણે કહ્યું કે આ પગલાથી ઘણા કોંગ્રેસ કાર્યકરોને દુઃખ થયું છે, તે સમજાયા બાદ તેમણે પક્ષમાં પાછા ફરવાની તૈયારી શરૂ કરી છે. તેમણે લખ્યું, 'હું કોઈ હોદ્દો કે પદ ઈચ્છતી નથી. મારા મનમાં માત્ર એટલું જ છે કે હું ફરી એકવાર કોંગ્રેસની કાર્યકર બની જાઉં.' તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસ કાર્યકરો દ્વારા કરવામાં આવેલી ટીકાને તેઓ સંપૂર્ણપણે સ્વીકારે છે અને તેમના નિર્ણયથી જેમને પણ દુઃખ પહોંચ્યું છે, તે બદલ તેઓ પક્ષ અને દરેક કાર્યકરની હૃદયપૂર્વક માફી માંગે છે. પદ્મજાએ કહ્યું કે તેમની તાત્કાલિક ઈચ્છા આવતા મહિને તેમના પિતાની પુણ્યતિથિ નિમિત્તે તેમના સ્મારકની મુલાકાત લેવાની અને કોંગ્રેસ કાર્યકરોની સાથે રહીને તેમને શ્રદ્ધાંજલિ આપવાની છે. જો કે, તેમના સંભવિત પુનરાગમન સામે કોંગ્રેસની અંદરથી જ ટીકાઓ થઈ રહી છે. KSUના રાજ્ય પ્રમુખ અલોશિયસ ઝેવિયરે નેતૃત્વને ચેતવણી આપી છે કે તેમને કોઈ મહત્વપૂર્ણ પદ ન આપવામાં આવે,

હરિયાણાના કિશોરની 'અગ્નિવીર' વેબસાઈટ હેક કરવા અને ડાર્ક વેબ પર ડેટા વેચવાનો પ્રયાસ કરવા બદલ ધરપકડ

૧૪ વર્ષીય કિશોરે કથિત રીતે લગભગ ૪,૦૦૦ અગ્નિવીર જવાનોની સંવેદનશીલ માહિતી ૫૦૦ યુએસ ડોલરમાં વેચવાની ઓફર કરી હતી; પોલીસ ડેટા ભંગ (ડેટા બ્રીચ)ની તપાસ કરી રહી છે

(એજન્સી) તા.૨૧

હરિયાણાના એક ૧૪ વર્ષીય કિશોરને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે એક વેબસાઈટ હેક કરવા અને અગ્નિવીર જવાનો સાથે જોડાયેલો સંવેદનશીલ ડેટા વેચવાનો પ્રયાસ કરવા બદલ પકડી પાડ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, હરિયાણાના બલ્લભગઢના ૧૪ વર્ષીય કિશોરને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે પકડ્યો છે. તેના પર આરોપ છે કે તેણે એક વેબસાઈટ હેક કરી અને લગભગ ૪,૦૦૦ અગ્નિવીર જવાનો સાથે જોડાયેલો સંવેદનશીલ ડેટા ડાર્ક વેબ પર ૫૦૦ યુએસ ડોલરમાં વેચવાનો પ્રયાસ કર્યો. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, આ કિશોરે એક એવી ટેસ્ટ વેબસાઈટમાં અનધિકૃત રીતે પ્રવેશ મેળવ્યો હતો, જે પૂર્વ અગ્નિવીરો માટે નોંધણી કરવા અને અન્ય સરકારી વિભાગોમાં રોજગારીની તકો શોધવા માટે બનાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે, વેબસાઈટમાં પ્રવેશ મેળવ્યા બાદ, કિશોરે કથિત રીતે માહિતી મેળવી લીધી અને ડાર્ક વેબ પર એક જાહેરાત મૂકી. તેમાં તેણે દાવો કર્યો કે તેની પાસે લગભગ ૪,૦૦૦ અગ્નિવીરોનો વ્યક્તિગત ડેટા છે અને તે તેને ૫૦૦ યુએસ ડોલરમાં વેચવા તૈયાર છે. અધિકારીઓએ જણાવ્યું કે તપાસમાં સામે આવ્યું છે કે માહિતી મેળવવા માટે કથિત રીતે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI) સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વેબસાઈટને હેક કરવા માટે કઈ ચોક્કસ પદ્ધતિ અપનાવવામાં આવી હતી, તેની તપાસ ચાલી રહી છે. દિલ્હી પોલીસના 'ઈન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન્સ' (IFSO) યુનિટે કિશોરના ડિજિટલ ઉપકરણોમાંથી ડેટા જપ્ત કર્યો છે. તપાસકર્તાઓ હવે આ સામગ્રીની તપાસ કરી રહ્યા છે જેથી જાણી શકાય કે તેમાં સાચી માહિતી છે કે કેમ અને ડેટા ભંગ કેટલા મોટા પાયે થયો છે. પોલીસે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પત્ર લખીને અગ્નિવીરોનો અધિકૃત ડેટાબેઝ માંગ્યો છે, જેથી જપ્ત કરાયેલી માહિતી સાથે તેને સરખાવી શકાય અને તેની સત્યતા ચકાસી શકાય. અધિકારીઓએ જણાવ્યું કે, કાયદા મુજબ કિશોરને પકડવામાં આવ્યો અને તેની પૂછપરછ કરવામાં આવી. પ્રાથમિક પૂછપરછ બાદ તેને તેના પરિવારને સોંપી દેવામાં આવ્યો છે.

'વધુ બાળકો પેદા કરો' : મુસ્લિમોની સંખ્યા ખ્રિસ્તીઓ કરતાં વધી જવાની આગાહી કરતો અહેવાલ આવ્યા બાદ કેરોલિન લેવિટની ખ્રિસ્તીઓને ચેતવણી

એક અંદાજ મુજબ, મુસ્લિમ મહિલાઓને સરેરાશ ૩.૧ બાળકો હોય છે, જ્યારે ખ્રિસ્તી મહિલાઓમાં આ આંકડો ૨.૫ અને અન્ય ધાર્મિક જૂથોની મહિલાઓમાં ૧.૬ છે

(એજન્સી) તા.૨૧

વ્હાઇટ હાઉસના પૂર્વ પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ખ્રિસ્તીઓને લગ્ન કરવા, વધુ બાળકો પેદા કરવા અને તેમનો ઉછેર ચર્ચના વાતાવરણમાં કરવા અનુરોધ કર્યો છે. તેમનું આ નિવેદન એક એવા અભ્યાસ બાદ આવ્યું છે જેમાં જણાવાયું છે કે ૨૦૩૫ સુધીમાં મુસ્લિમો વિશ્વનું સૌથી મોટું ધાર્મિક જૂથ બની શકે છે. હાલમાં 'ફોક્સ ન્યૂઝ' (Fox News) સાથે જોડાયેલા લેવિટે શુક્રવારે 'વોશિંગ્ટન પોસ્ટ'નો એક અહેવાલ 'X' (ટ્વિટર) પર શેર કર્યો. તેમણે લખ્યું, 'લગ્ન કરો, વધુ બાળકો પેદા કરો, તેમનો ઉછેર ચર્ચમાં કરો અને તેમને અમેરિકાને પ્રેમ કરવાનું શીખવો.' 'પ્યુ રિસર્ચ સેન્ટર' (Pew Research Center) અને પોલેન્ડના 'સેન્ટર ફોર એડવાન્સ્ડ સ્ટડીઝ ઓફ પોપ્યુલેશન એન્ડ રિલિજન' દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, ૨૦૩૫ સુધીમાં મુસ્લિમ વસ્તી ૨.૫૭ અબજ સુધી પહોંચી શકે છે, જે ખ્રિસ્તીઓની અંદાજિત વસ્તી (૨.૫૨ અબજ) કરતાં વધી જશે. વર્ષ ૨૦૨૦માં વિશ્વમાં આશરે ૨.૨૩ અબજ ખ્રિસ્તીઓ અને ૨.૦૨ અબજ મુસ્લિમો હતા. બંને જૂથોની વસ્તીમાં વધારો થવાની અપેક્ષા છે, પરંતુ મુસ્લિમ વસ્તી વધુ ઝડપથી વધે તેવી શક્યતા છે, જેનું મુખ્ય કારણ ઊંચો જન્મદર છે. 'પ્યુ'ના વસ્તી વિષયક નિષ્ણાત કોનરાડ હેકેટે જણાવ્યું હતું કે, આ ફેરફાર પાછળનું મુખ્ય કારણ લોકોનું ધર્મ પરિવર્તન નહીં, પરંતુ જન્મ અને મૃત્યુના આંકડા છે. તેમણે કહ્યું, 'આ બધું બાળકોને કારણે થઈ રહ્યું છે.' એક અંદાજ મુજબ, મુસ્લિમ મહિલાઓને સરેરાશ ૩.૧ બાળકો હોય છે, જ્યારે ખ્રિસ્તી મહિલાઓમાં આ આંકડો ૨.૫ અને અન્ય ધાર્મિક જૂથોની મહિલાઓમાં ૧.૬ છે. સામાન્ય રીતે, વસ્તીનું કદ જાળવી રાખવા માટે સરેરાશ ૨.૧ બાળકોનો જન્મદર જરૂરી હોય છે. લેવિટે જાન્યુઆરી ૨૦૨૫થી સેવા આપ્યા બાદ ઓગસ્ટ મહિનામાં વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મે મહિનામાં તેમના બીજા બાળકના જન્મ બાદ મેટરનિટી લીવ (પ્રસૂતિ રજા) પરથી પરત ફર્યા પછી, કામ અને માતૃત્વ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બની ગયું હતું. તેણીએ પોતાના વિદાય લેવાના નિર્ણયને 'મીઠો અને કડવો' (મિશ્ર લાગણીઓ ધરાવતો) ગણાવ્યો અને કહ્યું કે તે બહારના સલાહકાર તરીકે ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપવાનું ચાલુ રાખશે. તે નવેમ્બર મહિનામાં 'ફોક્સ ન્યૂઝ' (ફ્રિંટ ટ્વીજ) સાથે એક યોગદાનકર્તા (contributor) તરીકે જોડાઈ હતી. આ અભ્યાસ એવું સુચવતો નથી કે ખ્રિસ્તીઓની સંખ્યામાં ઘટાડો થશે. બંને ધાર્મિક જૂથોની સંખ્યામાં વૃદ્ધિ થવાની અપેક્ષા છે, જેમાં મોટાભાગનો વધારો જન્મદરને આભારી હશે.

આ બિહાર માટે આટલું ખાસ કેમ છે ? તેજસ્વીએ રહસ્ય ખોલ્યું

બિહારમાં નીતિશ સેતુના ઉદ્ઘાટન પહેલાં, તેજસ્વી યાદવે X પર PM મોદીને પત્ર લખીને પ્રશ્નો ઉઠાવ્યા, તેમણે દાવો કર્યો હતો કે નીતિશ કુમારે ૧૭ મહિના પહેલા જ પુલનું ઉદ્ઘાટન કરી દીધું હતું

(એજન્સી) તા.૨૧

બિહારમાં નીતિશ સેતુના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉદ્ઘાટન પહેલાં રાજકીય વિવાદ ફાટી નીકળ્યો છે. RJD નેતા અને બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, તેજસ્વી યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વડાપ્રધાનને સંબોધિત કરીને પ્રશ્ન કર્યો હતો કે ૧૭ મહિના પહેલા તત્કાલીન મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા ઉદ્ઘાટન કરાયેલ અને જેના પર લાખો વાહનો પસાર થયા હતા તે પુલનું ફરીથી ઉદ્ઘાટન કેમ કરવામાં આવી રહ્યું છે. તેજસ્વીએ કેન્દ્ર સરકાર પર આ પ્રોજેક્ટનો શ્રેય લેવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૧ નવેમ્બરે બિહારની મુલાકાતે એક નવો રાજકીય વિવાદ ઉભો કર્યો છે. વડાપ્રધાન વૈશાલી જિલ્લામાં ગંગા નદી પર છ લેનવાળા કચ્છી દરગાહ-બિદુપુર પુલને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પુલનું નામ બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારના નામ પરથી 'નીતીશ સેતુ' રાખવામાં આવ્યું છે. પરંતુ પ્રધાનમંત્રીના કાર્યક્રમ પહેલા, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવે X પર પ્રધાનમંત્રીને સંબોધીને એક પોસ્ટ લખી હતી. તેમાં તેમણે પુલના પુનઃઉદ્ઘાટનની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકાર કોઈ પણ નાણાકીય યોગદાન આપ્યા વિના આ પ્રોજેક્ટ માટે રાજકીય શ્રેય લેવા માંગે છે. તેજસ્વીએ પ્રધાનમંત્રીને આ પ્રોજેક્ટ માટે શ્રેય લેવા અને બિનજરૂરી સ્વ-પ

હદીસ બોધ

વિશ્વાસપાત્ર ન હોય તેવા માણસના કથનોને ઉચ્ચારશો નહીં, કારણ કે જો તમે માત્ર કથિત સમાચાર કહેશો તો તમે જૂઠા કહેવાશો. (હદીસ બોધ)

બોધ વચન

સંસાર એક મોટો ગ્રંથ છે પરંતુ જે વાંચી શકાતો નથી તેના માટે તે નિરર્થક છે. - ગોલ્દોની

આજની આરસી

૨૨ નવેમ્બર રવિવાર ૨૦૨૬
૧૧ જમાદિલ આખર હિજરી ૧૪૪૮
કારતક સુદ તેરસ સંવત ૨૦૮૩
સુબ્હ સાદિક ૫-૩૪
ખત્મે ઝવાલ ૧૨-૨૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

NTR જિલ્લાના પ્રથમ ZP અધ્યક્ષ તરીકે દલિત મહિલા: એક ઐતિહાસિક નિર્ણય

સાંસદ કેસિનેની શિવનાથે પુલ્લામ્માની પસંદગીને આવકારી; ભાજપના નુથલાપતિ બાલા કોટેશ્વર રાવે ઉપાધ્યક્ષનું પદ સંભાળ્યું

(એજન્સી) તા.૨૧

વિજયવાડાના સાંસદ કેસિનેની શિવનાથ (ચિન્ની) એ શુક્રવારે કોટા પુલ્લામ્માની NTR જિલ્લાના પ્રથમ જિલ્લા પરિષદ અધ્યક્ષ તરીકેની પસંદગીને એક 'ઐતિહાસિક નિર્ણય' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે આ નિર્ણય તેલુગુ દેશમ પાર્ટી (TDP)ના સ્થાપક NT રામા રાવના આદર્શો પ્રત્યે મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ZP કાર્યાલય ખાતે પુલ્લામ્મા અને નવા ચૂંટાયેલા ઉપાધ્યક્ષ નુથલાપતિ બાલા કોટેશ્વર રાવને અભિનંદન આપતા તેમણે કહ્યું કે, NTRના નામ પરથી રાખવામાં આવેલા જિલ્લામાં એક દલિત મહિલાને સર્વોચ્ચ પદ પર નિયુક્ત કરવા તે સામાજિક ન્યાય, સમાનતા અને રાજકીય સશક્તિકરણ પ્રત્યે સરકારની કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સાંસદે યાદ અપાવ્યું કે



પુલ્લામ્માએ મુશ્કેલ સમયમાં - જેમાં વિરોધ પક્ષ તરીકેના વર્ષોનો પણ સમાવેશ થાય છે - વ્યક્તિગત મુશ્કેલીઓ હોવા છતાં TDPનો સાથ આપ્યો હતો. તેમણે અગાઉ ગમ્મલાગુડેમમાં સરપંચની ચૂંટણી જીતીને પોતાની નેતૃત્વ ક્ષમતા સાબિત કરી હતી; આ વિસ્તારમાં લગભગ ૮,૫૦૦ મતદારો છે. હાલમાં તેઓ ZPTC સભ્ય છે, જ્યારે તેમના પતિ MPTC સભ્ય તરીકે ચૂંટાયા હતા. ચિન્નીએ જણાવ્યું હતું કે, જોકે પુલ્લામ્મા 'જનરલ કેટેગરી' (સામાન્ય વર્ગ)ની ZPTC બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે, તેમ છતાં ગઠબંધનના નેતૃત્વએ સર્વસંમતિથી તેમની ઉમેદવારીને સમર્થન આપ્યું હતું. જિલ્લાના તમામ ધારાસભ્યોએ પક્ષ પ્રત્યેની તેમની સેવાઓને ધ્યાનમાં રાખીને તેમને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે, ગઠબંધનના સિદ્ધાંતોનું સન્માન કરતા, ભાજપના બાલા કોટેશ્વર રાવને ઉપાધ્યક્ષનું પદ આપવામાં આવ્યું છે, જ્યારે ભાજપે માત્ર એક જ ZPTC બેઠક જીતી હતી. સાંસદે બંને નેતાઓને જિલ્લાના સંતુલિત વિકાસ માટે તમામ ZPTC સભ્યો સાથે મળીને કામ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે NTR જિલ્લા TDP પ્રમુખ ગડ્ડે અનુરાધા અને અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

એક જ જમીન, અલગ અલગ થાળીઓ: અછતના સમયમાં દલિત રસોડાઓને કેવી રીતે દાળે ટકાવી રાખ્યા

મરાઠવાડાના દલિત રસોડાઓમાં દાળ, શાકભાજી અને માંસ ઘણીવાર એકસાથે જોવા મળે છે

(એજન્સી) તા.૨૧

૧૯૬૦ના દાયકામાં મહારાષ્ટ્રના ઉસ્માનાબાદ તાલુકાના ખામગાંવ ગામમાં જ્યારે શાહુ પાટોલે મોટા થઈ રહ્યા હતા, ત્યારે તેમને યાદ છે કે તે સમયે તુવેરની દાળ મેળવવી કેટલી મુશ્કેલ હતી. ૧૯૬૦ના દાયકાના મધ્યમાં, સતત બે દુષ્કાળને કારણે સર્જાયેલી ખાદ્ય કટોકટીને લીધે કઠોળ દુર્લભ અને મોંઘા થઈ ગયા હતા. સરકારી આંકડા મુજબ, ૧૯૬૪થી ૧૯૬૭ વચ્ચે તુવેરની દાળનું ઉત્પાદન ૧.૮૯ મિલિયન ટનથી ઘટીને ૧.૧૩ મિલિયન ટન થઈ ગયું હતું. તેથી, વેપારીઓ તુવેરની દાળને બદલે 'લાખ' (એક પ્રકારનું કઠોળ - Lathyrus sativus) વેચતા હતા. તુવેર પાકવા માટે છ મહિનાથી વધુ સમય લેતો હતો, જ્યારે આ 'લાખ' નામનું કઠોળ દુષ્કાળ સામે ટકી રહેતું અને સસ્તું હતું, તેથી વેપારીઓ તુવેરની દાળમાં તેની ભેળસેળ કરતા હતા. આ સ્થિતિ ત્યારે હતી જ્યારે ભારત સરકારે ૧૯૬૧માં જ 'લાખ'ના વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો હતો, કારણ કે સ્વાદમાં સહેજ કડવી લાગતી આ દાળ સ્વાસ્થ્ય માટે જોખમી હતી. તેનાથી 'લેથિરિઝમ' (lathyrism) નામનો રોગ થતો હતો, જેનેચેતાતંત્ર અને હાડપિંજરને કાયમી નુકસાન પહોંચાડતો હતો (ઘણા લોકો તેના કારણે પગથી લકવાગ્રસ્ત



થઈ ગયા હતા). કેટલાક રાજ્યોમાં આવા જોખમી વિકલ્પોનો વપરાશ ચાલુ રહ્યો, તે દર્શાવે છે કે લોકોના આહારમાં દાળ કેટલી અનિવાર્ય ગણાતી હતી. 'દલિત ક્વિન્સ ઓફ મરાઠવાડા' (૨૦૨૪) પુસ્તકના લેખક, ૬૩ વર્ષીય શાહુ પાટોલે કહે છે, "જ્યારે માંસ ઉપલબ્ધ ન હોય, ત્યારે અમે દાળ પર નિર્ભર રહેતા હતા." તેઓ ઉમેરે છે કે આજે તુવેર, મગ, ચણા, મસૂર, અડદ, મટકી, ચોળી અને વટાણા તેમના મુખ્ય આહારનો ભાગ છે. તેમના ગામમાં, ખેતમજૂરોને તેમની મજૂરીના બદલામાં પાકનો હિસ્સો આપવાની લાંબા સમયથી ચાલી આવતી પ્રથા છે.

મૈસુરુ દલિત જૂથો LIC સર્કલ ખાતે જમ્બો અર્જુન સ્મારકનો વિરોધ કરે છે, હાઈવે સર્કલ સ્થળની માંગ કરે છે

(એજન્સી) મૈસુરુ, તા.૨૧

ઉત્તર મૈસુરુમાં બન્નીમંતાપ નજીક LIC સર્કલ, જેને મિલેનિયમ સર્કલ તરીકે પણ ઓળખવામાં આવે છે, ખાતે ૨૦૨૩માં જંગલી દંશ પકડવાની કામગીરી દરમિયાન મૃત્યુ પામેલા મૈસુરુ દશરા હાથી અર્જુનના પ્રસ્તાવિત સ્મારકને લઈને વિવાદ શરૂ થયો છે. દલિથા અને માદિગા સમુદાય સંગઠનોના સભ્યોએ શુક્રવારે મૈસુરુ સિટી કોર્પોરેશન (MCC)ની બહાર પ્રસ્તાવિત સ્મારક અને LIC સર્કલનું નામ બદલીને અર્જુન મેમોરિયલ સર્કલ રાખવા સામે વિરોધ કર્યો. વિરોધીઓએ જણાવ્યું હતું કે MCCએ ૨૦૦૩માં કાઉન્સિલના ઠરાવ દ્વારા સર્કલનું નામ પૂર્વ મંત્રી અને દલિત નેતા ટીએન નરસિંહમૂર્તિના નામ પર રાખ્યું હતું. MCCએ સર્કલ પર ટી નરસિંહમૂર્તિની મૂર્તિ સ્થાપિત કરવાનું વચન આપ્યું હતું પરંતુ તેમ કરવામાં નિષ્ફળ ગયું હતું, તેમણે જણાવ્યું હતું. પ્રદર્શનકારીઓએ જણાવ્યું હતું કે પૂર્વ મંત્રી, જે ઘણા પૂર્વ મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓની નજીક હતા, તેમણે દલિત કલ્યાણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. મૈસુરના એનઆર મોહલ્લામાં તેમણે બનાવેલી છાત્રાલયમાં અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓ આઈએએસ અને કેએએસ અધિકારી બન્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે સ્થાનિક ધારાસભ્ય તનવીર સૈત અને સાંસદ યદુવીર વાડિયારની એલઆઈસી સર્કલમાં સ્મારકના બાંધકામને ઝડપી બનાવવા માટે અધિકારીઓને મળવા બદલ નિંદા કરી હતી, અને આ પગલાને દલિત હિતોની વિરુદ્ધ ગણાવ્યું હતું. પ્રદર્શનકારીઓએ સરકારને હાઈવે સર્કલમાં સ્મારક બનાવવા વિનંતી કરી હતી. જો એલઆઈસી સર્કલમાં બાંધકામ ચાલુ રહેશે તો તેમણે આંદોલન કરવાની ધમકી આપી હતી અને તેનું નામ બદલીને અર્જુન મેમોરિયલ સર્કલ રાખ્યું હતું. દરમિયાન, યદુવીર અને સૈતે શુક્રવારે કમ્માન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (સીએડીએ) ઓફિસમાં એમસીસી અને પ્રવાસન વિભાગના અધિકારીઓને સ્મારક માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટની ચર્ચા કરવા માટે મળ્યા હતા. તેઓએ સ્મારકની ડિઝાઇન, માળખું અને અમલીકરણ, એલઆઈસી સર્કલનું સૂચિત નામકરણ અને વહીવટી અને તકનીકી પ્રક્રિયાઓની ચર્ચા કરી હતી.

છતરપુરમાં ગામના ગુંડાઓની ગુંડાગીરી સતત ચાલુ છે; જો તેમને પાણી ખેંચવાની મંજૂરી ન મળે તો તેઓ કૂવામાં પેશાબ કરે છે : દલિતો હેરાન

(એજન્સી) છતરપુર, ,તા.૨૧

બુંદેલખંડના છતરપુરમાં ફરી એકવાર દલિતો પર ગુંડાગીરીનો આતંક જોવા મળ્યો છે. એવો આરોપ છે કે આજે પણ દલિત પરિવારોને ગામના મંદિરમાં પૂજા કરવાની કે હેન્ડપંપમાંથી પાણી ખેંચવાની મંજૂરી નથી. જો તેઓ કૂવામાંથી પાણી ખેંચવાનો પ્રયાસ કરે છે, તો ગામના ગુંડાગીરીઓ તેમને કૂવામાં પેશાબ કરવા દબાણ કરે છે. પીડિત દલિત પરિવારે ન્યાય મેળવવા માટે પોલીસ અધિક્ષકનો સંપર્ક કર્યો છે. દલિત પરિવારનો આરોપ છે કે તેમને કૂવામાંથી પાણી ખેંચવા દેવામાં આવતું નથી. દલિત પરિવારનો આરોપ છે કે તેમને કૂવામાંથી પાણી ખેંચવા દેવામાં આવતું નથી. છતરપુર શહેરથી ૫૦ કિલોમીટર દૂર બદામલહરા સબડિવિઝનના ભગવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રીછરા ગામમાં દલિત સમુદાયના સભ્યો સામે કથિત ભેદભાવ અને ગુંડાગીરીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગામના પીડિત આહિરવાર પરિવારે કેટલાક શક્તિશાળી લોકોની ગુંડાગીરીની પોતાની અગ્નિપરીક્ષાનું વર્ણન કર્યું છે. પીડિત પ્યારેલાલ આહિરવાર

છતરપુરના એક દલિત પરિવારે ગામના કેટલાક ગુંડાગીરીઓ પર કૂવામાંથી પાણી ખેંચવા અને મંદિરમાં પ્રવેશવાથી રોકવાનો આરોપ લગાવ્યો છે

(નામ બદલ્યું છે)નો આરોપ છે કે "ગામમાં દલિત પરિવારોને જાહેર કૂવામાંથી પાણી ખેંચવાની પણ મંજૂરી નથી. જ્યારે તેઓ સરકારી કૂવામાં જાય છે, ત્યારે કેટલાક લોકો કથિત રીતે કૂવાનો ઉપયોગ બાથરૂમ માટે કરે છે જેથી દલિતો ત્યાંથી પાણી ખેંચી ન શકે." છતરપુરમાં, એક દલિતને ઘોડા પર સવાર જોઈને શક્તિશાળી લોકો ગુસ્સે થયા હતા; ધાર્મિક વિધિ પોલીસ સુરક્ષા હેઠળ પૂર્ણ કરવામાં આવી હતી. મહિલાઓને મંદિરમાં પ્રવેશવાની મંજૂરી નહોતી, સામાજિક ભેદભાવના આરોપો. ગામના દલિત સભ્યો સામાજિક ભેદભાવનો સામનો કરી રહ્યા છે. કાર્તિક મહિનામાં મહિલાઓને મંદિરમાં પ્રવેશતા પણ અટકાવવામાં આવે છે. "જો તેઓ વિરોધ કરે તો તેમને મારવામાં આવે છે." દલિત પરિવાર ગઈકાલે પોલીસ અધિક્ષકની ઓફિસમાં ગયો અને પોતાની કરુણતા વર્ણવી. મહિલાઓએ પોલીસને જણાવ્યું કે ઘટના બાદ ૧૮ નવેમ્બરના રોજ ભગવાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેમનું કહેવું છે કે પોલીસે SC/ST એક્ટની નાની કલમો હેઠળ ફક્ત ચાર લોકો સામે કેસ નોંધ્યો છે. ફરિયાદ નોંધાવવા છતાં, તેમને ધમકીઓ મળી રહી છે. આરોપીઓ તેમને ટ્રેક્ટરથી કચડી નાખવાની ધમકી આપી રહ્યા છે, જેનાથી પરિવારમાં આતંકનું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે. પીડિતાના પરિવારે જણાવ્યું કે ગામના પ્રભુત્વ ધરાવતા પુત્રવધૂઓ તેમના અશ્લીલ ગીતો ગાવા, સામાજિક કાર્યક્રમોમાં ઘોડા પર સવારી કરવા અને જૂતા પહેરવા સામે વાંધો ઉઠાવે છે. પ્યારેલાલ આહિરવાર કહે છે કે તેઓ ગામમાં જાતિ આધારિત અપમાન અને ભેદભાવનો સામનો કરી રહ્યા છે. પીડિત આહિરવાર પરિવારે વહીવટીતંત્રને આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવા, કેસમાં યોગ્ય કલમો ઉમેરવા, તેમની ધરપકડ કરવા અને પરિવારને સુરક્ષા પૂરી પાડવાની માંગ કરી છે.

સેન્ચુરિયન કે.એલ. રાહુલે SENA દેશોમાં રચ્યો ઈતિહાસ, શુભમન ગિલ ૯૮ રને આઉટ; વેલિંગ્ટનમાં ભારત મજબૂત સ્થિતિમાં

કે.એલ. રાહુલની ઐતિહાસિક ૧૩૬ રનની ઇનિંગ, શુભમન ગિલના ૯૮ રન અને રિષભ પંતના અણનમ ૫૫ રનની મદદથી ભારતે ત્રીજા દિવસે ૪૮૬/૪નો સ્કોર નોંધાવ્યો છે, જેનાથી તેમને ન્યૂઝીલેન્ડ સામે ૧૧૮ રનની લીડ મળી છે

તા.૨૧

વેલિંગ્ટનના બેસિન રિઝર્વ ખાતે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતે મેચ પર પોતાની પકડ મજબૂત કરી લીધી છે. યજમાન ટીમને પહેલા બેટિંગ કરવા આમંત્રણ આપ્યા બાદ, ભારતે તેમને ૭૦/૫ પર લાવી દીધા હતા, પરંતુ તેમ છતાં ન્યૂઝીલેન્ડ ૩૬૮ રન સુધી પહોંચવામાં સફળ રહ્યું. ત્યારબાદ યશસ્વી જયસ્વાલ અને કે.એલ. રાહુલે ભારતને મજબૂત શરૂઆત અપાવી અને પ્રથમ વિકેટ માટે ૧૩૦ રનની ભાગીદારી નોંધાવી. બીજા દિવસના અંતિમ ભાગમાં ડાબોડી બેટ્સમેન (જયસ્વાલ) આઉટ થયા હતા.

ત્રીજા દિવસે ભારત ૧૫૯/૧ના સ્કોરથી આગળ રમવા ઉતર્યું, જેમાં રાહુલ અને દેવદત્ત પડિક્કલ મેદાન પર હતા. બેસિન રિઝર્વ ખાતે દિવસની શરૂઆતમાં બંને બેટ્સમેનો સાવચેતીપૂર્વક રમ્યા. શરૂઆતના ૧૪ બોલમાં ભારત એક પણ રન બનાવી શક્યું નહીં અને પ્રથમ ૧૪ ઓવરમાં માત્ર ૩૧ રન જ ઉમેરાયા.

જેમ જેમ બંને બેટ્સમેનો ક્રિઝ પર જામ્યા, તેમ તેમ તેમણે ઝડપી ગતિએ રન બનાવવાનું શરૂ કર્યું. રાહુલે ભારતીય ઇનિંગ્સને સંભાળી રાખી. લંચ પછી તરત જ તેણે પોતાની ૧૩મી ટેસ્ટ સદી પૂરી કરી. જમણેરી બેટ્સમેન રાહુલે એક એવી સિદ્ધિ હાંસલ કરી જે મહાન સુનીલ ગાવસ્કર પણ મેળવી શક્યા ન હતા. તે ચારેય SENA દેશોમાં (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) ટેસ્ટ સદી ફટકારનાર પ્રથમ ભારતીય ઓપનર બન્યો છે. એશિયન ઓપનરોમાં, માત્ર સઈદ અનવર જ આ સિદ્ધિ મેળવી શક્યા હતા.

વેલિંગ્ટનમાં ભારતની ઇનિંગ્સમાં શુભમન ગિલ અને રિષભ પંતનું યોગદાન કેવું રહ્યું? બીજી બાજુ, દેવદત્ત પડિક્કલ સ્થિર દેખાતા હતા અને ત્રીજા ક્રમે તેમણે ખૂબ જ સચોટ ભૂમિકા ભજવી હતી. આ ડાબોડી બેટ્સમેને ૧૭૫ બોલમાં ૮૦ રન બનાવ્યા, પરંતુ ત્યારબાદ કાયલ જેમિસને બીજા નવા બોલ સાથે એક શાનદાર ડિલિવરી ફેંકીને તેમને આઉટ કરી દીધા. બોલ ઓફ-સ્ટમ્પની લાઇન પર પડ્યો અને પોતાની લાઇન જાળવી રાખી, જ્યારે પડિક્કલે બોલ અંદરની તરફ આવશે તેવું ધારીને શોટ રમ્યો હતો. બોલ બેટની બહારની કિનારી (એજ) પાસેથી પસાર થઈને સીધો ઓફ-સ્ટમ્પ સાથે અથડાયો, જેનાથી મેદાન પર પડિક્કલના સંઘર્ષનો અંત આવ્યો.

વેલિંગ્ટનમાં રેકોર્ડબ્રેક સદી ફટકારીને KL રાહુલ કોહલી અને તેંડુલકર જેવા દિગ્ગજોની ક્લબમાં જોડાયા

KL રાહુલે વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ સામે ધીરજપૂર્વક બેટિંગ કરતા ૨૦૯ બોલમાં સદી પૂરી કરી, આ ઇનિંગ્સ સાથે તેઓ તમામ SENA (દક્ષિણ આફ્રિકા, ઇંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) દેશોમાં ટેસ્ટ સદી ફટકારનારા પ્રથમ ભારતીય ઓપનર બન્યા છે

તા.૨૧

KL રાહુલે વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ સામે સખત મહેનત બાદ સદી ફટકારીને ભારતને ખુશ થવાની તક આપી છે. આ સાથે તેઓ વિરાટ કોહલી, સચિન તેંડુલકર અને ગૌતમ ગંભીર જેવા ખેલાડીઓની હરોળમાં એટલે કે એક વિશિષ્ટ ક્લબમાં સામેલ થયા છે. બેસિન રિઝર્વ ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં ૨૦૯ બોલનો સામનો કરીને સદી પૂરી કરનાર



રાહુલ, ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ સદી ઓપનર બન્યા છે. આ સદી સાથે કોહલી, રાહુલ દ્રવિડ અને દિગ્ગજોની યાદીમાં સામેલ થઈ SENA દેશોમાં ટેસ્ટ સદી બેટર છે અને આવું કરનારા તેઓ ઇનિંગ્સ મોટા શોટ્સ કે ઝડપી રન બદલે, રાહુલે લાંબા સમય સુધી ન્યૂઝીલેન્ડના ઝડપી બોલરોનો કર્યું કે ભારતને મળેલી સારી શરૂઆત વેડફાઈ ન જાય. કદાચ હોવાનો તેમને ફાયદો મળ્યો હશે. શ્રેણી શરૂ થાય તે પહેલાં, રાહુલ અને યશસ્વી જયસ્વાલે ન્યૂઝીલેન્ડમાં સમય વિતાવ્યો હતો અને ભારતની 'રેડ-બોલ' (લાલ દડાની ક્રિકેટ) તૈયારીના ભાગરૂપે 'ન્યૂઝીલેન્ડ છ' સામે મેચો રમી હતી. રાહુલ એક અનઓફિશિયલ (બિનસત્તાવાર) ટેસ્ટમાં રમ્યા હતા, જ્યારે જયસ્વાલે ત્રણેય મેચો રમી હતી. આનાથી બંને બેટરોને ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલાં મેદાન પર પૂરતો સમય વિતાવવાની તક મળી.

-: જાહેર નોટિસ :-

નગર રચના યોજના નં. ૩૦૭ (સાંતેજ-૨કનપુર)

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નગર રચના યોજના નં. ૩૦૭ (સાંતેજ-૨કનપુર)ની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તો બાબતે યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત સંબંધ ધરાવતા તમામ વ્યક્તિઓને અત્રેની કચેરી દ્વારા પ્રાપ્ત સરનામાઓને આધારે વ્યક્તિગત નોટિસો બજાવીને, તેઓના વાંધાસૂચનો રજૂ કરવા જણાવી તા.૨૧/૧૦/૨૦૨૬થી તા.૨૩/૧૦/૨૦૨૬ સુધી પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ કોઈ જમીનમાલિકો/હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓને સદર કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તોની નોટિસ પૂરતા સરનામાને અભાવે કે બીજા કોઈ કારણોસર મળેલ ન હોય તો પ્રાથમિક પુરાવા તથા જમીનમાલિકી હક્કના અધિકૃત આધાર પુરાવા સાથે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા લેખિત વાંધા સૂચનો સાથે આ કચેરીના નીચે જણાવેલ સરનામે દિન-૦૭માં રજૂ કરવા વિનંતી છે. તેમ છતાં રજૂઆત કરવામાં આવશે નહીં તો અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિકો/હિતસંબંધ ધરાવનાર તમામ વ્યક્તિઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

તા.૨૦/૧૧/૨૦૨૬

સ્થળ : અમદાવાદ

સહી
નગર રચના અધિકારી,
નગર નિયોજક-૪
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ

કચેરીનું સરનામું :-
નગર રચના અધિકારી (નગર નિયોજક-૪)
નગર રચના અધિકારીની કચેરી,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧
ઓફિસ નં.૪૧૭, ચોથો માળ, નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ક્રમાંક /સંમાનિ/અમદ/૧૨૨૫/૨૦૨૬

ગુજરાત ટુડે ટ્યુકડી જાહેર ખબર

જોઈએ છે

ઓફિસ બોય જોઈએ છે
ઉમર ૧૮થી ૨૪ વર્ષ, લાયકાત : ધોરણ ૧૦-૧૨ પાસ, સરનામું : એ૧-૧૦૩, સાયન હિલ્સ, સારણી સોસાયટી મસ્જિદની સામે, જીવરાજ પોલીસ ચોકીની પાછળ, જીવરાજ પાર્ક, અમદાવાદ
સંપર્ક : 8160811883

કેશ કાઉન્ટર પર બેસવા માટે માણસ જોઈએ છે
કોમ્પ્યુટર બેઝિક નોલેજ જરૂરી, શીતલ, ઢાલગરવાડ
9904615444

વેચવાનું છે

દુકાન વેચવાની છે
ટ્યુટોરિયલ માર્કેટ, ત્રણ દરવાજા, ફર્સ્ટ ફ્લોર
9898951030

ફ્લેટ વેચવાનો છે
1 રૂમ, કિચન, ફર્સ્ટ ફ્લોર, ન્યુ આશિયાના એપાર્ટમેન્ટ શાલીમાર સિનેમા સામે, શાહઆલમ
કોન્ટેક્ટ : 9824439435

વેચવાની છે દુકાન
રોડ ટચ 250 ચો.રસ ફૂટ, મુસ્લિમ પાર્ટી માટે, પાલડી વિસ્તારમાં
9998882095
9898989011

ફ્લેટ વેચવાનો છે
3 BHK, TP 85, સરખેજ, 70 લાખ
Broker : 8320798770

ન્યુ ફ્લેટ વેચવાનો છે
2 BHK, ટાઈટલ ક્લિયર, 155 વાર + 20 ફૂટ જગ્યા સરખેજ
બ્રોકર : 8320798770

500 sq ft furnished office for Rent
Mithakhali muslim society.
Broker -9825415296

300 vaar 3 BHK flat for sell
Muslim society
Navrangpura
Broker-9825415296

500 sq ft office for Rent/sell
Pratiksha bldg Paldi
Broker - 9825415296

900 to 1400 sq ft office for Rent
Sivanta Paldi
Broker - 9825415296

Gr floor 1300 sq ft showroom for sell
Relief road.
Broker - 9825415296

વેચવાના છે
ખાનપુરમાં ગ્રાઉન્ડ ફ્લોર એક મોટો રૂમ એક નાના રૂમ કિચન, બાથરૂમ, ગેલેરી કોન્ટેકટ
07925504048

ફ્લેટ વેચવાનો છે
પાલડી, 2 BHK, મોકાનો, પ્રાઈમ લોકેશન, ફુલ હવા ઉજાસ, એલોટેડ પાર્કિંગ
9499741838

ફ્લેટ વેચવાનો છે
3 BHK મુસ્લિમ સોસાયટી, નવરંગપુરા, 135 વાર, Fully Furnished
મો. 9879551416

પ્લોટ વેચવાનો છે
અલ-આયના ગ્રીનમાં 638 વાર, NA કમ્પલિટ
8401199182

વેચવાનું છે ફાર્મ હાઉસ
ફુલ્લી ફર્નિશ્ડ, સ્વિમિંગ પુલ, ઈન્ડોર ગેમ, હોમ થિયેટર,, ગુડ લેન્ડ સ્કેપ, મેઈન રોડ ટચ, ખેડા હાઈવે પાસે
9227707808

ટાઈટલ ક્લિયર દસ્તાવેજવાળી ઓફિસ વેચવાની છે
640 સ્કવેર ફીટ+ જાજરૂ, બાથરૂમ અલગ (આશરે 70 વાર) બી-101, ફન્ટ રોડ સાઈડ, મહાવીર ચેમ્બર્સ, સલાપસ રોડ, કોન્ટેકટ 9574280152

મકાન અને જમીન ભાડે-વેચાણ

ભાડે લેવા વેચવા તાત્કાલિક સંપર્ક કરો
તાત્કાલિક જોઈએ છે ફ્લેટ, દુકાન, ઓફિસ, પાલડી, નવરંગપુરા, ખાનપુર, કાલુપુર, દરિયાપુર
9327646982

દુકાન ભાડે આપવાની છે
ગોલ્ડન ટાવર સામે, ખાનપુર
9824353502

Apex Property Solution
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui
9099421218
Anis Farooqui
9099521218

મલ્ટી N A પ્લોટ વેચાણ આપવાનો છે
465 વાર, અહદ ક્લબથી આગળ, સિલ્વર લાઈનમાં, અંબર ટાવરથી આગળ, 100 ફૂટ રોડ
M. 9825867352
M. 9374039939

બંગલો વેચાણથી
હવા ઉજાસવાળો હાઈફાઈ એરિયામાં
8733976460

કાદરી કન્સલ્ટન્ટ
જમીન, મકાન, દુકાન, ગોડાઉન, હોસ્પિટલના લે વેચ તથા ભાડા માટે
ફરીદ શેખ
9924318226

વ્યવસાયીલક્ષી/ અન્ય

મારું નામ જ્યોતી રાજકુમાર શત્રુશાલબહાદુરસિંહથી બદલી જ્યોતી સિંહ રાખેલ છે. ૫૦૧, લેજરડીન લો ગાર્ડન સામે, અમદાવાદ

OLD NAME :
FAZALMAHMAD JANMAHANMAD MEMAN
NEW NAME :
FAZALMAHAMAD J MEMON
ADDRESS : R/O-64, KIFAYATNAGAR, SAVGADH, TA. HIMATNAGAR, DIST, SABARKANTHA, GUJARAT - 383220

લગ્ન વિષયક

મુસ્લિમ લગ્ન વિષયક
ગવર્નમેન્ટ જોબ ધરાવતા મુસ્લિમ યુવક-યુવતીઓના 500થી વધુ બાયોડેટા અને તે સિવાય બીજા 7000થી વધુ હાઈલી એજ્યુકેટેડ મુસ્લિમ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો.
9825091851
યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો
www.ummbonline.com

અગત્યની સૂચના

લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

Businessman
Tabligi Boy 24
Reputed Builder
Elite Family.
Ahmedabad.
Looking Tabligi Educated Beautiful Girl Elite Family Only. Urgent WhatsApp
+ 91 9327071001
(Instagram ID : vip.muslimmb)

Canada Citizen
Beautiful Girl 31
Well Educated Elite Family Looking Indian Or NRI Flite Family Only. Urgent WhatsApp
+ 91 9327071001
Instagram ID : vip.muslimmb

ગુજરાત ટુડે
આપની ટ્યૂકડી જાહેર ખબર નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો
ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ
મો.૯૭૩૭૪૪૬૩૬૬
કિસ્મત બુક સ્ટોર
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર કોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૮૮૯
જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,
મો.૯૯૯૮૮૮૦૩૩૦

સંયુક્ત રાષ્ટ્રની ટોચની અદાલતે રોહિંગ્યા વિરુદ્ધ નરસંહાર માટે મ્યાનમારને દોષિત ઠેરવ્યું

૨૦૧૯માં ICJમાં દાખલ કરાયેલા કેસમાં, ગામ્બિયાએ મ્યાનમાર પર ૧૯૪૮ના નરસંહાર સંમેલનનો ભંગ કરવાનો આરોપ મૂક્યો હતો

(એજન્સી) તા.૨૧

હેગ ખાતેની આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે ગુરુવારે લશ્કરી કાર્યવાહી અંગે પોતાનો ચુકાદો આપ્યો હતો જેના કારણે ૭,૩૦,૦૦૦થી વધુ મુખ્યત્વે મુસ્લિમ રોહિંગ્યા પડોશી દેશ બાંગ્લાદેશ ભાગી ગયા હતા.

ICJના પ્રમુખ યુજી ઈવાસાવાએ જણાવ્યું હતું કે કોર્ટે ૯-૬ના નિર્ણયમાં જણાવ્યું હતું કે મ્યાનમારે "ઉત્તરી રાખીન રાજ્યમાં રોહિંગ્યા જૂથ સામે નરસંહાર કર્યો છે, જે નરસંહાર સંમેલન હેઠળની તેની જવાબદારીઓનું ઉલ્લંઘન છે."

કોર્ટમાં નરસંહાર માટે કોઈ રાજ્યને જવાબદાર ઠેરવવામાં આવ્યું હોય તેવું પહેલી વાર બન્યું છે. નાઝી હોલોકોસ્ટ પછી આ ચુકાદો ફક્ત ચોથી વખત હતો જ્યારે કોઈ આંતરરાષ્ટ્રીય અદાલતે ગુનો આચર્યો હોવાનો ચુકાદો આપ્યો હતો. આ કેસ પશ્ચિમ આફ્રિકન રાષ્ટ્ર ગામ્બિયા દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો, જેણે ૨૦૧૯ માં મ્યાનમાર પર રોહિંગ્યા લોકોનો નાશ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેણે ICJને એવો ચુકાદો આપવા કહ્યું હતું કે મ્યાનમાર ૧૯૪૮ના નરસંહાર સંમેલનનું ઉલ્લંઘન કરે છે, રોહિંગ્યાઓને લક્ષ્ય બનાવતી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બંધ કરવાનો આદેશ આપે અને નરસંહાર માટે જવાબદાર લોકોને સજા મળે તેની ખાતરી કરે.

મ્યાનમારે દાવો કર્યો હતો કે તેની કાર્યવાહી અરાકાન રોહિંગ્યા સાલ્વેશન આર્મી (ARSA)ના લડવૈયાઓ દ્વારા પોલીસ ચોકીઓ પર હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. પુરાવા દર્શાવે છે કે મ્યાનમારના દળોએ ૧૦,૦૦૦ રોહિંગ્યાની હત્યા કરી હતી, ઈવાસાવાએ ચુકાદાના ત્રણ કલાકના વાંચન દરમિયાન જણાવ્યું હતું.

કોર્ટને જાણવા મળ્યું છે કે મ્યાનમારના સુરક્ષા દળોએ હજારો રોહિંગ્યા નાગરિકોની હત્યા કરી, જાતીય હિંસાના વ્યાપક કૃત્યો તેમજ બાળકો સામે ભારે હિંસાના કૃત્યો કર્યા અને મોટી સંખ્યામાં બાંગ્લાદેશ ભાગી રહેલા રોહિંગ્યા પર હુમલો કર્યો," તેમણે ઉમેર્યું.

તેમણે ઉલ્લેખ કરેલા ચોક્કસ કેસોમાં, તેમણે કહ્યું કે મ્યાનમાર "નરસંહારના ઈરાદા" સાથે કાર્ય કર્યું છે. ICJએ કહ્યું કે મ્યાનમાર સુરક્ષા દળો દ્વારા વ્યાપક અત્યાચારોના પુરાવા પરથી "એકમાત્ર વાજબી નિષ્કર્ષ" એ છે કે તેમનો ઈરાદો રોહિંગ્યા લઘુમતીનો "નોંધપાત્ર ભાગ" નાશ કરવાનો હતો.

તેણે કહ્યું કે મ્યાનમારને ખબર હોવી જોઈએ કે જ્યારે સશસ્ત્ર નાગરિકોએ લશ્કરી અભિયાનમાં ભાગ લીધો ત્યારે નરસંહારનું જોખમ હતું. "આમ મ્યાનમાર નરસંહાર



અટકાવવાની તેની જવાબદારીનું ઉલ્લંઘન કરે છે," તેણે ઉમેર્યું. ઈવાસાવાએ કહ્યું કે મ્યાનમાર હવે "મ્યાનમારના ખોટા કૃત્યોના પરિણામે" વળતર અને વળતર આપવા માટે બંધાયેલો છે. કોર્ટે કહ્યું કે મ્યાનમાર દ્વારા યોગ્ય વળતરમાં શામેલ હશે: રોહિંગ્યાના સલામત અને સ્વૈચ્છિક વળતરને સરળ બનાવવું; નુકસાન પામેલી બધી સામૂહિક મિલકત પરત કરવી અથવા બદલવી; ગુમ થયેલા લોકોની શોધને સરળ બનાવવી અને યોગ્ય દફનવિધિ સુનિશ્ચિત કરવી; માનસિક રીતે ઘાયલ થયેલા લોકોના શારીરિક અને માનસિક પુનર્વસન માટે પ્રદાન કરવું; અને વસ્તીને જુલમથી રક્ષણ સુનિશ્ચિત કરવું.

હેગથી રિપોર્ટિંગ કરતા અલ જઝીરાના સ્ટેપ વેસેને જણાવ્યું હતું કે કોર્ટસ્થાપિત કર્યું કે ઓછામાં ઓછા ચાર નરસંહાર કૃત્યો સાબિત થયા છે. તે નાગરિકોની સામૂહિક હત્યા છે; લાખો લોકોનું બળજબરીથી વિસ્થાપન; જૂથને ગંભીર નુકસાન; અને જન્મ અટકાવવાનું.

ન્યાયાધીશના મતે, ૨૦૧૭ પહેલા રોહિંગ્યાઓને લાંબા સમયથી બીજા-વર્ગના નાગરિકો તરીકે ગણવામાં આવતા હતા, વેસેને કહ્યું. તેમણે ઉમેર્યું કે, તેમને જન્મ નિયંત્રણ કાર્યક્રમમાં ભાગ લેવાની પણ ફરજ પાડવામાં આવી હતી. તેથી ન્યાયાધીશે ખરેખર આને ખૂબ જ મજબૂત સમજૂતી તરીકે જોયું કે ... ત્યાં નરસંહારનું કૃત્ય કરવામાં આવ્યું હતું.

આ ચુકાદો "રોહિંગ્યા માટે અત્યંત મહત્વપૂર્ણ છે," અમારા સંવાદદાતાએ જણાવ્યું. "તેઓ કોઈપણ પ્રકારના ન્યાય માટે ૧૦ વર્ષથી રાહ જોઈ રહ્યા છે, પરંતુ તે સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાય માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે નરસંહાર સાબિત કરવો ખૂબ મુશ્કેલ કાર્ય છે."

કોઈપણ નરસંહાર કેસનો સૌથી મુશ્કેલ ભાગ એ છે કે કોઈ જૂથને સંપૂર્ણ અથવા આંશિક રીતે નાશ કરવાનો ચોક્કસ ઈરાદો સાબિત કરવો - એક અત્યંત ઉચ્ચ પ્રતિબંધ - આંતરરાષ્ટ્રીય માનવાધિકાર વકીલ ટોબી કેડમેનએ જણાવ્યું. તેમણે નોંધ્યું કે ICJએ પહેલાં ક્યારેય ચુકાદો આપ્યો નથી કે કોઈ રાજ્યનો નરસંહાર કરવાનો ચોક્કસ ઈરાદો છે. "આ અદાલત નરસંહાર સંમેલન અને નરસંહાર સંમેલન શું કહે છે તેના દ્વારા માર્ગદર્શન આપે છે અને તે એક ઉચ્ચ મર્યાદા છે," કેડમેને અલ જઝીરાને જણાવ્યું.

માનવાધિકાર સંગઠનોએ આ ચુકાદાનું સ્વાગત કર્યું. "અમને આશા છે કે આ ચુકાદો મ્યાનમારમાં જવાબદારીની લાંબા સમયથી વિલંબિત પ્રક્રિયાની શરૂઆત કરશે," એમનેસ્ટી ઈન્ટરનેશનલે એક નિવેદનમાં જણાવ્યું. તેણે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળના તમામ ગુનાઓની "અસરકારક રીતે તપાસ થવી જોઈએ અને જવાબદાર શંકાસ્પદ લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે".

કેડમેને કહ્યું કે ICJના ચુકાદા સાથે પરિસ્થિતિનો અંત આવતો નથી અને ઘણું બધું આગળ શું આવે છે તેના પર નિર્ભર રહેશે. આમાં સામેલ છે કે શું આ મુદ્દો યુએન સુરક્ષા પરિષદ સમક્ષ જાય છે અને શું પ્રતિબંધો છે, અથવા કોર્ટ તેનો અમલ સુનિશ્ચિત કરવા માટે આદેશ આપી શકે તેવા અન્ય ઉપાયો છે.

યુએનના જણાવ્યા અનુસાર, દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયામાં ૧૩ લાખથી વધુ રોહિંગ્યા વિસ્થાપિત છે, જેમાં બાંગ્લાદેશના કોક્સ બજારમાં ફેલાયેલા શરણાર્થી શિબિરોમાં ૧૨ લાખ સમાવેશ થાય છે. સંઘર્ષ, માનવતાવાદી સહાયમાં ઘટાડો અને દા.ત.ખતરનાક દરિયાઈ ક્રોસિંગ સમુદાયના ઘણા સભ્યોને વિસ્થાપિત અને સંવેદનશીલ બનાવે છે.

રાજસ્થાન મતદાર યાદીમાં ત્રણ યાદીઓમાં ૩૦ લાખ ભિન્નતા દર્શાવતા પ્રશ્નો ઊભા થયા

નવેમ્બરના ડ્રાફ્ટ મતદાર યાદીમાં ૫.૨૬ કરોડ મતદારોની યાદી છે, જે ફેબ્રુઆરીની SIR યાદીમાં ૫.૧૫ કરોડ અને રાજ્ય ચૂંટણી પંચની ઓક્ટોબર યાદીમાં ૫.૪૫ કરોડ છે

(એજન્સી) જયપુર, તા.૨૧

રાજસ્થાનમાં છેલ્લા એક વર્ષમાં જારી કરાયેલી સત્તાવાર મતદાર યાદીમાં ત્રણ અલગ અલગ મતદારોની ગણતરી નોંધાઈ છે, જેમાં લગભગ ૩૦ લાખ નામો સૌથી ઓછા અને સૌથી વધુ આંકડાઓને અલગ પાડે છે, જે સુધારણા પ્રક્રિયા અને ચૂંટણી અધિકારીઓ તરફથી વિગતવાર સમજૂતીના અભાવ અંગે પ્રશ્નો ઉભા કરે છે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૧૨ નવેમ્બરના રોજ સ્પેશિયલ સમરી રિવિઝન (SSR) ૨૦૨૭ હેઠળ બહાર પાડવામાં આવેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં ૫,૨૬,૬૭,૪૧૬ મતદારો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પછી પ્રકાશિત અંતિમ યાદીમાં નોંધાયેલા ૫.૧૫ કરોડ કરતા આ લગભગ ૧૧.૬૭ લાખ વધુ છે. જોકે, તાજેતરના ડ્રાફ્ટમાં હજુ પણ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે ઓક્ટોબર ૨૦૨૬માં પ્રકાશિત રાજ્ય ચૂંટણી પંચની મતદાર યાદીમાં સૂચિબદ્ધ ૫.૪૫ કરોડ કરતા લગભગ ૧૮.૩૩ લાખ ઓછા મતદારો છે. આ ત્રણેય આંકડાઓએ મતદાર કવરેજમાં તફાવત, યાદીઓ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ અને ક્રમિક સુધારા દરમિયાન કરવામાં આવેલા ફેરફારો અંગે નવા પ્રશ્નો ઉભા કર્યા છે. ECI સંસદીય અને વિધાનસભા ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરે છે, જ્યારે રાજ્ય ચૂંટણી પંચ પંચાયતો અને શહેરી મ્યુનિસિપલ સંસ્થાઓ સહિત સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે જવાબદાર છે. તેથી યાદીઓ અલગ અલગ ચૂંટણી હેતુઓ પૂરા પાડે છે. પરંતુ ઓક્ટોબર SEC યાદી અને નવેમ્બર ECI ડ્રાફ્ટ વચ્ચેનો તફાવત વિગતવાર તુલનાત્મક વિભાજન દ્વારા સમજાવવામાં આવ્યો નથી. રાજસ્થાનના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) નવીન મહાજનના જણાવ્યા અનુસાર, નવીનતમ ડ્રાફ્ટમાં ૨,૩૫,૨૪,૩૮૦ પુરુષ મતદારો, ૨,૫૧,૪૨,૦૫૨ મહિલા મતદારો અને ૫૮૪ ટ્રાન્સજેન્ડર છે. આ આંકડાઓ ફેબ્રુઆરી SIR કવાયત પછી કેટલા નામ ઉમેરવામાં આવ્યા હતા, તાજેતરના સુધારા દરમિયાન કેટલાને દૂર કરવામાં આવ્યા હતા અને સઘન કવાયત દરમિયાન કેટલા લોકોને બાકાત રાખવામાં આવ્યા હતા તે અંગે પ્રશ્નો ઉભા કરે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ની અંતિમ મતદાર યાદી ECI દ્વારા સઘન સુધારણા હાથ ધર્યા પછી પ્રકાશિત કરવામાં આવી હતી જેમાં હાલના મતદારોને ચકાસણી માટે ગણતરી ફોર્મ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ કવાયતમાં મોટી સંખ્યામાં નામો કાઢી નાખવા અને મતદાર પાત્રતા નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાતી પ્રક્રિયાઓ અંગે ટીકા થઈ હતી. રાજસ્થાન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ ઓક્ટોબર યાદીમાં આશરે ૫.૪૫ કરોડ મતદારો નોંધાયા હતા, જે ફેબ્રુઆરી ECIના આંકડા કરતા લગભગ ૩૦ લાખ વધુ છે. નવેમ્બરના ડ્રાફ્ટમાં બંને વચ્ચેની ગણતરી ૫.૨૬ કરોડ રાખવામાં આવી છે. જોકે ત્રણેય યાદીઓ અલગ અલગ ચૂંટણીઓ માટે અલગ અલગ સત્તાવાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી, પરંતુ તેમની સંબંધિત લાયકાત તારીખો, ભૌગોલિક કવરેજ, ડેટા સ્ત્રોતો અને નામો ઉમેરવા અથવા દૂર કરવાની પ્રક્રિયાઓની તપાસ કર્યા વિના તફાવતને સંપૂર્ણપણે સમજી શકાતો નથી. જિલ્લાવાર અને વિધાનસભા મતવિસ્તારવાર સરખામણી તફાવતો ક્યાંથી ઉદ્ભવે છે તે સ્થાપિત કરવામાં મદદ કરશે. તે એ પણ બતાવશે કે શું તેઓ ભૌગોલિક કવરેજમાં ભિન્નતા, પાત્રતા તારીખો, ઉમેરાઓ, કાઢી નાખવા અથવા ચૂંટણી રેકોર્ડમાં અન્ય ફેરફારો સાથે જોડાયેલા છે. નવીનતમ ડ્રાફ્ટ ફેબ્રુઆરી



SIR યાદીની તુલનામાં વધારાના ૧૧.૬૭ લાખ મતદારોને કેવી રીતે સમાવવામાં આવ્યા છે તેનો વિગતવાર હિસાબ પ્રદાન કરતું નથી. તેથી તે સ્પષ્ટ નથી કે કેટલા પ્રથમ વખતના મતદારો છે, કેટલા SIR કવાયત દરમિયાન બાકાત રાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ નોંધણી કરવામાં આવી હતી, અને કેટલા અન્ય નિયમિત અપડેટ્સ દ્વારા યાદીમાં દાખલ થયા હતા. નવીનતમ સુધારો ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જારી કરાયેલ ECI નિર્દેશને અનુસરે છે જેમાં રાજ્યોને પૂછવામાં આવ્યું હતું કે SIR કવાયત ક્યાં પૂર્ણ થઈ હતી જેથી લાયક મતદારોને ઓળખી શકાય જેમને બાકાત રાખવામાં આવ્યા હોઈ શકે. કમિશને અધિકારીઓને ફોર્મ ૬ દ્વારા ખાસ નોંધણી ઝુંબેશ ચલાવવાનો નિર્દેશ આપ્યો, જેથી લાયક નાગરિકો SIR પ્રક્રિયા દરમિયાન રજૂ કરાયેલી વધારાની ઘોષણાની જરૂરિયાત વિના સમાવેશ માટે અરજી કરી શકે. અધિકારીઓને સઘન સુધારણા પહેલા અને પછી મતદાર યાદીઓની તુલના કરવા અને યોગ્ય મતદારોને ઓળખવા માટે પણ કહેવામાં આવ્યું હતું જેમને ખોટી રીતે બાકાત રાખવામાં આવ્યા હોઈ શકે છે, જેમાં એવા લોકોનો પણ સમાવેશ થાય છે જેઓ ન તો મૃતક હતા કે ન તો કાયમી ધોરણે સ્થાનાંતરિત થયા હતા અને જેમના નામ ડુપ્લિકેટ ન હતા. આ ચૂચના રાજસ્થાન માટે સુસંગત છે કારણ કે નવીનતમ ડ્રાફ્ટ ફેબ્રુઆરી યાદીમાં લગભગ ૧૧.૬૭ લાખ મતદારોનો વધારો દર્શાવે છે. પરંતુ એકંદર વધારો એ સ્થાપિત કરતું નથી કે અગાઉ બાકાત રાખવામાં આવેલા કેટલા મતદારો યાદીમાં પાછા ફર્યા છે. ગુમ થયેલ માહિતીમાં SIR દરમિયાન બાકાત રાખવામાં આવેલા લોકો તરફથી મળેલી અરજીઓની સંખ્યા, કેટલા સ્વીકારવામાં આવ્યા હતા, કેટલા નવા નામ ઉમેરવામાં આવ્યા હતા અને નવીનતમ સુધારણા દરમિયાન કેટલી હાલની એન્ટ્રીઓ કાઢી નાખવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે. આ આંકડાઓ વિના, એ મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે કે શું નવીનતમ કવાયત અગાઉના સુધારા દરમિયાન ઉઠાવવામાં આવેલી ચિંતાઓને સંબોધિત કરી છે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ, ECIએ ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે ખાસ સારાંશ સુધારણાની જાહેરાત કરી. રાજસ્થાન સહિતના વિસ્તારો, જ્યાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા પહેલેથી જ પૂર્ણ થઈ ગઈ હતી. આ જાહેરાત, સઘન પુનરાવર્તન દરમિયાન મોટા પાયે નામો કાઢી નાખવા અંગેની ટીકાઓ અને હાલના મતદારોની ચકાસણી માટે અપનાવવામાં આવેલી પદ્ધતિઓ અંગેની ચિંતાઓ બાદ કરવામાં આવી છે.

"આપણા અસ્તિત્વનો ઐતિહાસિક પુરાવો" : રોહિંગ્યાઓએ મ્યાનમાર દ્વારા નરસંહાર કરવાના ICJના ચુકાદાનું સ્વાગત કર્યું, પ્રતિબંધો અને ન્યાયની માંગ કરી

એક રોહિંગ્યા અધિકાર જૂથે ICJના ચુકાદાનું સ્વાગત કર્યું છે કે મ્યાનમાર દ્વારા રોહિંગ્યા વિરુદ્ધ નરસંહાર કરવામાં આવ્યો છે અને જવાબદારી, વળતર અને પ્રતિબંધોની માંગ કરી છે

(એજન્સી) તા.૨૧

એક રોહિંગ્યા અધિકાર જૂથે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ)ના રોહિંગ્યા મુસ્લિમ લઘુમતી વિરુદ્ધ નરસંહાર માટે મ્યાનમારને જવાબદાર ઠેરવવાના સીમાચિહ્નરૂપ ચુકાદાની પ્રશંસા કરી છે. જૂથે તેને દાયકાઓથી ચાલી રહેલા જુલમને માન્યતા આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે અને ન્યાય, વળતર અને વધુ અત્યાચારોને રોકવા માટે પગલાં લેવાની હાકલ કરી છે. રોહિંગ્યા માનવ અધિકાર પહેલે કહ્યું કે ICJના ચુકાદાથી રોહિંગ્યા દ્વારા સહન કરાયેલા અત્યાચારોની આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, જેમાં સામૂહિક હત્યાઓ, જાતીય હિંસા, ગામડાઓનો વિનાશ અને વર્ષોથી વ્યવસ્થિત સતાવણીનો સમાવેશ થાય છે. સંગઠને ધ ગેમ્બિયા વિરુદ્ધ મ્યાનમારમાં ચુકાદાને સમુદાયના દુઃખ અને તેમના પર કરવામાં આવતી હિંસાના રેકોર્ડની મહત્વપૂર્ણ કાનૂની સ્વીકૃતિ તરીકે વર્ણવ્યું છે. ૧૯ નવેમ્બરના રોજ, ICJએ ૯-૬ બહુમતીથી ચુકાદો આપ્યો કે મ્યાનમારે ૨૦૧૭માં સૈન્યના ક્લિયરન્સ ઓપરેશન દરમિયાન ઉત્તરી રાખીન રાજ્યમાં રોહિંગ્યા વિરુદ્ધ નરસંહાર કર્યો હતો, જે ૧૯૪૮ના નરસંહારના ગુનાના નિવારણ અને સજા પરના સંમેલન હેઠળની તેની જવાબદારીઓનું ઉલ્લંઘન કરે છે. ૧૧ નવેમ્બર, ૨૦૧૯ના રોજ ગામ્બિયાએ મ્યાનમાર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કર્યાના લગભગ સાત વર્ષ પછી આ ચુકાદો આવ્યો, જેમાં દેશ પર રોહિંગ્યા વસ્તી સાથેના વર્તન દ્વારા નરસંહાર સંમેલનનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઓગસ્ટ ૨૦૧૭માં રાખીન રાજ્યમાં સૈન્યના કડક કાર્યવાહીને કારણે ૭,૦૦,૦૦૦થી વધુ રોહિંગ્યાઓને સામૂહિક હત્યાઓ, બળાત્કાર અને અન્ય જાતીય હિંસા, આગચંપી અને સમગ્ર ગામડાઓના વિનાશના અહેવાલો વચ્ચે પડોશી દેશ બાંગ્લાદેશ ભાગી જવાની ફરજ પડી હતી. મુખ્યત્વે મુસ્લિમ વંશીય લઘુમતીઓએ દાયકાઓથી સંસ્થાકીય ભેદભાવ અને નાગરિકત્વનો ઈનકાર પણ સહન કર્યો છે. રોહિંગ્યા સામે થયેલા અત્યાચારો માટે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ મ્યાનમારની જવાબદારી સ્થાપિત કરવા માટે ગેમ્બિયાએ ઈસ્લામિક સહકાર સંગઠનના સમર્થન સાથે આ કેસ રજૂ કર્યો હતો. જાન્યુઆરી ૨૦૨૦ માં, ICJએ મ્યાનમારને સમુદાય સામે નરસંહારના કૃત્યો અટકાવવા અને આરોપો સંબંધિત પુરાવાઓને સાચવવા માટે તેની શક્તિમાં તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. તેના તાજેતરના ચુકાદામાં, કોર્ટે શોધી કાઢ્યું હતું કે મ્યાનમાર પણ પુરાવાના નાશને રોકવા અને તેની જાળવણી સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ રહીને તે આદેશનું ઉલ્લંઘન કર્યું છે. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે મ્યાનમાર નરસંહાર અટકાવવા, જવાબદારોને સજા કરવા અને નરસંહાર સંમેલનને અમલમાં મૂકતા સ્થાનિક કાયદા ઘડવાની તેની જવાબદારીઓનું ઉલ્લંઘન કર્યું છે. તેણે મ્યાનમારને ૨૦૧૭ના ઓપરેશન દરમિયાન સંમેલન હેઠળ પ્રતિબંધિત કૃત્યો કરવા બદલ વાજબી રીતે શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવા અને જ્યાં જરૂરી હોય ત્યાં તેમને કાયદેસર રીતે સજા કરવા અને સજા કરવા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. તેણે દેશને ખાતરી અને ગેરંટી આપવાનો પણ આદેશ આપ્યો હતો કે આવા ઉલ્લંઘનો ફરીથી નહીં થાય. વળતર પર, ICJએ મ્યાનમારને રોહિંગ્યાના હિતમાં વળતરના પગલાં અપનાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેમાં રોહિંગ્યાઓના હિતમાં વળતરના પગલાં અપનાવવાનો સમાવેશ થાય છે, જેમાં તેમના રહેઠાણ સ્થાનોમાંથી વિસ્થાપિત થયેલા લોકોને સુરક્ષિત, સ્વૈચ્છિક અને ગૌરવપૂર્ણ રીતે પરત ફરવાની સુવિધા અને અલગ થયેલા પરિવારોના પુનઃમિલનને સરળ બનાવવાનો સમાવેશ થાય છે, પછી ભલે તેઓ મ્યાનમારમાં વિસ્થાપિત હોય કે વિદેશમાં. કોર્ટે એવો પણ ચુકાદો આપ્યો હતો કે મ્યાનમાર રોહિંગ્યા સમુદાય અને તેના સભ્યોને તેના ઉલ્લંઘનોથી થયેલા નુકસાન માટે વળતર આપશે. કોર્ટ કાર્યવાહીના અનુગામી તબક્કામાં વળતર અને અન્ય



વળતરની રકમ અને પદ્ધતિઓ નક્કી કરશે. તેણે મ્યાનમારને બે વર્ષની અંદર અપનાવવામાં આવેલા વળતરના પગલાં અને પ્રસ્તાવિત વળતરની વિગતો આપતો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ચુકાદાનું સ્વાગત કરતા, ROHRIngyaએ કહ્યું કે કોર્ટ દ્વારા મ્યાનમારના લશ્કરી નેતૃત્વ, જેમાં સિનિયર જનરલ મીન આંગ Fu$„નો સમાવેશ થાય છે, અને અરાકાન આર્મીની ભૂમિકાને માન્યતા આપવી એ રાજ્ય-સમર્થિત જુલમની પ્રકૃતિની મહત્વપૂર્ણ યાદ અપાવે છે. ચુકાદાના જવાબમાં, સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કોલિન ગોન્સાલ્વેસે આરોપ લગાવ્યો કે ભારત સરકારે રોહિંગ્યા શરણાર્થીઓની ધરપકડ કરીને, તેમને જહાજ દ્વારા મ્યાનમાર સરહદ પર લઈ જઈને અને સંઘર્ષ ક્ષેત્રમાં છીછરા પાણીમાં છોડીને "નરસંહારના શરમજનક કૃત્ય" તરીકે વર્ણવેલ ઘટનામાં ભાગ લીધો છે. "આ અંત નથી પણ ન્યાય અને જવાબદારી માટેની અમારી માંગની શરૂઆત છે," રોહિંગ્યા હ્યુમન રાઇટ્સ ઇનિશિયેટિવના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ક્વાવ મીન સબ્બરે જણાવ્યું.

સોનિયા ગાંધીના બાળપણના ઈટાલિયન ઘરના માલિક શીખ વ્યક્તિ તેને સંગ્રહાલયમાં ફેરવવા માંગે છે

ઈટાલીના વિસેન્ઝા પ્રાંતના લુસિયાનામાં આવેલું છ રૂમનું આ ઘર, બ્રેસિયામાં આવેલા તેમના નિવાસસ્થાનથી લગભગ એક કલાકના અંતરે છે

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના ઈટાલી સ્થિત બાળપણના ઘરને સંગ્રહાલયમાં ફેરવવામાં આવી શકે છે. આ યોજના પાછળ ઈટાલીમાં રહેતા શીખ ઉદ્યોગપતિ સુખદેવ સિંહ કાંગ છે, જેમણે છ વર્ષ પહેલાં આ મિલકત ખરીદી હતી. તેઓ ગાંધી પરિવારને મળીને એવી વસ્તુઓ મેળવવા માંગે છે જેને સંગ્રહાલયમાં પ્રદર્શિત કરી શકાય.

કાંગે પીટીઆઈ (PTI) સાથે ફોન પર વાત કરતા જણાવ્યું, "આ ઘરને 'ઈન્ડિયન હાઉસ' કહેવામાં આવે છે અને ત્યાં ત્રિરંગો પણ લહેરાવવામાં આવે છે. ઘરની બહાર લાગેલી નેમપ્લેટ પર તેને 'સોનિયા ગાંધીનું જન્મસ્થળ' તરીકે દર્શાવવામાં આવ્યું છે." ૫૨ વર્ષીય કાંગે જણાવ્યું કે, ઈટાલીના વિસેન્ઝા પ્રાંતના લુસિયાનામાં આવેલું છ રૂમનું આ ઘર બ્રેસિયામાં આવેલા તેમના નિવાસસ્થાનથી લગભગ એક કલાકના અંતરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સોનિયા ગાંધીનો જન્મ ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ ત્યાં જ થયો હતો અને તેમણે તેમના બાળપણના શરૂઆતના વર્ષો ત્યાં વિતાવ્યા હતા. હાલમાં અમૃતસરની મુલાકાતે આવેલા કાંગ, ૧૯૯૨માં હોશિયારપુરના એક ગામથી ઈટાલી ગયા હતા અને ત્યારથી તેઓ ત્યાં જ સ્થાયી થયા છે. ત્યાં સ્થાયી થવું સરળ નહોતું. તેમણે કહ્યું, "શરૂઆતમાં મેં ડેરી ફાર્મ, કૃષિ ક્ષેત્ર અને એક ફેક્ટરીમાં કામ કર્યું હતું..." તેમણે કહ્યું, "વર્ષ ૨૦૨૦માં, મેં મારી પત્ની અને પુત્રીના નામે આ ઘર ખરીદ્યું હતું... ત્યાં એક સંભાળ રાખનાર (કેરટેકર)ની નિમણૂક કરવામાં આવી છે. જો કોઈ પ્રવાસી આ ઘર જોવા માંગે, તો કેરટેકર તેમને તે જોવાની સુવિધા આપે છે." કાંગ આ મિલકત પાછળ, પ્રોપર્ટી ટેક્સ સહિત વાર્ષિક આશરે ૧,૦૦૦ યુરોનો ખર્ચ કરે છે. તેમણે જણાવ્યું કે તેઓ અને તેમનો પરિવાર ગાંધી પરિવારના પ્રશંસક છે અને દર વર્ષે સોનિયા ગાંધીના જન્મદિવસ નિમિત્તે એક મોટો જાહેર કાર્યક્રમ યોજીને ઉજવણી કરે છે. આ ઘર કેવી રીતે મેળવ્યું તે વિશે વાત કરતા, ઉદ્યોગપતિએ કહ્યું, "મને ઈટાલીમાં મારા કેટલાક સંપર્કો દ્વારા જાણવા મળ્યું કે ત્યાં એવી ઈચ્છા હતી કે આ ઘર કોઈ ભારતીય અને શીખ પરિવારને મળે." ત્યારથી, તેમણે આ ઘરને જેવું હતું તેવું જ રાખ્યું છે. તેઓ આશા રાખે છે કે ભવિષ્યમાં તેને એક સંગ્રહાલય (મ્યુઝિયમ) તરીકે વિકસાવવામાં આવશે, જેથી ઈટાલીની મુલાકાતે આવતા ભારતીયો માટે એક નવું પ્રવાસન સ્થળ ઉમેરી શકાય. કાંગે વિશ્વાસ વ્યક્ત કર્યો કે એકવાર સંપૂર્ણ રીતે વિકસિત થઈ ગયા પછી, આ સંગ્રહાલય સેંકડો મુલાકાતીઓને આકર્ષશે અને સ્થાનિક



ગામડાના અર્થતંત્રમાં યોગદાન આપશે. તેમના પત્ની અને પુત્રી પણ આ વિચાર સાથે સહમત છે. કાંગે કહ્યું, "મારા પરિવારે અગાઉ આ મિલકતને ભાડે આપવાના અથવા તેને ગુરુદ્વારામાં ફેરવવાના પ્રસ્તાવોને નકારી કાઢ્યા હતા, કારણ કે તેઓ સોનિયા ગાંધી અને મેનો પરિવાર સાથેના તેના ઐતિહાસિક જોડાણને જાળવી રાખવા માંગતા હતા." તેમણે વધુમાં કહ્યું કે તેઓ આ મિલકતને વહેલી તકે એક અત્યાધુનિક સંગ્રહાલયમાં ફેરવવા માંગે છે, પરંતુ પરિવાર સંબંધિત માહિતીના અભાવે આ પ્રોજેક્ટમાં અવરોધ આવી રહ્યો છે. હવે પછીનું પગલું સોનિયા ગાંધી અને તેમના સંતાનો, રાહુલ અને પ્રિયંકાને મળવાનું છે, જેથી જાણી શકાય કે પ્રસ્તાવિત સંગ્રહાલયમાં કઈ અંગત વસ્તુઓ, તસવીરો, દસ્તાવેજો અને અન્ય સ્મૃતિચિહ્નો પ્રદર્શિત કરી શકાય. તેમણે કહ્યું, "સંગ્રહાલય માટે અમને ઘણી વસ્તુઓની જરૂર છે; એકવાર તે મળી જાય, પછી અમે તેને ત્યાં પ્રદર્શિત કરીશું." સોનિયા ગાંધીના જીવનચરિત્ર, જેમાં ઈટાલીમાં તેમના બાળપણ અને યુવાનીના વર્ષોનો સમાવેશ થાય છે, તેમાં લોકોનો રસ ફરી જાગૃત થયો છે. આનું કારણ તેમનું સંસ્મરણ પુસ્તક "બિલોંગ : અ જર્ની ઓફ લવ" (Belong : A Journey of Love) છે. કાંગ પણ આ પુસ્તક વાંચવા માટે ઉત્સુક છે. કાંગે કહ્યું, "થોડા વર્ષો પહેલા, પંજાબના મિત્રોએ મને પૂછ્યું હતું કે શું મેં સોનિયા ગાંધીનું ઘર જોયું છે... જેમ એક સમયે સોનિયા ગાંધીને કદાચ ખ્યાલ નહીં હોય કે તે

નડિયાદ ખાતે વીર સાવરકર પાર્કની સુરક્ષામાં બેદરકારી સામે તપાસની માંગ

રૂા.૮ કરોડના ખર્ચે બનેલા પાર્કમાં રખડતાં ઢોર ઘૂસતાં અને અસામાજિક તત્ત્વો દ્વારા નુકસાન પહોંચાડાયાના આક્ષેપ સાથે કોર્પોરેટરની રજૂઆત

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૧

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલ વીર સાવરકર પાર્કની સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર બેદરકારીના આક્ષેપો સાથે કોર્પોરેટર હાર્દિક ભટ્ટે મહાનગરપાલિકા તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. આશરે રૂા.૮ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ પાર્કમાં સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે રખડતાં ઢોર ઘૂસી ગયા હોવા તેમજ અસામાજિક તત્ત્વો દ્વારા પાર્કને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે તેમણે નિયુક્ત સિક્યુરિટી એજન્સીનો કોન્ટ્રાક રદ કરવાની માગણી કરી છે.

નડિયાદ મનપાના વિપક્ષી કોર્પોરેટર હાર્દિક ભટ્ટએ મનપા તંત્રને લેખિત રજૂઆત કરી આક્ષેપ સહ જણાવ્યું છે કે, વીર સાવરકર પાર્કની સુરક્ષા માટેની સમગ્ર ટેન્ડર પ્રક્રિયા, મળેલા ટેન્ડર, એજન્સીની પસંદગી માટે અપનાવાયેલા માપદંડો અને મંજૂરી આપનાર અધિકારીઓની ભૂમિકાની તપાસ કરવા આવે. એજન્સી પાસે માન્ય લાયસન્સ છે કે નહીં, પીએસએઆરએ (PSARA) કાયદા હેઠળ જરૂરી મંજૂરી મેળવેલી છે કે નહીં, તેમજ સુરક્ષા કર્મચારીઓની પોલીસ ચકાસણી અને તાલીમ અંગેના દસ્તાવેજો તપાસવાની માંગ કરાઇ છે. આ ઉપરાંત કર્મચારીઓની હાજરી, ડ્યુટી રોસ્ટર, સીસીટીવી વ્યવસ્થા અને એજન્સીને કરવામાં આવેલી નાણાકીય ચૂકવણીની વિગતો પણ તપાસના દાયરામાં લેવાનું જણાવાયું છે.વધુમાં તેમણે રજૂઆતમાં સુરક્ષામાં બેદરકારી હોવા છતાં જવાબદાર એજન્સી કે અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેમની જવાબદારી નક્કી કરીને નિયમ મુજબ પગલાં ભરવાની માંગ કરી છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવાદિત કામગીરીની ચૂકવણી અટકાવવા અને પાર્કની સુરક્ષા જળવાઈ રહે તે માટે તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાનું પણ વિપક્ષી કોર્પોરેટરે રજૂઆતમાં જણાવાયું છે. સમગ્ર મામલે થયેલી કાર્યવાહીનો વિગતવાર લેખિત અહેવાલ આપવા પણ માંગ કરાઇ છે. જો યોગ્ય અને સમયમર્યાદામાં કાર્યવાહી નહીં થાય તો નાગરિકોના હિતમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તેમજ કાયદાકીય માર્ગ અપનાવવાની મનપાના વિપક્ષી કોણ કોર્પોરેટર હાર્દિક ભટ્ટએ ચીમકી ઉચ્ચારી છે.

પોલીસની સમયસૂચકતાથી બચ્યો જીવ

કતારગામમાં બંધ કારમાં ત્રણ કલાક સુધી કેદ રહી મહિલા !

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

કતારગામ પોલીસની ટીમે મહિલાને કારમાંથી બહાર કાઢવા માટે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. કાર લોક થઈ ગઈ હોવાથી સામાન્ય રીતે દરવાજો ખોલવો શક્ય ન બનતા પોલીસે કારનો કાચ તોડીને મહિલાને બહાર કાઢી હતી. કતારગામ વિસ્તારમાં આવેલી જેરામ મોરાની વાડી ખાતે વાટલિયા સમાજની વાડીના ગેટ પાસે એક ફોર-વ્હીલ કારમાં મહિલા ફસાઈ ગઈ હતી. કોઈ કારણસર કાર અંદરથી લોક થઈ જતાં મહિલાને બહાર નીકળવાનો રસ્તો મળ્યો નહોતો. મહિલા કારની અંદર જ બંધ થઈ ગઈ હતી અને અંદાજે ત્રણ કલાક સુધી બહાર નીકળવા માટે સંઘર્ષ કરતી રહી હતી. કારની અંદર મહિલા લાંબા સમયથી બંધ હોવાની જાણ થતાં સ્થાનિકોએ વિલંબ કર્યા વિના કતારગામ પોલીસનો સંપર્ક કર્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલી કતારગામ પોલીસની ટીમે કારનો કાચ તોડીને મહિલાને બહાર કાઢી હતી. પોલીસની સમયસૂચક કામગીરીના કારણે મહિલાને વધુ સમય સુધી કારની અંદર રહેવું પડ્યું નહોતું. મહિલાને કારમાંથી બહાર કાઢ્યા બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચતા મહિલાને જરૂરી પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ખાંભાના તાતણિયા ગામે મહિલાને લગ્નમાં લઈ જવાના બહાને બોલાવી દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના તાતણિયા ગામની ૩૯ વર્ષીય મહિલાએ વાવેરા ગામના વિક્રમભાઈ વીહાભાઈ સાંખટ સામે દુષ્કર્મ, ધાકધમકી તથા સમાજમાં બદનામ કરવાનો આક્ષેપ કરી ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા અનુસાર આશરે ત્રણ વર્ષ પહેલા મહિલાને આરોપી સાથે તેના ભાણેજના મરણની જાહેરાત આપવા બાબતે પરિચય થયો હતો. ત્યારબાદ તા.૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બાબરકોટ ગામના સમૂહલગ્નમાં લઈ જવાના બહાને આરોપીએ મહિલાને વાવેરા ખાતે પોતાના ઘરે બોલાવી હતી. બીજા દિવસે વહેલી સવારે આશરે ચાર વાગ્યે મહિલા વોશરૂમમાં જતી હતી ત્યારે આરોપીએ પાછળથી આવી બળજબરીપૂર્વક શારીરિક અડપલા કર્યા હોવાનો તેમજ મહિલાના ફોટા પાડી તેને વાયરલ કરવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કર્યો છે.વધુમાં આશરે એક વર્ષ પહેલા આરોપી રાત્રિના સાડા બાર વાગ્યાના અરસામાં તાતણિયા ખાતે મહિલાના પિયરના ઘરે પહોંચ્યો હતો. પોતે પોલીસ સાથે આવ્યો હોવાનું અને બહાર પોલીસ ઊભી હોવાનું કહી મહિલાને ડરાવી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ મહિલાને કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રસોડામાં મોઢા પર હાથ રાખી તેની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત આ વાત કોઈને કરશે તો બદનામ કરી નાખવાની તેમજ મહિલાના પુત્રને મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. આરોપી અવારનવાર ફોન કરીને મહિલાને તેની મરજી વિરૂદ્ધ વાત કરવા દબાણ કરતો હતો અને વાત નહીં કરે તો દવા પી આત્મહત્યા કરવાની ધમકી આપતો હોવાની ફરિયાદમાં વિગતો છે.

મહિલાના જણાવ્યા મુજબ આરોપી અવારનવાર તેના ઘરે આવી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો. છેલ્લા ત્રણેક મહિનાથી મહિલાએ આરોપી સાથે ફોન પર વાત કરવાનું બંધ કરી દેતાં આરોપીએ તેના સંબંધીઓ તથા સમાજમાં તેના ચારિત્ર્ય અંગે ખોટી વાતો ફેલાવી બદનામ કરવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત મહિલાના નાના ભાઈને પણ ફોન કરીને મહિલા વિશે અપમાનજનક વાતો કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ સમગ્ર મામલે તાતણિયા ગામની ૩૯ વર્ષીય મહિલાની ફરિયાદના આધારે વાવેરાના વિક્રમભાઈ વીહાભાઈ સાંખટ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ તાલુકાની ૭૭ ગ્રામ પંચાયતોમાં સરપંચપદની અનામત બેઠકોનું રોટેશન જાહેર

ગામડાંઓમાં ચૂંટણીના સમીકરણો રચાવા લાગ્યા

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૧

ભરૂચ તાલુકાની મુદત પૂર્ણ થતી ૭૭ ગ્રામ પંચાયતોમાં સરપંચપદની અનામત બેઠકોનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાતા જ ગ્રામ્ય વિસ્તારોમાં આગામી પંચાયત ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો અને ચર્ચાઓ શરૂ થઈ છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા વર્ષ ૨૦૧૧ની વસ્તીગણતરીના આધારે SC, ST અને સામાજિક તથા શૈક્ષણિક પછાત વર્ગ (OBC) માટે બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. OBC માટે ૨૭ ટકા અનામતની જોગવાઈ સાથે દરેક કેટેગરીમાં મહિલાઓ માટે પણ બેઠકો અનામત રાખવામાં આવી છે. રોટેશન મુજબ SC કેટેગરીની સામાન્ય બેઠકો પીપલિયા અને માંયામાં જ્યારે મહિલા બેઠકો કુવાદર અને કેસરોલમાં ફાળવાઈ છે. ST કેટેગરીની સામાન્ય બેઠકો ત્રાલસી, સીમલિયા, કારેલા, ચોલાદ, અમલેશ્વર, ભરથાણા અને વડવામાં રહેશે. જ્યારે ST મહિલા બેઠકો ભોલાવ, નંદેલાવ, લિંગોલ્લા, કરગટ, બોરી, આમદડા, અડોલ, ડભાલી અને કુરલામાં ફાળવવામાં આવી છે.

તેવી જ રીતે OBC કેટેગરીની સામાન્ય બેઠકો પાલેજ, પરીએજ, પારખેત, રહાડપોર, સામલોદ, શંખવાડ, સેગવા, શુકલતીર્થ અને સિંધોતમાં રહેશે. OBC મહિલા બેઠકો બંબુસર, દયાદરા, મહેગામ, મનાડ, મંગલેશ્વર, નાંદ, નવેઠા, નિકોરા અને પગુથણમાં ફાળવાઈ છે.।આ ઉપરાંત બિનઅનામત કેટેગરીમાં પણ સામાન્ય અને મહિલા બેઠકોનું અલગથી રોટેશન કરવામાં આવ્યું છે.જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જાહેરનામાની નકલ સંબંધિત ગ્રામ પંચાયતોના નોટિસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવા સૂચના આપવામાં આવી છે. હવે અનામત બેઠકોની જાહેરાત બાદ અનેક ગામોમાં સરપંચપદના સંભવિત ઉમેદવારો અને રાજકીય સમીકરણોને લઈને ચર્ચાઓ તેજ બનવાની શક્યતા છે. ખાસ કરીને જે ગામોમાં બેઠકનું રોટેશન બદલાયું છે ત્યાં નવા ચહેરાઓને તક મળવાની સંભાવનાઓ ઊભી થઈ છે.

વડોદરા જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં

પડતર પ્રશ્નો ઉકેલવા કલેક્ટરની સૂચના

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નો તેમજ વિકાસલક્ષી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને સયાજીગંજ રેલવે બ્રિજ, અલકાપુરી ગરનાળા અને વાઘોડિયા-ડભોઈ વિસ્તારના વિકાસકામો સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન વિવિધ વિભાગો વચ્ચે સંકલનના અભાવે અટકી પડેલા કામો અંગે ચર્ચા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. લોકોની સુવિધા અને જાહેરહિતને ધ્યાનમાં રાખીને પડતર પ્રશ્નોનો સમયમર્યાદામાં ઉકેલ લાવવા કલેક્ટરે ભાર મૂક્યો હતો. વડોદરા શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે સયાજીગંજ રેલવે બ્રિજ અને અલકાપુરી ગરનાળા સંબંધિત પ્રશ્નો મહત્વપૂર્ણ છે. અલકાપુરી ગરનાળામાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા અને ટ્રાફિકની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આ મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી.

વડનગરમાં નાયબ મુખ્યમંત્રી સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયો 'તાના-રીરી મહોત્સવ'

હેતલ મહેતા જોષી અને માલિની અવસ્થીને એવોર્ડ એનાયત

(સંવાદદાતા દ્વારા)

વિસનગર, તા.૨૧

મહેસાણા જિલ્લાના ઐતિહાસિક નગર વડનગર ખાતે આયોજિત સુપ્રસિદ્ધ 'તાના-રીરી મહોત્સવ'માં બીજા દિવસે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ હેતલ મહેતા જોષી તેમજ માલીની અવસ્થીને પ્રતિષ્ઠિત 'તાના-રીરી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ સન્માન અંતર્ગત કલાકારને તામ્રપત્ર, ચેક અને એવોર્ડ આપીને તેમની કલાસાધનાને બિરદાવવામાં આવી હતી. આ અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ જણાવ્યું હતું કે, વડનગર માત્ર એક પ્રાચીન નગર નથી, પરંતુ તે હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, ઇતિહાસ, આધ્યાત્મિકતા અને સંગીતની સાધનાનું જીવંત પ્રતીક છે. તેમણે નાગરિકોને વડનગરને દેશનું સૌથી સ્વચ્છ નગર બનાવવા માટે સહયોગ આપવા અને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અંગે સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પ્રભારી મંત્રી પ્રવિણભાઈ માળીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. મહોત્સવના બીજા દિવસે શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ કલાકારોની પ્રસ્તુતિએ વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નીતિનભાઈ પટેલ, ધારાસભ્યો કિરીટભાઈ પટેલ, સરદારભાઈ ચૌધરી, રાજેન્દ્ર ચાવડા, સુખાજી ઠાકોર, અગ્રણીઓ ગીરીશભાઈ રાજગોર, નટુજી ઠાકોર, નગરપાલિકા પ્રમુખ મિતિકાબેન શાહ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ બી. નિરગુડે, જિલ્લા કલેક્ટર ડૉ.હર્ષિત ગોસાવી તેમજ સ્થાનિક અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સંગીત રસિકો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : જી એ મન્સુરી, વિસનગર)

ચાલુ મોપેડે પાછળ જોવું ભારે પડ્યું

સુરતના ઈચ્છાપોરમાં કેનની પાછળ મોપેડ અથડાતાં યુવકનું મોત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં મિત્ર સાથે એક્ટિવા પર જમવા જઈ રહેલા યુવકનું માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા મિત્રને ઘૂંટણના ભાગે ઈજા થઈ હતી. ચાલતા મોપેડ પર પાછળની તરફ મોઢું ફેરવી જોતા ચાલકે વાહન પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું અને આગળ જતી કેનના પાછળના બમ્પર સાથે એક્ટિવા અથડાઈ હતી. મૂળ બિહારના મુઝફ્ફરપુરનો અને હાલ ઈચ્છાપોરમાં મહાદેવ રેફ્રિજરેટર પાસે રહેતો માસૂમ (ઉં.વ.૧૯) નોકરી કરે છે. તેની ફરિયાદ મુજબ તા.૧૯ નવેમ્બરના રોજ તે મિત્ર અમનકુમાર રાકેશલાલ લાલ (ઉં.વ.૨૦)ની હોન્ડા એક્ટિવા (નં. GJ-05-NX-5060) પર પાછળ બેસીને જમવા જઈ રહ્યો હતો. સાંજે આશરે ૭ વાગ્યે ઈચ્છાપોર બસ સ્ટોપ નંબર-૩થી થોડે આગળ શિવશક્તિ ભોજનાલય સામે રોડ પરથી પસાર થતાં અમનકુમારે મોપેડ પર પાછળની તરફ મોઢું ફેરવ્યું હતું. આ દરમિયાન આગળ જતી સફેદ રંગની ટાટા કંપનીની કેન (નં. GJ-05-SP2865)ના પાછળના બમ્પર સાથે એક્ટિવા અથડાઈ હતી. અકસ્માતમાં માસૂમને ડાબા પગના ઘૂંટણમાં ઈજા થઈ હતી, જ્યારે અમનકુમારને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાને પગલે મૃતકના પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

સુરતમાં પોલીસની પિસ્તોલ ખેંચવાના પ્રયાસ અંગે લક્ષ્મણ ઉર્ફે ગુડુ સામે ફરિયાદ

૧૫ મિનિટમાં પાંચ લોકોને ચપ્પુ મારી લૂંટ કરનાર લક્ષ્મણ યાદવ સામે વધુ એક ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરતના અડાજણ વિસ્તારમાં નમસ્કાર સર્કલ પાસે પોલીસની સરકારી ગાડીમાં મેડિકલ સારવાર માટે લઈ જવાતા આરોપીએ પોલીસ અધિકારીની સર્વિસ પિસ્તોલ ખેંચી લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ પિસ્તોલ પોલીસ અધિકારી સામે તાકી 'મુઝે જાને દો, વરના જાન સે માર દૂંગા' કહી ધમકી આપતા ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન પોલીસ અધિકારીના હાથમાંથી પિસ્તોલ વડે ફાયરિંગ થતાં આરોપીના જમણા પગમાં ઘૂંટણની નીચે ગોળી વાગી હતી. પોલીસ સબ ઇન્સ્પેક્ટર શૈલેષ રાધેબિહારી દુબે, ઉંમર ૪૪ વર્ષની ફરિયાદ મુજબ ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આરોપી લક્ષ્મણકુમાર ઉર્ફે ગુડુ, ઉંમર ૧૯ વર્ષને પોલીસ સ્ટાફ સાથે મજૂરાગેટ નવી સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ સારવાર માટે લઈ જવામાં આવી રહ્યો હતો. સાંજે આશરે સાડા છ વાગ્યાના અરસામાં અડાજણ સ્વામિનારાયણ મંદિર પાસે નમસ્કાર સર્કલ નજીક સરકારી વાહન પહોંચતા ગાડી રોડની બાજુમાં ઊભી રાખવામાં આવી હતી.ડ્રાઇવર અને પોલીસ કર્મચારીઓ ગાડી તપાસવા નીચે ઊતર્યા તે દરમિયાન આરોપીએ કાયદેસરની અટકાયતમાંથી ભાગી છૂટવાના ઇરાદે ફરિયાદીના કમર પર લગાવેલી સર્વિસ પિસ્તોલ અચાનક ખેંચી લીધી હતી અને ફરિયાદી સામે તાકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીની આ હરકતથી પોલીસ કર્મચારીઓની સુરક્ષા જોખમમાં મૂકાઈ હતી. પિસ્તોલ ખેંચવા અંગે ઝપાઝપી થતાં ફાયરિંગ થયું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, ૧૫ મિનિટમાં પાંચ લોકોને ચપ્પુ મારી લૂંટ કરનાર લક્ષ્મણ યાદવ સામે વધુ એક ગુનો દાખલ થયો છે.

મહેસાણા સેશન્સ કોર્ટે

રૂા.૩૦ લાખની છેતરપિંડીના કેસમાં આરોપીની આગોતરા જામીન અરજી ફગાવી

(સંવાદદાતા દ્વારા)

મહેસાણા, તા.૨૧

મહેસાણા જિલ્લામાં ઓસ્ટ્રેલિયા મોકલવાની લાલચ આપીને ફરિયાદી સહિત અન્ય લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી છેતરપિંડી આચરવાના કેસમાં આરોપીને કોર્ટમાંથી રાહત મળી નથી. આ ગુનામાં સંડોવાયેલા વિજાપુરના આરોપી શાહનવાઝ યુસુફખાન પઠાણે પોલીસ ધરપકડથી બચવા મહેસાણા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. સેશન્સ જજ આર.બી. ઇટાલિયાએ આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો. મળતી વિગતો મુજબ આરોપીઓએ ફરિયાદી તથા અન્ય વ્યક્તિઓને ઓસ્ટ્રેલિયા ખાતે મોકલવાની લાલચ આપી ત્યાં કાયદેસરનો વિઝા અપાવવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસમાં લઈને તેમની પાસેથી કુલ રૂા.૩૦ લાખની રકમ મેળવી લેવામાં આવી હતી. જો કે, લાંબો સમય પસાર થવા છતાં ન તો વિઝાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે ન તો લીધેલી રકમ પરત કરવામાં આવી હતી. આ રીતે વિશ્વાસઘાત અને છેતરપિંડી થતાં સમગ્ર મામલે લાંઘણજ પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો.

સુરતના ઉનમાં વેસ્ટ કાપડના જથ્થામાં ભીષણ આગથી અફરાતફરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરત શહેરના ઉન પાટિયા વિસ્તારના ભીંડી બજારના ચિંદી અને કાપડના વેસ્ટ કચરાના જથ્થામાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. કાપડના મોટા-મોટા પોટલાં અને જ્વલનશીલ કચરો મોટી માત્રામાં એકત્ર થયેલો હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા, જેના કારણે સ્થાનિક રહીશો અને આસપાસના વેપારીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો.

ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર વિભાગ તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખી શહેરના અલગ-અલગ ૧૦ ફાયર સ્ટેશનની ૧૨થી વધુ ફાયર ફાઇટરની ગાડીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત જવાનોનો મોટો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ચારેય તરફથી પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. કાપડના ભારે પોટલાં અને પવનના કારણે આગ પ્રસરી રહી હતી, ફાયરબ્રિગેડના જવાનો દ્વારા સતત પાણીનો છંટકાવ કરીને આગને આસપાસની મિલકતો કે રહેણાંક વિસ્તાર સુધી પ્રસરતી અટકાવવાના સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી પરંતુ મોટા પાયે કાપડનો જથ્થો બળી ખાખ થઈ ગયો હતો. આગ કયા કારણોસર લાગી તે કારણ હજુ જાણી શકાયું નથી પરંતુ તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવશે. ઉન વિસ્તારમાં એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં આગ લાગવાની આ બીજી મોટી ઘટના બની. વારંવાર આવી ઘટનાને પગલે સ્થાનિકોમાં ચિંતા સાથે તંત્ર સામે અનેક સવાલો ઊભા થયા છે. ખુલ્લી જગ્યાઓમાં મોટા પાયે ઠાલવવામાં આવતા કાપડના વેસ્ટ અને ચિંદીના કચરાના નિકાલ અંગે કોઈ નક્કર વ્યવસ્થા ન હોવાથી આવી દુર્ઘટનાઓ વારંવાર સર્જાતી હોવાનું સામે આવી રહ્યું છે.

ફ્રોઝન ડેઝર્ટ અને નેચરલ આઇસ્ક્રીમના બોર્ડ ચેક કરાયા

સુરત શહેરમાં ફ્રોઝન ડેઝર્ટ અને આઇસ્ક્રીમ વિક્રેતાઓને ત્યાં ફૂડ વિભાગનું ચેકિંગ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરતમાં ફ્રોઝન ડેઝર્ટ અને આઇસ્ક્રીમ વિક્રેતાઓને ત્યાં ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવી છે. ફૂડ વિભાગ દ્વારા ૧૦૬ જગ્યાએ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલીક જગ્યાએ નેચરલ આઇસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ આઇસ્ક્રીમના બોર્ડ જોવા મળ્યા હતા. જે જગ્યાએ બોર્ડ નહીં જોવા મળ્યા તેમને તાત્કાલિક બોર્ડ લગાવવા સૂચના આપવામાં આવી છે.આઇસ્ક્રીમના નામે ગ્રાહકો સાથે કોઇ ગેરરસમજ કે છેતરપિંડી ન થાય તે માટે ફૂડ વિભાગે તપાસ અને કાર્યવાહી તેજ કરી છે. ફૂડ વિભાગ દ્વારા આઇસ્ક્રીમનું ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓને ગ્રાહકોની જાણ માટે સ્પષ્ટ બોર્ડ લગાવવાની સૂચના આપવામાં આવી છે. આ બોર્ડમાં આઇસ્ક્રીમ દૂધની ચરબીમાંથી તૈયાર થાય છે, જ્યારે ફ્રોઝન ડેઝર્ટમાં વેજિટેબલ ઓઇલ અને સ્કિમ્ડ મિલ્ક પાઉડરનો ઉપયોગ કરવામાં આવે છે, તે અંગેની માહિતી દર્શાવવાની રહેશે. જેથી ગ્રાહકો ખરીદી કરતી વખતે તેઓ કઇ પ્રોડક્ટ લઇ રહ્યા છે તે જાણી શકે અને યોગ્ય પસંદગી કરી શકે. ફૂડ વિભાગના જણાવ્યા મુજબ ગ્રાહકોને ખાદ્યપદાર્થોની વેચાણમાં પારદર્શિતા જાળવવાનો છે. આઇસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બંને અલગ પ્રોડક્ટ છે અને ગ્રાહકોને ખરીદી સમયે તેની કામગીરીનો મુખ્ય હેતુ ગ્રાહકોમાં જાગૃતિ લાવવાનો અને ખાદ્યપદાર્થોના વેચાણમાં પારદર્શિતા જાળવવાનો છે. આઇસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બંને અલગ પ્રોડક્ટ છે અને ગ્રાહકોને ખરીદી સમયે તેની સ્પષ્ટ જાણકારી મળે તે જરૂરી છે. આ માટે ઉત્પાદન એકમો તેમજ દુકાનોમાં માહિતી બોર્ડ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને નિયમોનું પાલન ન કરતી સંસ્થાઓ પર નજર રાખવામાં આવશે.



નામ બદલેલ છે
: જૂનું નામ :
સાલેહા માજીદભાઈ સુણસરા
: નવું નામ :
સાલેહાબેન માજીદભાઈ સુણસરા
ઈસ્લામપુરા કાકોશી જિ.પાટણ
ગુજરાત 384290




મર્ચન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી હાર્દિક શુભકામનાઓ
નૂતન વર્ષાભિનંદન : દિપાવલી પર્વના પવિત્ર અવસરે, અમે મર્ચન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી તમને

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મ્યુનિ. કમિશનરને રજૂઆત કરી

અમદાવાદમાં આવાસ યોજનાનો અત્યંત પારદર્શક રીતે અમલ કરાવવા રજૂઆત

પાત્ર ઉમેદવારોને આવાસ ફાળવવા, ૩ વર્ષનું વેઈટિંગ લીસ્ટ તૈયાર કરવા સહિતની માંગણીઓ



અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં PMAY (Urban), EWS તથા અન્ય આવાસ યોજનાઓ હેઠળ તમામ પાત્ર અને જરૂરિયાતમંદ પરિવારોને આવાસ ઉપલબ્ધ કરાવવા, પારદર્શક ફાળવણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા, ત્રણ વર્ષ માટે અસરકારક વેઈટિંગ લિસ્ટ તૈયાર કરવા, નવી આવાસ યોજનાઓમાં પ્રાથમિકતા આપવા સહિતના મુદ્દે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મ્યુનિ. કમિશનરને રજૂઆત કરી છે.

ધારાસભ્ય દ્વારા મ્યુનિ. કમિશનરને લેખિતમાં રજૂઆતમાં જણાવાયું છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા EWS ફેઝ-૬ અને ફેઝ-૯ સહિતની આવાસ યોજનાઓ હેઠળ શહેરી ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને આવાસ માટે શહેરમાંથી કુલ ૯૭,૧૦૨ પરિવારોએ આવાસ મેળવવા માટે અરજીઓ કરી હતી. જેમાં તા. ૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ ૭,૮૨૫ આવાસો માટે ડ્રો યોજવામાં આવ્યો હતો. આ આવાસો માટે કુલ ૯૭,૧૦૨ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. જેમાંથી ૭,૮૨૫ અરજદારોને આવાસ ફાળવવામાં આવ્યા હતા તથા ૩,૯૧૨ અરજદારોને વેઈટિંગ લિસ્ટમાં રાખવામાં આવ્યા હતા. પરંતુ અમદાવાદમાં હજારો પરિવારોની આવાસની ગંભીર જરૂરિયાત અને તેમની વાસ્તવિક સામાજિક-આર્થિક પરિસ્થિતિ દર્શાવિછે. મોટી સંખ્યામાં પરિવારો વર્ષોથી અસુરક્ષિત અને અપૂરતી રહેઠાણ વ્યવસ્થામાં જીવન પસાર કરી રહ્યા છે. વર્તમાન સ્થિતિમાં ઉપલબ્ધ આવાસોની સરખામણીએ અરજદારોની સંખ્યા ઘણી વધારે છે. તેથી માત્ર કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા મર્યાદિત પરિવારોને આવાસ ફાળવવાથી બાકીના હજારો પાત્ર અને જરૂરિયાતમંદ પરિવારોનો આવાસનો પ્રશ્ન ઉકેલાતો નથી. આથી આવાસ ફાળવણીની પ્રક્રિયાની સાથે બાકી રહેલા પાત્ર પરિવારો માટે પણ નક્કર અને લાંબા ગાળાનું આયોજન કરવું અત્યંત જરૂરી છે.

તેમણે માંગ કરી છે કે, તમામ પાત્ર અરજદારોને પારદર્શક અને ક્રમબદ્ધ વેઈટિંગ લિસ્ટમાં સ્થાન આપવામાં આવે તથા આ યાદી ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી માન્ય રાખવામાં આવે. આ સમયગાળા દરમિયાન નવા આવાસ પ્રોજેક્ટ તૈયાર થાય અથવા કોઈ કારણસર આવાસ ખાલી પડે તો હાલના વેઈટિંગ લિસ્ટના અરજદારોને પ્રાથમિકતા આપવામાં આવે. એટલે કે ડ્રોમાં આવાસ ન મળેલા તમામ પાત્ર અરજદારોને ડ્રો પ્રક્રિયા અને જાહેર કરાયેલા નિયમો મુજબ ક્રમબદ્ધ વેઈટિંગ લિસ્ટમાં સ્થાન આપવામાં આવે અને કોઈ નવો આવાસ પ્રોજેક્ટ તૈયાર થાય અથવા ખાલી મકાનો ઉપલબ્ધ થાય તો પ્રથમ તબક્કે હાલની માન્ય વેઈટિંગ લિસ્ટના અરજદારોને આવાસ ફાળવણીમાં પ્રાથમિકતા આપવામાં આવે. જે અરજદારોને ત્રણ વર્ષમાં આવાસ ન મળે તેમની પાત્રતા અને અરજીની સ્થિતિની સમયાંતરે સમીક્ષા કરીને આગળની પ્રક્રિયા અંગે સ્પષ્ટ નીતિ જાહેર કરવામાં આવે.

આ ઉપરાંત અમદાવાદમાં EWS-76 આવાસ યોજનાની ફાળવણી પ્રક્રિયા અંગે પણ ગંભીર પ્રશ્નો અને શંકાઓ ઊભી થઈ છે. આ યોજના લઘુમતી બાહુલ્ય ધરાવતા વિસ્તારમાં બનાવવામાં આવી છે. જાહેર માહિતી મુજબ આ યોજના હેઠળ કુલ ૨,૧૬૦ આવાસો ઉપલબ્ધ હતા, જેમાંથી પ્રાથમિક તપાસ મુજબ મુસ્લિમ સમુદાય સાથે સંબંધિત હોવાનું જણાતું હોય તેવા માત્ર ૧૦ અરજદારોનાં નામ ફાળવણી યાદીમાં જોવા મળ્યાં છે. આ ઉપરાંત ૭૩૩ પરિવારોને વેઈટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક વિશ્લેષણમાં સામે આવેલી સ્થિતિ આવાસ ફાળવણીમાં તમામ પાત્ર અરજદારોને સમાન તક મળી હતી કે નહીં તે અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. તેમણે કહ્યું કે, સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે અમારી રજૂઆત કોઈ ચોક્કસ ધર્મ કે સમુદાય માટે વિશેષ લાભ, અલગ કોટા કે અનામતની માંગ કરતી નથી. અમારી માંગ માત્ર એટલી જ છે કે આવાસ ફાળવણીની પ્રક્રિયામાં ધર્મ, જાતિ, સામાજિક ઓળખ કે અન્ય કોઈપણ આધાર પર ભેદભાવ ન થાય અને તમામ પાત્ર અરજદારોને સમાન તક મળે.

તેમણે માગણી કરી છે કે, EWS-76 યોજનામાં કુલ કેટલા મુસ્લિમ અરજદારો હતા તેની સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવે. તેમાંથી કેટલા અરજદારો પાત્ર જાહેર થયા અને કેટલાને આવાસ ફાળવાયા? SC, ST, OBC, વગેરે લાગુ પડતી કેટેગરી પ્રમાણે અરજી, પાત્રતા, આવાસ ફાળવણી અને વેઈટિંગ લિસ્ટના આંકડા જાહેર કરવામાં આવે. કોઈપણ પ્રકારનો ભેદભાવ અથવા પ્રક્રિયાત્મક અસમાનતા થઈ હોય તો તેની તપાસ કરીને જવાબદારી નક્કી કરવામાં આવે અને જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવે. તેવી માગણી કરાઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદના દરેક વોર્ડમાં સ્થાનિક જરૂરિયાત અને પાત્ર પરિવારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ૧૦૦૦ આવાસ યોજના અમલમાં મૂકવામાં આવે, વોર્ડવાર અરજીઓ મંગાવવામાં આવે અને તે જ વોર્ડના પાત્ર રહેવાસીઓને પારદર્શક પ્રક્રિયા દ્વારા મકાનો ફાળવવામાં આવે. તેમ જણાવતા માગણીઓ કરાઈ છે કે, ૯૭,૧૦૨ અરજીઓ અને ૭,૮૨૫ PMAY આવાસો સંબંધિત તમામ સત્તાવાર આંકડા, પાત્રતા અને ફાળવણીની વિગતો જાહેર કરવામાં આવે. મુસ્લિમ અરજદારો સહિત તમામ સામાજિક અને અનામત કેટેગરીના અરજદારોની અરજી, પાત્રતા, ફાળવણી અને વેઈટિંગ લિસ્ટના આંકડા જાહેર કરવામાં આવે. ડ્રો માટે વપરાયેલા સોફ્ટવેર, અલ્ગોરિધમ, ટેક્નિકલ પ્રક્રિયા અને ઓડિટ રિપોર્ટ અંગેની માહિતી જાહેર કરવામાં આવે તથા સ્વતંત્ર ટેક્નિકલ ઓડિટ કરાવવામાં આવે. ઉપરાંત આવાસ સંબંધિત અરજદારોની ફરિયાદો માટે વિશેષ સેલની રચના કરવામાં આવે તથા સમયમર્યાદામાં ફરિયાદોનું નિવારણ થાય તેવી વ્યવસ્થા શરૂ કરવામાં આવે. તેમ જણાવાયું છે.

પોતાની જમીન કે પ્લોટ કયા ઝોનમાં છે અને ત્યાં રહેણાંક કે કોમર્શિયલ બાંધકામની મંજૂરી છે કે કેમ તે જાણી શકાશે

રાજ્યમાં પ્લાનિંગ ઓથોરિટીના ડેવલપમેન્ટ પ્લાન અને ટીપી સ્કીમના નક્શા એક જ પોર્ટલ પર લવાશે

કચેરીઓના ધક્કા ખાધા સિવાય એક ક્લિક પર ટાઉન પ્લાનિંગ સ્કીમ વગેરે બધું જ જોઈ શકાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં પોતાની જમીન કે પ્લોટ કયા ઝોનમાં આવે છે, ત્યાં રહેણાક કે કોમર્શિયલ બાંધકામની મંજૂરી છે કે નહીં, નજીકમાં કયો રસ્તો પ્રસ્તાવિત છે અથવા જમીન કોઈ ટાઉન પ્લાનિંગ સ્કીમ (TPS) હેઠળ આવે છે કે કેમ, તે જાણવા માટે નાગરિકોએ હવે સરકારી કચેરીઓના ધક્કા ખાવા નહીં પડે. નગર રચના અને મૂલ્યાંકન વિભાગ (TPVD) દ્વારા રાજયવ્યાપી Web-GIS પોર્ટલ તૈયાર કરવા માટે એજન્સીની પસંદગી અંગે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ પોર્ટલ પર ડેવલપમેન્ટ પ્લાન (DP), ટાઉન પ્લાનિંગ સ્કીમ (TPS) અને તેને સંબંધિત નકશા તથા દસ્તાવેજોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર લાવવામાં આવશે. ટેન્ડરની જોગવાઈ મુજબ રાજ્યની ૨૬ પ્લાનિંગ ઓથોરિટીના ડેવલપમેન્ટ પ્લાનને આ પોર્ટલમાં આવરી લેવામાં આવશે. અંદાજે ૨,૦૧,૪૮૦ હેક્ટર વિસ્તારના DP સંબંધિત ડેટાને ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક છે. હાલ વિવિધ કચેરીઓમાં કાગળના રેકોર્ડ, CAD ડ્રોઈંગ અને અલગ-અલગ GIS સિસ્ટમમાં રહેલી માહિતીનું ડિજિટાઈઝેશન અને જીઓ-રેફરન્સિંગ કરીને તેનું એકીકરણ કરાશે, જેથી તમામ રેકોર્ડ એક જ સિસ્ટમમાં જોઈ શકાય. નાગરિકો મંજૂર થયેલા ડેવલપમેન્ટ પ્લાન અને ટીપી સ્કીમના નકશા લોકેશન, સ્કીમ, તેના તબક્કા અને સંબંધિત સત્તામંડળના આધારે સરળતાથી શોધી શકશે. જમીન રહેણાક, કોમર્શિયલ કે અન્ય કયા હેતુ માટે નિયત છે, કયા વિસ્તારમાં રિઝર્વેશન છે અને કયા રસ્તા સૂચિત છે, તે નકશા પર જોઈ શકાશે. આ નકશામાં ઝૂમ, પેન, લેયર કંટ્રોલ અને ઈન્ટરેક્ટિવ લેજન્ડ જેવી આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે. હાલના TPVD Web-GIS પ્લેટફોર્મ પર ઉપલબ્ધ ૪૧૧ ટીપી સ્કીમના રેકોર્ડને નવા પોર્ટલ પર માઈગ્રેટ કરાશે, જેમાંથી આશરે ૧૦૭ સ્કીમના રેકોર્ડને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરાશે. તેમાં જૂના રેકોર્ડનું સ્કેનિંગ, તબક્કાવાર થયેલા ફેરફારો અને સુધારાઓનો સમાવેશ થશે. આ ઉપરાંત ટીપી સ્કીમની તૈયારીથી લઈને મંજૂરી અને અમલીકરણ સુધીની સમગ્ર પ્રક્રિયાના ડિજિટલ સંચાલન માટે અલગ મોડ્યુલ તૈયાર કરાશે. આ પોર્ટલને મહેસૂલ વિભાગના જમીન રેકોર્ડ, ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ (ODPS) અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની GIS એપ્લિકેશન સાથે જોડવામાં આવશે. તેનાથી જમીનના રેકોર્ડ અને બાંધકામની મંજૂરી વચ્ચે સંકલન વધશે. ટીપી સ્કીમની પ્રક્રિયામાં F-Form, નોટિસ, સુનાવણી, મંજૂરી અને કાનૂની કેસનું ડિજિટલ ટ્રેકિંગ પણ શક્ય બનશે. વર્ક ઓર્ડર મળ્યાના ૧૨ મહિનામાં પોર્ટલ તૈયાર કરવાનું આયોજન છે, ત્યારબાદ ૩ વર્ષ સુધી ઓપરેશન અને મેન્ટેનન્સની જવાબદારી રહેશે. હાલ એજન્સીની પસંદગી માટે ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કઈ માહિતી જાહેર જનતા માટે ખુલ્લી રાખવી અને કઈ માહિતી માત્ર વિભાગીય ઉપયોગ પૂરતી મર્યાદિત રાખવી, તેના પ્રોટોકોલ TPVD દ્વારા નક્કી કરવામાં આવશે. પોર્ટલ પર દેખાતા નકશાને જમીનની માલિકી કે ઝોનિંગ અંગેના કાનૂની પ્રમાણપત્ર તરીકે ગણવામાં આવશે નહીં. અંતિમ સત્તાવાર પ્રમાણપત્ર મેળવવા માટે નાગરિકોએ સંબંધિત કચેરીની નિયત પ્રક્રિયા અનુસરવાની રહેશે.

TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામ બાદ વિવાદોને લઈ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પષ્ટતા

વિવાદના પગલે હવે TAT-HSના બંને પેપરના તથા વિષય પ્રમાણે અલગથી ગુણ જાહેર કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક-TAT-HS)-૨૦૨૬ની મુખ્ય પરીક્ષામાં મોટી સંખ્યામાં ઉમેદવારો નાપાસ થતાં તાજેતરમાં ગાંધીનગરમાં થયેલા દેખાવો અને વિવાદ બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષણ પ્રક્રિયાની પારદર્શકતા અંગે વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી છે. જેમાં બોર્ડ દ્વારા હવે વિવાદો ઊભા થયા બાદ બંને પેપરના ગુણ અલગથી જાહેર કરવાનું તેમજ વિષય પ્રમાણે અલગથી ગુણ જાહેર કરવાનું નક્કી કર્યું છે.

રાજ્ય પરીક્ષા બોર્ડના જણાવ્યા મુજબ, TAT-HS મુખ્ય પરીક્ષા-૨૦૨૬નું પરિણામ ૩૫.૪૬ ટકા રહ્યું છે, જે અગાઉની TAT-HS મુખ્ય પરીક્ષા-૨૦૨૩ના ૩૬.૮૧ ટકા પરિણામની તુલનાએ લગભગ સમાન છે. પ્રાથમિક પરીક્ષામાં પાસિંગ કટઓફ ૩૫ ટકા એટલે કે, ૭૦ ગુણ હોય છે, જ્યારે ઠરાવ મુજબ મુખ્ય પરીક્ષામાં જનરલ ઉમેદવારો માટે ૬૦ ટકા એટલે કે ૧૨૦ ગુણ અને કેટેગરીના ઉમેદવારો માટે ૫૫ ટકા એટલે કે ૧૧૦ ગુણ ક્વોલિફાઈંગ ગુણ નક્કી કરાયા છે. બંને પરીક્ષાના સ્વરૂપ અલગ હોવાથી તેની ટકાવારીની સીધી સરખામણી થઈ શકે નહીં. પરિણામના આંકડામાં વિસંગતતાના આક્ષેપને બોર્ડે નકાર્યો છે. હાજર ૪૭,૬૪૪ ઉમેદવારોમાંથી ૧૬,૮૮૭ સફળ અને ૩૦,૭૫૪ નિષ્ફળ થયા છે. આમ, કુલ ૪૭,૬૪૧ ઉમેદવારો થાય છે, જ્યારે ૩ ઉમેદવારોના કિસ્સામાં ગેરરીતિના કેસ નોંધાયા હોવાથી તેમને સફળ કે નિષ્ફળની ગણતરીમાં સામેલ કરાયા નથી. બોર્ડે જણાવ્યું કે, મૂલ્યાંકનમાં એકસૂત્રતા માટે દરેક વિષયના ૧૫ નિષ્ણાંતો દ્વારા આદર્શ નમૂનાની આન્સર-કી તૈયાર કરાઈ હતી. ચકાસણીમાં ક્ષતિ ટાળવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવાઈ હતી. જેમાં, પરીક્ષા કેન્દ્રો પર ઓબ્ઝર્વર, સરકારી પ્રતિનિધિ અને CCTV દ્વારા સઘન મોનિટરિંગ તેમજ PATA એપ્લીકેશનથી સાહિત્યના પરિવહન પર નજર રખાઈ હતી. આ ઉપરાંત, ઉત્તરવહીના બારકોડ અને ઉમેદવારની ઓળખના નંબર ખાખી સ્ટીકરથી ઢાંકવામાં આવ્યા હતા અને સ્ટ્રોંગરૂમમાં CCTV હેઠળ વિષયવાર કામગીરી કરાઈ હતી. માત્ર સરકારી શાળાના સંબંધિત વિષયના રેગ્યુલર શિક્ષકોને પરીક્ષક અને ડાયેટના નિષ્ણાત લેક્ચરર તથા અનુભવી સરકારી શિક્ષકોને મોડરેટર તરીકે નિમાયા હતા. પ્રશ્નદીઠ પરીક્ષક, ટીમ દીઠ વેરીફાયર અને મોડરેટરની ત્રિસ્તરીય ટીમ રચી, પ્રથમ દિવસે ૫૦ અને ત્યારબાદ ૮૦થી ૧૦૦ ઉત્તરવહી ચકાસવા અપાઈ હતી.

શહેરના તમામ ૧૪ બ્રિજનું થશે હેલ્થ ચેકઅપ

સુભાષ બ્રિજની દુર્ઘટના બાદ મ્યુનિ. કોર્પો. આવ્યું એક્શન મોડમાં : તમામ બ્રીજ માટે કાર્યવાહી

૫૦ કરોડના ખર્ચે અત્યાધુનિક મોનિટરિંગ સિસ્ટમ લગાવાશે; ૧૩ પ્રકારના સેન્સર નજર રાખશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

શહેરમાં બ્રિજની સુરક્ષા અને મજબૂતાઈને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સુભાષ બ્રિજની દુર્ઘટનાના એક વર્ષ બાદ તંત્ર દ્વારા શહેરના ૧૪ જેટલા મુખ્ય બ્રિજ અને ફ્લાયઓવરની સ્થિતિની ચકાસણી કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. આ માટે અંદાજે રૂા.૫૦ કરોડના ખર્ચે અત્યાધુનિક બ્રિજ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

આ સિસ્ટમ અંતર્ગત બ્રિજ પર ૧૩ પ્રકારના વિવિધ સેન્સર લગાવવામાં આવશે. જેના માધ્યમથી બ્રિજની મજબૂતાઈ, માળખાકીય સ્થિતિ અને તેમાં થતા સૂક્ષ્મ ફેરફારો પર સતત નજર રાખી શકાશે. ખાસ કરીને બ્રિજમાં તિરાડો, વાઈબ્રેશન, વાહનોના ભારણ અને ભૂકંપના આંચકાની અસર અંગે માહિતી એકત્રિત કરવામાં આવશે. બ્રિજની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે સેન્સર દ્વારા પવનની ગતિ અને દિશા, તાપમાન, ભેજ તેમજ નદીના પાણીના સ્તરનું પણ મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત બ્રિજ પરથી પસાર થતાં વાહનોના ભારણ અને તેના કારણે બ્રિજના માળખા પર પડતી અસરનો અભ્યાસ પણ કરવામાં આવશે. સેન્સર સિસ્ટમ કાર્યરત થયા બાદ સતત ત્રણ મહિના સુધી વિવિધ પ્રકારના આંકડા એકત્રિત કરવામાં આવશે. ત્યારબાદ નિષ્ણાતો દ્વારા આ ડેટાનું વિશ્લેષણ કરીને દરેક બ્રિજની સ્થિતિ અંગે વિગતવાર રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ રિપોર્ટના આધારે કયા બ્રિજમાં સમારકામની જરૂર છે અથવા ક્યાં વધુ તકેદારી રાખવાની જરૂર છે તે અંગે નિર્ણય લેવામાં આવશે. શહેરીજનોની સુરક્ષા સાથે જોડાયેલા આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટના અમલીકરણમાં જોકે વિલંબ થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ ટેન્ડર પ્રક્રિયામાં વિલંબ થવાને કારણે બ્રિજ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી આગળ વધી શકી નથી. AMC દ્વારા શહેરના મુખ્ય નદી પરના બ્રિજ અને વ્યસ્ત ફ્લાયઓવરની પસંદગી કરવામાં આવી છે. જેમાં એલિસ બ્રિજ, સરદાર બ્રિજ, નેહરુ બ્રિજ, ગાંધી બ્રિજ, દધીચિ ઋષિ બ્રિજ, વાસણા-પીપળજ બ્રિજ, ઈન્ક્મટેક્સ ફ્લાયઓવર, ગુજરાત કોલેજ બ્રિજ, હેલ્મેટ ફ્લાયઓવર, શિવરંજની ફ્લાયઓવર, AEC (સોલા) ફ્લાયઓવર અને રાજેન્દ્ર પાર્ક બ્રિજનો સમાવેશ થાય છે. બ્રિજની સુરક્ષા માટે ટેક્નોલોજી આધારિત મોનિટરિંગની આ પહેલ મહત્ત્વપૂર્ણ બની શકે છે. જોકે, પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ અને સમયસર સમારકામની કામગીરી જ શહેરના નાગરિકોની સુરક્ષા માટે નિર્ણાયક સાબિત થશે.

૬ મહિના માટે મુસાફરોની મુશ્કેલીઓમાં થશે વધારો

અમદાવાદમાં બ્રિજની કામગીરીને પગલે RTO સર્કલનું BRTS સ્ટેન્ડ હટાવાયું

બ્રિજનું કામ પૂર્ણ થયા બાદ કાયમી BRTS અને AMTS સ્ટેન્ડ બનાવવાની વિચારણા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં સુભાષ બ્રિજ અને ચીમનભાઈ પટેલ બ્રિજની કામગીરીને પગલે RTO સર્કલ પાસે આવેલા BRTS બસ સ્ટેન્ડને હટાવી દેવામાં આવ્યું છે. બ્રિજના વિસ્તરણ અને નવી પાંખ બનાવવાની કામગીરીમાં અડચણ ન આવે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, બસ સ્ટેન્ડ હટાવી દેવામાં આવતા રોજિંદા મુસાફરોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા છે. આગામી છ મહિના સુધી મુસાફરોએ કામચલાઉ વ્યવસ્થાથી સંતોષ માનવો પડશે.

BRTS વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે નવી RTO બિલ્ડિંગના ગેટ નજીક કામચલાઉ કેબિન બનાવવામાં આવી છે. હવે ચાંદખેડા અને ઝુંડાલ તરફથી આવતી BRTS બસો ચીમનભાઈ પટેલ બ્રિજ પરથી નીચે ઊતરી સુભાષ બ્રિજ સર્કલ તરફ વળશે અને નવી RTO બિલ્ડિંગના ગેટ પાસે ઊભી રહેશે. મુસાફરો આ સ્થળેથી બસમાં બેસી શકશે. બ્રિજની કામગીરી આગામી છ મહિના સુધી ચાલવાની હોવાથી આ સમયગાળા દરમિયાન મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કામચલાઉ કેબિનની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં બસની રાહ જોતા મુસાફરોને તડકા અને વરસાદમાં ઊભા રહેવાની સ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ, બાળકો અને નોકરિયાત વર્ગ માટે આ વ્યવસ્થા અગવડરૂપ બની શકે છે. બ્રિજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલમાં યુટિલિટી લાઈનોની તપાસ સહિતની કામગીરી ચાલી રહી છે. RTO સર્કલ પાસે બ્રિજના ભાગમાં ફેરફાર કરીને તેને નાનો કરવામાં આવશે. નવી પાંખ તૈયાર થયા બાદ અખબારનગર તરફ જતાં વાહનો સીધા પસાર થઈ શકશે, જ્યારે સુભાષ બ્રિજ તરફ જવા માટે અલગ પાંખ બનાવવામાં આવશે. બ્રિજનું કામ પૂર્ણ થયા બાદ BRTS અને AMTS મુસાફરો માટે કાયમી બસ સ્ટેન્ડ બનાવવાની વિચારણા કરવામાં આવી રહી છે. સુભાષ બ્રિજ પાસે નવું બસ સ્ટેન્ડ બનાવવા ઉપરાંત RTO સર્કલ પાસે બ્રિજની નીચે BRTS સ્ટેન્ડ તૈયાર કરવાનો વિકલ્પ પણ વિચારાધીન છે. હાલ પૂરતું મુસાફરોએ નવી RTO બિલ્ડિંગના ગેટ પાસેની કામચલાઉ કેબિનનો ઉપયોગ કરવો પડશે. હવે જોવાનું એ રહેશે કે છ મહિના સુધી ચાલનારી બ્રિજની કામગીરી દરમિયાન મુસાફરોને વધુસારી સુવિધા આપવા તંત્ર કેવાં પગલાં ભરે છે.

રતનપોળ પાસે જાહેર રોડ પર SOG-ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી ઝડપ્યો

અમદાવાદના રિલીફ રોડ પરથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે આરોપીને ઝડપી લેવાયો

કારંજ-ફતેવાડીના બે સપ્લાયર વોન્ટેડ : છૂટક વેચાણ કરતો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરના રિલીફ રોડ પર રતનપોળ સામે મૂર્તિમંત કોમ્પલેક્ષની બાજુમાં જાહેર રોડ પરથી SOG ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને શખ્સને ૪.૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ અને ૨.૭૨૦ ગ્રામ ચરસ સાથે ઝડપી પાડ્યો. આરોપી આ નશીલો પદાર્થ છૂટકમાં વેચાણ કરવા લાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી.

મહારાષ્ટ્રમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા (SIR) દરમિયાન, મતદારોના નામ દૂર કરવા માટે મોટી સંખ્યામાં ફોર્મ-૭ દાખલ કરવામાં આવ્યા હતા. જલગાંવ જિલ્લાના ભુસાવલ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૧૪,૫૬૭ વાંધા દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, વહીવટી તપાસમાં માત્ર ૭૪ મતદારોના નામ દૂર કરવા યોગ્ય જણાયા હતા. બાકીના વાંધાઓનું નિરાકરણ નિર્ધારિત કાનૂની પ્રક્રિયા અનુસાર કરવામાં આવ્યું હતું. આ કેસમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા, ફોર્મ-૭ના દુરુપયોગ અને લોકશાહી અધિકારોના રક્ષણ અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. નોંધનીય છે કે, ભુસાવલ વિધાનસભા મતવિસ્તાર ભારતીય જનતા પાર્ટી (BJP) પાસે છે. રાજ્ય સરકારમાં કાપડ મંત્રી તરીકે સેવા આપતા ભાજપના મંત્રી સંજય સાવકરે અહીંના ધારાસભ્ય છે. ધ ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ભુસાવલ વિધાનસભા મતવિસ્તારમાં ૧૮૬ લોકોએ મેઇલ દ્વારા ફોર્મ-૭ સબમિટ કર્યા હતા, જેમાં ૧૪,૫૬૭ મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવાની વિનંતી કરવામાં આવી હતી. ફોર્મ-૭ એ ચૂંટણી પંચનું સત્તાવાર ફોર્મ છે જેનો ઉપયોગ મતદાર યાદીમાં વ્યક્તિના સમાવેશ સામે વાંધો ઉઠાવવા અથવા અગાઉ નોંધાયેલા નામને દૂર કરવાની વિનંતી કરવા માટે થાય છે.

મોટી સંખ્યામાં દાખલ થયેલા વાંધાઓએ સ્થાનિક સ્તરે પ્રક્રિયાની પારદર્શિતા અને વાંધાઓ દાખલ કરનારાઓના હેતુઓ અંગે પ્રશ્નો ઊભા કર્યા. આ મુદ્દો સૌપ્રથમ કોંગ્રેસ પક્ષના સ્થાનિક બૂથ લેવલ એજન્ટ (BLA) મુનવ્વર ખાને ઉઠાવ્યો હતો. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આટલી મોટી સંખ્યામાં ફોર્મ-૭ સ્વીકારવાના આધાર પર અને શું મતદારોના નામ દૂર કરવા માટે વાંધાઓ જાણી જોઈને સામૂહિક રીતે દાખલ કરવામાં આવ્યા હતા. જે મતદારોના નામ કાઢી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તેમાંથી મોટાભાગના મતદારો મુસ્લિમ મતદારો હતા. કોંગ્રેસની ફરિયાદ બાદ, જિલ્લા વહીવટીતંત્રે તપાસ શરૂ કરી. તપાસમાં બીજી એક મહત્વપૂર્ણ હકીકત બહાર આવી. અહેવાલ મુજબ, દાખલ કરાયેલા ૧૮૬ વાંધાઓમાંથી ઓછામાં ઓછા ૨૧ વાંધાઓએ લેખિત અરજીઓ સબમિટ કરીને સ્વેચ્છાએ તેમના ૨,૫૩૨ વાંધા પાછા ખેંચી લીધા. આ ઘટનાક્રમે સમગ્ર બાબત પર વધુ શંકા ઉભી કરી. પ્રશ્નો ઉભા થયા : જો આ વાંધા સાચા અને પાયાના હતા, તો આટલી મોટી સંખ્યામાં વાંધા શા માટે પાછા ખેંચવામાં આવ્યા ? જિલ્લા વહીવટીતંત્રના વાસ્તવિક અહેવાલમાં આ વિકાસનો ખાસ ઉલ્લેખ છે.

જિલ્લા વહીવટીતંત્રની તપાસમાં નિર્ધારિત કાનૂની પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું. વહીવટીતંત્રે વાંધા નોંધાવનારાઓને વ્યક્તિગત નોટિસ જારી કરી હતી. વધુમાં, ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ અખબારમાં એક જાહેર નોટિસ પ્રકાશિત કરવામાં આવી હતી, જેમાં વાંધા અરજી કરનારાઓને સંબંધિત પુરાવા રજૂ કરવા વિનંતી કરવામાં આવી હતી. ત્યારબાદ, દરેક અરજીની બૂથ લેવલ ઓફિસર્સ (BLO) દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. તપાસના ભાગરૂપે, અધિકારીઓએ સ્થાનોનું ભૌતિક નિરીક્ષણ કર્યું હતું અને મતદારો સંબંધિત હકીકતો અને દસ્તાવેજોની ચકાસણી કરી હતી. આ પ્રક્રિયા પછી, ફક્ત ૭૪ મતદારોના નામ દૂર કરવા યોગ્ય જણાયા હતા. નિયમો અનુસાર આ ૭૪ કેસોમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અન્ય તમામ વાંધા નકારી કાઢવામાં આવ્યા હતા અથવા નિકાલ કરવામાં આવ્યા હતા. ૧૭ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ સબ-ડિવિઝનલ ઓફિસર (SDO) અને ચૂંટણી નોંધણી અધિકારી (ERO) તરફથી એક સત્તાવાર આદેશ અનુસાર, ભુસાવલ વિધાનસભા મતવિસ્તારમાં મળેલા તમામ ૧૪,૫૬૭ વાંધાઓનો કાનૂની પ્રક્રિયા અનુસાર નિકાલ કરવામાં આવ્યો છે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી વાંધા દાખલ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સ્થાનિક કોંગ્રેસ બૂથ લેવલ એજન્ટ મુનવ્વર ખાને આ મામલો પ્રકાશમાં લાવ્યો હતો, તેમણે ધ ઇન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે ફોર્મ-૭ ના મોટા પાયે ફાઇલિંગનો મુદ્દો ઉઠાવ્યા બાદ સ્થાનિક વહીવટીતંત્રે કાર્યવાહી શરૂ કરી હતી. ખાનના જણાવ્યા મુજબ, વહીવટીતંત્રે મતદારોના નામ કાઢી નાખવા સામે વાંધો ઉઠાવનારાઓને ઓળખવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ પ્રક્રિયા દરમિયાન, ઘણા લોકો મળી આવ્યા જેમણે ફોર્મ-૭ પર સહી કરવાનો ઇનકાર કર્યો હતો. ખાને કહ્યું કે તેમણે આ બાબતની વિગતવાર તપાસની માંગ કરી છે. તેમનો પ્રશ્ન એ હતો કે આટલી મોટી સંખ્યામાં ફોર્મ-૭ કેવી રીતે સ્વીકારવામાં આવ્યા અને શું તેની પાછળ કોઈ દુર્ભાવનાપૂર્ણ ઈરાદો હતો. ભુસાવલનો આ મામલો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે ચૂંટણી પંચે ફોર્મ-૭ના મોટા પાયે ઉપયોગ અંગે નિયમો પહેલાથી જ કડક કરી દીધા છે. ભારતી ઓક્ટોબર ૨૦૨૬ માંભારતના ચૂંટણી પંચ (ECI)એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને નિર્દેશો જારી કર્યા છે. આ નિર્દેશો હેઠળ, દાવા-વાંધાના સમયગાળા દરમિયાન, વ્યક્તિ દ્વારા વધુમાં વધુ ૧૦ ફોર્મ-૭ દાખલ કરી શકાય છે, ઓનલાઇન અને ઓફલાઇન બંને. દરમિયાન, મતદાર યાદીના સામાન્ય સતત અપડેટ દરમિયાન, દર મહિને મહત્તમ પાંચ ફોર્મ-૭ મર્યાદિત હતા. કમિશને આ પગલું ભર્યું કારણ કે મોટી સંખ્યામાં ફોર્મ-૭ દાખલ થવાથી મતદારોને બિનજરૂરી અસુવિધા થઈ રહી હતી. મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ના કાર્યાલયના એક વરિષ્ઠ અધિકારીએ ધ ઇન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે ફોર્મ-૭ ભુસાવલમાં પોસ્ટ દ્વારા મોકલવામાં આવ્યા હતા. પરિણામે, શરૂઆતમાં બધા ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા, કારણ કે તે સમયે વાસ્તવિક વાંધો ઉઠાવનારાઓને ઓળખવાનો કોઈ રસ્તો નહોતો.

અભિષેકે સુવેન્દુ અધિકારી અને અન્ય બે ભાજપ નેતાઓ વિરુદ્ધ 'ઝીરો FIR' દાખલ કરી

TMC નેતાનો આરોપ : ભાજપના ત્રણેય નેતાઓએ પોલીસને ધમકાવી; કાર્યકરોએ મહિલાઓ સહિત TMC સમર્થકો પર હુમલો કર્યો

(એજન્સી) તા.૨૧

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાષ્ટ્રીય મહાસચિવ અને ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનરજીએ શુક્રવાર, ૨૦ નવેમ્બરે કોલકાતાના ગિરીશ પાર્ક પોલીસ સ્ટેશનમાં સુવેન્દુ અધિકારી, દિલીપ ઘોષ અને સુકાન્તા મજુમદાર વિરુદ્ધ 'ઝીરો FIR' દાખલ કરાવી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે આ નેતાઓએ છેલ્લા પાંચ-છ વર્ષમાં કોલકાતા પોલીસ અને પશ્ચિમ બંગાળ પોલીસને વારંવાર ધમકાવી છે અને રાજ્ય વહીવટીતંત્રને પણ ચેતવણીઓ આપી છે. અભિષેક સાથે તેમની કાયદાકીય ટીમ પણ હતી. તેમના વકીલ, અર્કા નાગે બાદમાં મીડિયા સાથે વાત કરતા ફરિયાદના કારણો સ્પષ્ટ કર્યા. નાગે જણાવ્યું કે અભિષેકની વતી આ 'ઝીરો FIR' દાખલ કરવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના આ ત્રણેય નેતાઓએ છેલ્લા પાંચ-છ વર્ષમાં પોલીસ વિરુદ્ધ વારંવાર ધમકીભર્યા નિવેદનો આપ્યા છે. તેમણે કહ્યું કે તેમના નિવેદનો અવારનવાર મીડિયામાં આવ્યા છે અને તેમાં અભિષેક તેમજ તત્કાલીન રાજ્ય સરકારને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. આ કથિત ધમકીઓ સામે અત્યાર સુધી કોઈ કાર્યવાહી કેમ કરવામાં નથી આવી, તેવો પ્રશ્ન ઉઠાવતા નાગે કહ્યું કે હવે પોલીસ માટે પગલાં લેવાનો સમય આવી ગયો છે. તેમણે જણાવ્યું કે આ ફરિયાદમાં સંબંધિત નેતાઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. નાગે અગાઉ અભિષેક સાથે જોડાયેલા એક મામલામાં પોલીસની કામગીરીનો ઉલ્લેખ કર્યો અને આશા વ્યક્ત કરી કે આ નવી ફરિયાદ પર પણ એટલી જ ત્વરિત કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું, 'અભિષેક બેનરજીને લગતા મામલામાં ગિરીશ પાર્ક પોલીસ સ્ટેશને જે તત્પરતા બતાવી હતી, તે જોતાં અમને વિશ્વાસ છે કે તેઓ આ 'ઝીરો FIR'ના મામલે પણ એટલી જ ગંભીરતા દાખવશે અને તપાસ કરશે.' દરમિયાન, અભિષેકની પોલીસ સ્ટેશનની મુલાકાતથી ટીએમસી અને ભાજપ બંનેના સમર્થકોમાં ભારે તણાવ જોવા મળ્યો હતો, શુક્રવારે સવારથી જ આ વિસ્તારમાં તણાવ જોવા મળ્યો હતો. અભિષેક આવે તે પહેલાં ટીએમસીના કાર્યકરો અને સમર્થકો પોલીસ સ્ટેશનની બહાર એકઠા થઈ ગયા હતા. ડાયમંડ હાર્બરના સાંસદ પરિસરમાં પ્રવેશ્યા પછી તરત જ ભાજપના કાર્યકરો અને સમર્થકો પણ આ વિસ્તારમાં પહોંચી ગયા હતા. બંને જૂથોએ સૂત્રોચ્ચાર કર્યા, જેના કારણે પોલીસ સ્ટેશનની આસપાસ અથડામણ અને તંગ વાતાવરણ સર્જાયું. ટીએમસીના વરિષ્ઠ નેતા કુણાલ ઘોષે ત્યારબાદ ભાજપ કાર્યકરો પર પોલીસ સ્ટેશન નજીક મહિલાઓ સહિત ટીએમસીના સમર્થકોનો પીછો અને હુમલો કરવાનો આરોપ લગાવ્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઘોષે આરોપ લગાવ્યો કે ભાજપના કાર્યકરોએ 'મારો, માર' બૂમો પાડતા મહિલા સ્ટાફ સભ્યોનો પીછો કર્યો હતો. તેમણે વધુમાં દાવો કર્યો કે કથિત હુમલો પોલીસ કર્મચારીઓની હાજરીમાં થયો હતો, જેમણે તેને રોકવા માટે દરમિયાનગીરી કરી ન હતી. પોલીસની પ્રતિક્રિયા પર સવાલ ઉઠાવતા, ઘોષે કર્મચારીઓ પર નિષ્ક્રિય રહેવાનો આરોપ લગાવ્યો કારણ કે ટીએમસીના કાર્યકરો અને મહિલાઓનો ભાજપ સમર્થકો દ્વારા કથિત રીતે પીછો અને હુમલો કરવામાં આવ્યો હતો.

રાહુલ ગાંધી બાદ, હેલિફેક્સ ફોરમના વડાએ યુએસની ઘટતી વૈશ્વિક ભૂમિકા અંગે ચેતવણી આપી

પીટર વેન પ્રાગનું કહેવું છે કે, લોકશાહી વ્યવસ્થાના એક ભરોસાપાત્ર નેતા તરીકે વિશ્વ હવે વોશિંગ્ટન પર આધાર રાખી શકે તેમ નથી

(એજન્સી) તા.૨૧

વધુને વધુ અસ્થિર બની રહેલા વિશ્વમાં 'સ્થિરતા લાવનાર શક્તિ' તરીકે કામ કરવાની યુનાઇટેડ સ્ટેટ્સની ક્ષમતા હવે વધુને વધુ તપાસના દાયરામાં આવી રહી છે. બુધવાર, ૧૮ નવેમ્બરે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વોશિંગ્ટનની આ ભૂમિકા નિભાવતા રહેવાની ક્ષમતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેના બે દિવસ બાદ, એક મહત્ત્વપૂર્ણ આ

દેશભરમાં SIR ઝુંબેશમાં નામો બાકાત રહેવાના ભારે વિરોધ હોબાળાને પગલે આખરે ચૂંટણી પંચની સ્પષ્ટતા

રાજ્યમાં મતદાર યાદીમાં જેમના નામ ગાયબ થયા હોય તેઓને નોંધણી કરવા માટે ફરી તક

ફોર્મ-૬ ભરીને નામ દાખલ કરાવી શકાશે : અન્ય મતવિસ્તારમાં નામ ન હોવું જોઈએ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સહિત દેશભરમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની પ્રક્રિયા દરમિયાન મુસદ્દા મતદાર યાદીમાંથી નામો બાકાત થવાના મુદ્દે વિરોધ અને અસંતોષ વચ્ચે ચૂંટણી પંચે મહત્વની સ્પષ્ટતા કરી છે. ખાસ કરીને અગાઉથી મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં મુસદ્દા મતદાર યાદીમાં નામ ન ધરાવતા લોકોમાં ફોર્મ-૬ ભરવા અંગે કાનૂની કાર્યવાહીની આશંકા હતી. ત્યારે તેને લઈને હવે ચૂંટણી પંચે આ મૂંઝવણ દૂર કરતાં સ્પષ્ટ કર્યું છે કે અગાઉ મતદાર રહી ચૂકેલી વ્યક્તિ પણ ફોર્મ-૬ ભરીને આખરી મતદાર યાદીમાં પોતાનું નામ સામેલ કરાવી શકશે. માત્ર અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવાના આધારે તેની સામે કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.



પોતાનું નામ મતદાર યાદીમાં પ્રથમ વખત ઉમેરવામાં આવી રહ્યું હોવાની ઘોષણા કરવાની હોય છે. આવી સ્થિતિમાં અગાઉ મતદાર તરીકે નોંધાયેલા લોકો માટે આ ફોર્મ ભરવું મુશ્કેલીભર્યું બન્યું હતું. અગાઉ મતદાર હોવા છતાં પ્રથમ વખત નામ ઉમેરવાની ઘોષણા કરવી ખોટી સાબિત થશે અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૩૧ હેઠળ કાર્યવાહી થઈ શકે છે તેવી આશંકા વચ્ચે અનેક મતદારો ફોર્મ ભરતાં ખચકાતા હતા. આ વિવાદને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ૩ નવેમ્બરના રોજ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને પત્ર પાઠવી સ્પષ્ટતા કરી છે. પંચે જણાવ્યું છે કે મુસદ્દા મતદાર યાદીમાં નામ ન હોય તેવા મતદારે અગાઉ મતદાર તરીકે નોંધણી કરાવી હતી કે નહીં તે બાબતને અવગણીને વર્તમાન મતદાર યાદીમાં નામ સામેલ કરાવવા માટે ફોર્મ-૬ રજૂ કરવાનું રહેશે. આ ફોર્મનો હેતુ હાલની મતદાર યાદીમાં નામ ઉમેરવાનો છે. અગાઉ મતદાર તરીકે નોંધણી થયેલી હોવાના એકમાત્ર આધારે અરજદારની ઘોષણાને ખોટી ગણવામાં આવશે નહીં. ચૂંટણી પંચે આ સ્પષ્ટતાને દિલ્હી હાઈકોર્ટના ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના નીલોત્પલ દત્તા અને અન્ય વિરુદ્ધ ભારતના ચૂંટણી પંચના કેસ સાથે સુસંગત ગણાવી છે. આ કેસમાં અરજદારોની મુખ્ય દલીલ હતી કે અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં ફોર્મ-૬ ભરવાથી પ્રથમ વખત નામ ઉમેરવાની ઘોષણા ખોટી ઠરી શકે છે. જોકે, હાઈકોર્ટેઆ આશંકાને અસ્થાને ગણાવી અરજદારોને કાયદા મુજબ ફોર્મ-૬ રજૂ કરવાની છૂટ આપી હતી. ચૂંટણી પંચની સ્પષ્ટતા મુજબ, અગાઉની મતદાર યાદીમાં નામ હોવા છતાં SIR દરમિયાન અથવા ત્યારબાદ ફોર્મ-૬ રજૂ કરનાર મતદાર સામે માત્ર આ કારણસર કલમ-૩૧ હેઠળ દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવશે નહીં. જોકે, અરજદારનું નામ અન્ય કોઈ લોકસભા કે વિધાનસભા મતવિસ્તારમાં પહેલેથી નોંધાયેલું ન હોવું જોઈએ અને ફોર્મમાં રજૂ કરવામાં આવેલી વિગતો કાયદા મુજબ યોગ્ય હોવી જરૂરી છે. આ સ્પષ્ટતાથી SIRની પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાંથી નામ બાકાત થઈ ગયેલા અને ફોર્મ-૬ ભરવા અંગે કાનૂની ગૂંચવણમાં મુકાયેલા લોકોને ફરીથી નામ નોંધાવવાનો માર્ગ ખુલ્યો છે. જોકે, આનો અર્થ એ નથી કે બાકાત થયેલાં તમામ નામ આપમેળે મતદાર યાદીમાં ઉમેરાઈ જશે. દરેક અરજીની નિયત પ્રક્રિયા મુજબ ચકાસણી થયા બાદ જ નામનો સમાવેશ કરવામાં આવશે. એટલે કે અરજીની નિયમ મુજબ ચકાસણી થયા પછી જ આખરી મતદાર યાદીમાં નામ ઉમેરાશે.

પાટણ નગરપાલિકાએ રજિસ્ટ્રેશન માટે જરૂરી NOC ન આપતા મામલો હાઇકોર્ટમાં

પાટણમાં માંસ વિક્રેતાઓને NOC આપવાની ના પાડનાર પાલિકાને પુનઃવિચાર કરવા નિર્દેશ

• NOCના અભાવે વ્યવસાય ચલાવવા જરૂરી નોંધણી મેળવી કે રિન્યૂ કરી શકતા ન હોવાની અરજદારોની રજૂઆત • શું કોઇ પાલિકા NOC આપતા પહેલા માંસની ખરીદી-સંગ્રહ વગેરેની વિગતો માંગી શકે ? : કોર્ટ

(સંવાદદાતા દ્વારા)
પાટણ, તા.૨૧

ગુજરાત હાઇકોર્ટે પાટણ નગરપાલિકાને, પ્રમાણપત્રો આપવાનો ઇનકાર કરવાના નાગરિક સંસ્થાના નિર્ણયને પડકારતા વિક્રેતાઓની નવી અરજીઓ પર નિર્ણય લેતી વખતે આ પ્રશ્ન પર પુનર્વિચાર કરવા કહ્યું છે અને સવાલ પણ કર્યો છે કે, શું કોઈ નગરપાલિકા માંસ વિક્રેતાને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) આપતાં પહેલાં માંસની ખરીદી, સંગ્રહ અને પરિવહન અંગેની વિગતો માંગી શકે ? ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ (FSS Act) હેઠળ રજિસ્ટ્રેશન માટે જરૂરી NOC ન આપવા સંબંધિત ૧૦ અરજીઓના સમૂહની સુનાવણી કરતાં કોર્ટે અરજદારોની એ દલીલ નોંધી કે નગરપાલિકાએ "એવી સત્તાનો ઉપયોગ કર્યો છે જે તેની પાસે નથી, કારણ કે તેણે એવા દસ્તાવેજો અને સ્પષ્ટતાઓ માંગી છે જે પ્રથમ દૃષ્ટિએ ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ હેઠળના સત્તાધિકારીઓના અધિકાર ક્ષેત્રમાં આવે છે." અરજદારોએ દલીલ કરી કે NOC આપવામાં નગરપાલિકાની ભૂમિકા મર્યાદિત છે અને ખાદ્ય સુરક્ષા સત્તાધિકારીઓના અધિકાર ક્ષેત્રમાં આવતી બાબતો અંગે તે માહિતી માંગી શકતી નથી કે શરતો લાદી શકતી નથી. આ વિવાદ પાટણ નગરપાલિકા દ્વારા માંસ વિક્રેતાઓને NOC આપવાનો ઇન્કાર કરવા અંગેનો છે. વિક્રેતાઓનું કહેવું છે કે આ પ્રમાણપત્રોના અભાવે તેઓ પોતાનો વ્યવસાય ચલાવવા માટે જરૂરી રજિસ્ટ્રેશન મેળવી કે રિન્યુ કરી શક્યા નથી. NOCના વ્યાપ અંગે, આદેશમાં અરજદારોની રજૂઆત નોંધવામાં આવી છે કે "સ્થાનિક સત્તામંડળે ખાદ્ય સુરક્ષા અને ધોરણો (ખાદ્ય વ્યવસાયોનું લાઇસન્સિંગ અને રજિસ્ટ્રેશન) નિયમનો, ૨૦૧૧ના નિયમન ૧૦.૦૩ મુજબ NOC આપવું જોઈએ અને ખાસ કરીને કાયદો અને વ્યવસ્થાના દૃષ્ટિકોણથી વાંધો ન હોવાનું પ્રમાણપત્ર, જે ફક્ત ભેંસના માંસ અને ડુક્કરના માંસના વેચાણ માટે જ જરૂરી છે." અરજદારોના વકીલે વધુમાં રજૂઆત કરી કે "અરજદારો ૨૦૧૧ના નિયમનોમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ 'નાના ખાદ્ય ઉત્પાદકો (પેટી ફૂડ મેન્યુફેક્ચરર્સ)' છે." FSS Actની કલમ ૩૧નો ઉલ્લેખ કરતાં, આદેશમાં તેમની દલીલ નોંધાઈ છે કે "'નાના ખાદ્ય ઉત્પાદકો'ને ફક્ત રજિસ્ટ્રેશનની જરૂર છે, લાઇસન્સની નહીં". તેમણે એમ પણ દલીલ કરી કે "અધિનિયમ અને ૨૦૧૧ના નિયમનોની કડક જોગવાઈઓ કતલખાનાઓને લાગુ પડે છે, અરજદારો જેવા 'નાના ખાદ્ય ઉત્પાદકો'ને નહીં." બીજી તરફ, પાલિકાએ દલીલ કરી કે "૨૦૧૧ના નિયમનોના નિયમન ૧૦.૦૩ હેઠળ મેળવવાના NOC ઉપરાંત, અરજદારોએ ૨૦૧૧ના નિયમનોના નિયમન ૧૦.૦૫માં જણાવેલી શરતોની પણ પૂર્તતા કરવી પડશે." કોર્ટે નોંધ્યું કે "આ મુદ્દાની પ્રતિવાદીઓ દ્વારા તપાસ કરવામાં આવી નથી, કે અરજીમાં તે અંગે દલીલ પણ કરાઈ નથી", કોર્ટ અવલોકન કર્યું કે, "સ્થાનિક સત્તામંડળ કયા અધિકાર ક્ષેત્રનો ઉપયોગ કરી શકે તેના દૃષ્ટિકોણથી અરજદારોની અરજી પર વિચાર કરવાની પ્રતિવાદીઓને તક આપવી જરૂરી છે." તદનુસાર, કોર્ટે ૧૦ કેસોના સમૂહના અરજદારોને ૧૩ નવેમ્બર સુધીમાં NOC માટે નવી અરજીઓ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો, જેમાં તેમણે NOCની જરૂરિયાતના વ્યાપ અને તેની તપાસ કરવા સક્ષમ સત્તાધિકારી અંગેની પોતાની દલીલો જણાવવાની રહેશે. આ સાથે નગરપાલિકા, જિલ્લા સ્તરીય સમિતિ અથવા યોગ્ય સત્તાધિકારીને ૪ ડિસેમ્બર સુધીમાં અરજીઓ પર નિર્ણય લેવા નિર્દેશ આપવામાં આવ્યો છે. અરજી નામંજૂર કરવામાં આવે તો સત્તાધિકારીએ "અરજદારો દ્વારા ઉઠાવાયેલી દરેક દલીલનો જવાબ આપવો" પડશે. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો કે, જો પાલિકા જિલ્લા સ્તરીય સમિતિને સક્ષમ સત્તાધિકારી ગણે, તો તેણે અરજીઓ સમિતિને મોકલી આપવી. નિર્ણયો અરજદારોને નકલો પૂરી પાડ્યા પછી કોર્ટ સમક્ષ રજૂ કરવાના રહેશે, અને અરજદારો કોઈ પ્રતિકૂળ નિર્ણયને પડકારવા માટે પોતાની અરજીઓમાં સુધારો કરવા સ્વતંત્ર રહેશે. કોર્ટ આ કેસની આગામી સુનાવણી ૨૭ નવેમ્બરે નિર્ધારિત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટણ પાલિકાએ આ વર્ષની શરૂઆતમાં શહેરમાં કાર્યરત માંસ વિક્રેતાઓ સામે કાર્યવાહી શરૂ કરી હતી. અરજદારોનું કહેવું છે કે તેઓ પરંપરાગત રીતે ઘણા દાયકાઓથી દુકાનોમાં માંસનો વેચાણનો વ્યવસાય કરે છે.

ગીર તેમજ આસપાસના વિસ્તારોમાં હિંસક પ્રાણીઓના માનવજીવ પર હુમલા જારી !

જૂનાગઢ જિલ્લામાં સિંહણે હુમલો કરી ખેડૂતને ફાડી ખાતા પંથકમાં ફેલાયો ભય

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં ખેતીકામ કરતા ખેડૂતને સિંહણે ફાડી ખાધો હતો. ઘટના ૨૦ નવેમ્બરે રાત્રે વિસાવદરના રબારીકા ગામમાં બની હતી. જ્યાં ખેતરમાં કામ કરતા ૫૫ વર્ષીય ખેડૂત પર સિંહણે હુમલો કરતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

રબારીકા ગામના ખેડૂત વેલજીભાઈ નાગજીભાઈ દાફડા પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક સિંહણે તેમના પર હુમલો કર્યો હતો. આ જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતનું મોત થયું હતું, જેના પગલે પરિવારજનો અને ગ્રામજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.



ખેતરમાં કામ કરતી વખતે કર્યો હુમલો : વન વિભાગે ઠેર-ઠેર પાંજરા ગોઠવ્યા

બનાવની જાણ થતાં જ વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. સિંહણને પકડવા માટે વન વિભાગ દ્વારા આસપાસના દૂર સુધી વિસ્તારમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે. બીજી તરફ વિસ્તારમાં સિંહ અને હિંસક પ્રાણીઓના હુમલાની વધતી જતી ઘટનાઓ ગ્રામજનો તથા ખેડૂતો માટે અત્યંત ચિંતાજનક બની છે. વિસાવદરનો આ વિસ્તાર ગીરના જંગલ નજીક આવેલો વિસ્તાર છે, જ્યાં અગાઉ પણ વન્યજીવો અને હિંસક પ્રાણીઓના હુમલાઓના અનેક બનાવો સામે આવ્યા છે. ગીરની સરહદ નજીક હોવાથી ખેતરો અને રહેણાંક વિસ્તારો આસપાસ વન્યજીવોની અવરજવર સતત રહેતી હોય છે. આ પ્રકારના સિંહ-દીપડાના માનવજીવ પર સતત હુમલાના વધતા બનાવોને લઈ લોકોમાં ભય સાથે રોષની લાગણી પણ ફેલાઈ રહી છે ત્યારે તંત્ર દ્વારા આ મુદ્દે વ્યવસ્થિત કામગીરી કરાય તેવી લાગણી ઊભી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ૧૩ ઓક્ટોબરે ગીર સોમનાથના કોડીનારના વલાદર ગામે સિંહણે એક યુવકને ફાડી ખાધો હતો. રાત્રિના સમયે ૩૦ વર્ષીય યુવક મહેશ પ્રતાપ રાઠોડ પોતાના ઘરની બહાર સૂતો હતો. આ દરમિયાન ત્યાં આવી પહોંચેલી સિંહણે યુવાન પર હુમલો કરી તેને ઘસડીને લઈ ગઈ હતી.

UKએ પ્રતિબંધિત કરેલ જહાજ ભાડે આપવામાં આવ્યું હોવાનો હાઈકોર્ટ સમક્ષ અરજીમાં ઉલ્લેખ

રાજ્યના સમુદ્ર કિનારે લાંગરેલા વિદેશી ઓઈલ જહાજને અરેસ્ટ કરવા હાઈકોર્ટનો હુકમ !

કુલ રૂા.૨૭ કરોડની રકમ જમા કરાવવી પડશે અથવા ગેરંટી આપવી પડશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટમાં એપકોર શિપિંગ લિમિટેડ દ્વારા જહાજ એમ.ટી. ઓનિરોઈ જે કેમરુન દેશનો ધ્વજ ધરાવતું ઓઈલ ટેન્કર છે અને તેના માલિક માર્શલ આઈલેન્ડ્સની ગોલ્ડન ડોરાડો કંપની છે, તેની સામે દાવો દાખલ કરવામાં આવ્યો છે. એપકોરે ૦૫ જૂન, ૨૦૨૬ના રોજ જહાજના માલિક સાથે ૬૦ દિવસ માટે જહાજ ભાડે લેવાનો કરાર કર્યો હતો અને પ્રતિ દિવસ ૫૨ હજાર US ડોલર લેખે કુલ ૩૧.૨૦ લાખ US ડોલરનું એડવાન્સ ભાડું ચૂકવ્યું હતું. જહાજની ડિલિવરી ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ વાડીનાર ખાતે આપવામાં આવી હતી.

જહાજ ડિલિવરીના બે દિવસ પહેલાં એટલે કે ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ યુનાઈટેડ કિંગડમ દ્વારા રશિયા સંબંધિત નિયમો હેઠળ આ જહાજ પર પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જેની જાણ વાદીને કરવામાં આવી ન હતી. ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ પ્રતિબંધની જાણ થતાં વાદીએ BIMCO Sanctions Clause હેઠળ તાત્કાલિક અસરથી કરાર રદ કર્યો હતો અને ઈજિપ્તના પોર્ટ સૈયદ ખાતે જહાજ પરત સોંપી દીધું હતું. કરાર વહેલો પૂરો થવાને કારણે એપકોરે દાવો કર્યો છે કે વણવપરાયેલ એડવાન્સ ભાડાનું રિફંડ અને જહાજ પર બાકી રહેલા બળતણના મળીને કુલ ૨૪.૯૬ લાખ US ડોલર, તેમજ ૧૮ ટકા વ્યાજ અને કાનૂની ખર્ચ ૨.૫૦ લાખ US ડોલર મળીને ૨૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીનો કુલ ૨૯.૦૩ લાખ US ડોલર ચૂકવવાના થાય છે. જે આશરે ૨૭.૦૩ કરોડ જેટલી રકમ થાય છે. આ જહાજ હાલમાં ગુજરાતના વાડીનાર બંદરે કાર્ગો ઓપરેશન માટે લાંગરેલું છે. જો માલ ખાલી કરીને જહાજ ભારતીય જળસીમા છોડીને જતું રહે, તો અરજદાર માટે પોતાના નાણાં વસૂલવા મુશ્કેલ બને તેમ હોવાથી જહાજની ધરપકડ કરવાની માંગ કરવામાં આવી હતી. કોર્ટને પ્રાથમિક દૃષ્ટિએ વાદીનો કેસ યોગ્ય જણાતા એડમિરલ્ટી એક્ટ, ૨૦૧૭ હેઠળ આદેશ આપ્યો છે કે ગુજરાતના વાડીનાર બંદરે રહેલા M.T. ONEIROI જહાજને તેના તમામ સાધનસામગ્રી, એન્જિન અને બળતણ સહિત તાત્કાલિક અસરથી એરેસ્ટ કરવામાં આવે. કોર્ટના આગામી આદેશ સુધી આ જહાજ વાડીનાર બંદર કે કોર્ટની હદ છોડી શકશે નહીં. વાડીનાર પોર્ટ-દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને કસ્ટમ સત્તાવાળાઓને ઈમેલ દ્વારા મળેલી આદેશની નકલના આધારે તાત્કાલિક જહાજને રોકવાની કાર્યવાહી કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે પ્રતિવાદીઓને નોટિસ પાઠવી વધુ કાર્યવાહી ૩૦ નવેમ્બરે રાખી છે. જો કે પ્રતિવાદીઓ અરજદારને ૩ દિવસની આગોતરી જાણ કરીને તે પહેલાં પણ કોર્ટ સમક્ષ હાજર થઈ શકે છે. જો પ્રતિવાદીઓ ૨૯.૦૩ લાખ US ડોલરની બેંક ગેરંટી, P&I ક્લબનું લેટર ઓફ અંડરટેકિંગ અથવા રોકડ રકમ કોર્ટમાં જમા કરાવે તો જહાજને મુક્ત કરવામાં આવશે અને તેને મુસાફરી કરવાની પરવાનગી આપવામાં આવશે. જહાજની ધરપકડ અને જાળવણીનો પ્રાથમિક ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે. વધુમાં જો ભવિષ્યમાં આ ધરપકડ અયોગ્ય ઠરે અને જહાજને નુકસાન થાય તો વળતર ચૂકવવાની વાદીની બાંયધરી કોર્ટે રેકોર્ડ પર લીધી છે.

અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો

તારીખ	કિલોગ્રામ દીઠ ભાવ	
૫ એપ્રિલ-૨૦૧૨	રૂા.	૨૬.૦૦
૧૬ ડિસેમ્બર-૨૦૧૨	રૂા.	૨૬.૦૦
૧૫ માર્ચ-૨૦૧૩	રૂા.	૨૫.૦૦
૨૪ માર્ચ-૨૦૧૩	રૂા.	૨૫.૦૦
૧૦ જૂન-૨૦૧૩	રૂા.	૨૬.૫૦
૧૦ ઓગસ્ટ-૨૦૧૩	રૂા.	૨૮.૦૦
૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩	રૂા.	૨૮.૭૫
૨૫ માર્ચ-૨૦૧૪	રૂા.	૩૧.૦૦
૧૦ માર્ચ ૨૦૨૦	રૂા.	૩૪.૨૫
૧૬ એપ્રિલ૨૦૨૧	રૂા.	૪૯.૫૦
૩૦ માર્ચ ૨૦૨૨	રૂા.	૭૦.૦૦
૫ એપ્રિલ ૨૦૨૨	રૂા.	૭૨.૦૦
૩૦ ડિસેમ્બર-૨૦૨૩	રૂા.	૫૨.૦૦
૨૮ એપ્રિલ-૨૦૨૪	રૂા.	૫૨.૦૦
૨૨ નવેમ્બર-૨૦૨૬	રૂા.	૫૮.૦૦

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી શિયાળાની ઋતુ શરૂ : તાપમાનમાં ૪-૫ ડિગ્રીનો ઘટાડો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાના કારણે છેલ્લા બે દિવસથી શિયાળાની ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૫ ડિગ્રી સુધી નીચું ગગડ્યું છે. સમગ્ર રાજ્યમાં અમરેલી ૧૧.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું છે, જ્યાં પારો સામાન્ય કરતાં ૫ ડિગ્રી નીચો રહ્યો છે. ત્યારબાદ કચ્છના નલિયામાં ૧૧.૮ ડિગ્રી (સામાન્ય કરતાં ૩.૬ ડિગ્રી નીચું) અને પાટનગર ગાંધીનગરમાં ૧૨ ડિગ્રી (સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી નીચું) તાપમાન નોંધાતા વહેલી સવારે અને મોડી રાત્રે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર અને મધ્ય-દક્ષિણ ગુજરાતના અન્ય શહેરોમાં પણ ઠંડીનું જોર વધ્યું છે. રાજકોટમાં ૧૩.૨ ડિગ્રી (સામાન્ય કરતાં ૪.૭ ડિગ્રી નીચું), વડોદરામાં ૧૩.૪ ડિગ્રી (સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી નીચું) અને પોરબંદરમાં ૧૪ ડિગ્રી (સામાન્ય કરતાં ૫ ડિગ્રી નીચું) લઘુત્તમ તાપમાન નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદમાં ૧૬ ડિગ્રી (સામાન્ય કરતાં ૦.૭ ડિગ્રી નીચું) અને સુરતમાં ૧૬.૬ ડિગ્રી (સામાન્ય કરતાં ૨.૮ ડિગ્રી નીચું) લઘુત્તમ તાપમાન રહેતા શહેરીજનો ગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પશ્ચિમ ભારતના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં આ સપ્તાહની શરૂઆતથી જ ઠંડીનો અહેસાસ થવા લાગ્યો હતો. સોમવારથી શુક્રવાર સુધી સતત ૫ દિવસ તાપમાન ૭ ડિગ્રી પર રહ્યું હતું.







For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com

રવિવાર તા.૨૨-૧૧-૨૦૨૬

ગુજરાત ટુડે

ભેદભનુષ

ટેક્નોલોજી અને AI ટૂલ્સનો ભરપૂર ઉપયોગ : ધંધા અને વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવાનો સ્માર્ટ રસ્તો



આજે બિઝનેસમાં આગળ વધવા માટે માત્ર સખત મહેનત નહીં, પરંતુ સ્માર્ટ સિસ્ટમ્સ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. સોશિયલ મીડિયામાં ઉપલબ્ધ AI ટૂલ્સ અને અન્ય આધુનિક ઓટોમેશન ટેકનોલોજી બિઝનેસ ઈન્કવાયરી હેન્ડલ કરવાનું કામ સરળ બનાવે છે, ગ્રાહકોને ત્વરિત અનુભવ આપે છે, ખર્ચ ઘટાડે છે અને વ્યવસાયના સંચાલકોને નવી તકો પર ધ્યાન આપવાનો સમય આપે છે. જે વ્યવસાયો આજે જ આ ટેકનોલોજીને પોતાના રોજિંદા કામકાજનો હિસ્સો બનાવે છે, તેઓ આવતીકાલના બજારમાં વધુ મજબૂત, ઝડપી અને નફાકારક સ્થિતિમાં ઊભા રહેશે. સમયની સાથે ચાલવું અને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરવો એ જ આધુનિક વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવાનો સૌથી અસરકારક માર્ગ છે. ગૂગલ ફોર્મ, વોટ્સએપ બિઝનેસ, ફેસબુકના ઈન્ટીગ્રેટેડ એઆઈ ટુલના માધ્યમથી અનેક કામો સરળ અને સસ્તા થઈ ગયા છે. તેનો ઉપયોગ તો કરવો જ રહ્યો.

મિત્રો ટેકનોલોજીનો ઉપયોગ નહી આવડતો હોય તો પાછળ રહી જવાશે. કારણ કે, આજના અતિ-સ્પર્ધાત્મક અને ઝડપી ડિજિટલ યુગમાં કોઈપણ બિઝનેસ કે વ્યવસાયની સફળતા માત્ર ઉત્પાદન કે સેવાની ગુણવત્તા પર જ નહીં, પરંતુ તે કેટલી ઝડપથી અને અસરકારક રીતે ગ્રાહકો સુધી પહોંચે છે અને તેમની પૂછપરછનો જવાબ આપે છે તેના પર નિર્ભર કરે છે. નાના વેપારીઓ, સ્ટાર્ટઅપ્સ, સ્થાનિક દુકાનદારોથી લઈને મોટા ઉદ્યોગપતિઓ સુધી સૌ કોઈ હવે સમજી રહ્યા છે કે બિઝનેસમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવો હવે વિકલ્પ નહીં, પરંતુ અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ (AI) ટૂલ્સે વ્યવસાય કરવાની રીતને સંપૂર્ણપણે બદલી નાખી છે. જે વર્ષો પહેલા કોઈ સોશિયલ મીડિયામાં માનતા નહોતા તેઓ હવે ડિજિટલ વિશ્વની મહત્ત્વતા સમજતા થયા છે અને પોતાની સફળતાને ગતિ આપવા માટે તેનો ઉપયોગ કરતા થયા છે. તો આપણે શું કામ પાછળ રહી જઈએ? સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સમાં ઈન-બિલ્ટ આવતા AI ટૂલ્સ અને અન્ય એડિશનલ ઓટોમેશન ટૂલ્સના માધ્યમથી ઉદ્યોગસાહસિકો પોતાની બિઝનેસ ઈન્કવાયરી સરળતાથી હેન્ડલ કરી શકે છે. તેનાથી માલિકોનો કિંમતી સમય બચે છે, માનસિક ભાર ઘટે છે અને તેઓ વ્યવસાયના વિસ્તરણ જેવા મહત્ત્વના નિર્ણયો માટે ફ્રી રહી શકે છે. આ ઉપરાંત, રૂટીન કામકાજ માટે દરેક નાની-નાની બાબતે વધારાના માણસોને નોકરી પર રાખવાની જરૂર ન રહેતા પૈસાની મોટી બચત થાય છે અને ગ્રાહકોને દિવસ-રાત, કોઈપણ સમયે ત્વરિત રિસ્પોન્સ મળે છે. આ બાબત સફળતાની ચાવી પણ સાબિત થાય છે. તો ચાલો આજે આપણે તેની માહિતી મેળવીએ. જે વિદ્યાર્થીઓને પણ ખૂબ જ ઉપયોગની નીવડે તેમ છે.

બિઝનેસ ઈન્કવાયરી હેન્ડલ કરવામાં AI અને સોશિયલ મીડિયા ટૂલ્સની ભૂમિકા

આજે મોટા ભાગના ગ્રાહકો કોઈ પ્રોડક્ટ ખરીદતા પહેલાં અથવા સેવા લેતા પહેલાં વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે ગૂગલ સર્ચ દ્વારા માહિતી મેળવે છે. હવે તો મોટાભાગના ધંધા, વ્યવસાય ગૂગલ બિઝનેસ પ્રોફાઈલમાં ઉમેરવામાં આવે છે. નોકરિયાતો અને વ્યવસાયિકો માટે લિંકડઈન ખૂબ જ અસરકારક માધ્યમ છે અને તેના આધારે નેવરટર્ક મજબૂત થાય છે. હવે તો ચેટ જીપીટીએ પણ બિઝનેસ પ્રોફાઈલ ઉમેરવાની સુવિધાની શરૂઆત કરી છે. આથી ચેટ જીપીટી ઉપરથી પણ હવે બિઝનેસ ઈન્કવાયરી મળશે. જે કામ માણસો ઓફિસ સમય દરમિયાન કરે છે તેમની હવે જરૂરિયાત રહી નથી. જો તમારે ૨૪ કલાક ઈન્કવાયરી ઓપન રાખવી હોય તો તેના વિકલ્પ રહે છે.

ઘણી વાર એવું બને છે કે ગ્રાહક રાત્રે ૧૧ વાગ્યે કે રજાના દિવસે મેસેજ કરે છે. જો સવાર સુધી કે બીજા દિવસે જવાબ મળે, તો ઘણા કિસ્સામાં ગ્રાહક અન્ય વિકલ્પ તરફ વળી જાય છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સમાં આપવામાં આવતા AI ટૂલ્સ અને ચેટબોટ્સ આ સમસ્યાનું સચોટ સમાધાન આપે છે. ગ્રાહકનો મેસેજ આવતાની સાથે જ AI સિસ્ટમ તેની ક્વેરી સમજીને તરત જ યોગ્ય જવાબ આપે છે. ભાવ, ઉપલબ્ધતા, ડિલિવરી સમય, લોકેશન કે બ્રોશર જેવી સામાન્ય માહિતી સેકન્ડોમાં મળી જાય છે.

દરેક પૂછપરછ ખરીદીમાં ફેરવાય તે જરૂરી નથી. AI ટૂલ્સ ગ્રાહકને પ્રાથમિક પ્રશ્નો પૂછીને નક્કી કરે છે કે આ ગ્રાહક ખરેખર રસ ધરાવે છે કે માત્ર સામાન્ય માહિતી માંગે છે. તેનાથી વેચાણ ટીમ અથવા માલિકનો સમય માત્ર ગંભીર ગ્રાહકો પાછળ જ વપરાય છે.

આ બાબતની રસપ્રદ વાત એ છે કે, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓમાં ગ્રાહકો સાથે સરળતાથી વાતચીત કરી શકાય છે, જેનાથી સ્થાનિકથી લઈને વૈશ્વિક ગ્રાહકો સુધી પહોંચવું સરળ બને છે. ક્લિનિક, સલૂન, કન્સલ્ટન્સી, રિયલ એસ્ટેટ કે સર્વિસ સેન્ટર જેવા વ્યવસાયોમાં ગ્રાહક જાતે જ મેસેજ દ્વારા સ્લોટ કે એપોઈન્ટમેન્ટ બુક કરી શકે છે.

ખર્ચમાં બચત અને સંચાલકોને મળતી આઝાદી

કોઈપણ નાના કે મધ્યમ વ્યવસાય માટે સતત સ્ટાફ જાળવી રાખવો એ મોટો આર્થિક બોજ હોય છે. પગાર, તાલીમ, રજાઓ, ઓવરટાઈમ અને કામની અનિયમિતતા જેવા મુદ્દાઓ વ્યવસાયની નફાકારકતા પર અસર કરે છે. જ્યારે પ્રાથમિક ઈન્કવાયરી, ફોલો-અપ, ઓર્ડર સ્ટેટસ અને સામાન્ય સપોર્ટનું કામ AI અને ઓટોમેશન ટૂલ્સ સંભાળી લે છે, ત્યારે:

ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો : શરૂઆતના તબક્કામાં કે મર્યાદિત બજેટમાં કામ કરતા બિઝનેસીસને દરેક નાના કામ માટે અલગ કર્મચારી રાખવાની જરૂર પડતી નથી. જે થોડા કર્મચારીઓ હોય છે, તેઓ જટિલ કેસ, ક્લોઝિંગ અને ગ્રાહક સંબંધો મજબૂત કરવા જેવા ઉચ્ચ-મૂલ્યના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

માલિક માટે સમય અને સ્વતંત્રતા: ઘણા બિઝનેસ માલિકો "પોતાના ધંધાના જ નોકર" બનીને દિવસના ૧૨-૧૪ કલાક મેસેજ અને ફોનના જવાબ આપવામાં વિતાવે છે. AI સિસ્ટમ રૂટીન કામ સંભાળી લેતા માલિકને નવી પ્રોડક્ટ વિકસાવવા, માર્કેટિંગ વ્યૂહરચના ઘડવા, ટીમ માર્ગદર્શન આપવા અથવા પરિવાર અને અંગત વિકાસ માટે સમય મળે છે.

માનવીય ભૂલોમાં ઘટાડો : ભાવ લખવામાં ભૂલ, મેસેજ ચૂકી જવો કે ફોલો-અપ રહી જવું જેવી ભૂલો ઓટોમેશન દ્વારા ઘણી ઓછી થઈ જાય છે.

લેટેસ્ટ AI ટૂલ્સ અને ટેકનોલોજી જે બિઝનેસ બદલી રહ્યા છે

આજે બજારમાં એવા અનેક આધુનિક ટૂલ્સ ઉપલબ્ધ છે જે નાના વેપારીથી લઈને મોટી કંપની સુધી સૌ કોઈ માટે ઉપયોગી સાબિત થઈ રહ્યા છે:

WhatsApp Business Platform & AI Agents: વોટ્સએપ હવે માત્ર ચેટિંગ પૂરતું મર્યાદિત નથી રહ્યું. AI-સંચાલિત વોટ્સએપ એજન્ટ્સ ગ્રાહકના પ્રશ્ન મુજબ કેટલોગ મોકલી શકે છે, પેમેન્ટ લિંક શેર કરી શકે છે અને ઓર્ડર કન્ફર્મ કરી શકે છે.

Instagram & Facebook Meta AI / Automation Tools: પોસ્ટ કે રીલ્સ પર આવતી કોમેન્ટ્સ અને DM (Direct Messages)નો તરત જવાબ આપવા માટેના સ્માર્ટ ટૂલ્સ ગ્રાહકને સીધા સેલ્સ ફનલ સાથે જોડે છે. ગ્રાહક કોમેન્ટમાં ચોક્કસ શબ્દ લખે કે તરત જ DMમાં લિંક કે વિગત પહોંચી જાય છે.

કન્વર્ઝેશનલ AI અને કસ્ટમર સપોર્ટ ટૂલ્સ: વેબસાઈટ અને એપ્સ પર મૂકવામાં આવતા આધુનિક AI ચેટબોટ્સ માત્ર પૂર્વ-નિર્ધારિત બટનો પૂરતા નથી, પરંતુ ગ્રાહકના વાક્યનો અર્થ સમજીને સંદર્ભ મુજબ જવાબ આપે છે. AI વોઈસ એજન્ટ્સ ફોન કોલ્સ પણ હેન્ડલ કરી શકે છે અને માહિતી નોંધી શકે છે.

ડિક્ટેશન આપવા અને ડાફ્ટીંગ કરવા : મિત્રો તમારે ઈમેલ લખવા કે કંપનીના પ્રોજેક્ટ બાબતની માહિતીનું લાંબું લખાણ કરવાનું હોય તો તેના માટે પણ હવે એઆઈ ટુલ્સ આવી ગયા છે. તમે જે પહેલા સ્ટેનોગ્રાફરને ડીક્ટેટ કરાવતા હતા તે હવે તમે બોલો અને તેનું ટાઈપીંગ થઈ જાય છે. ઘણા એઆઈ ટુલ્સ તો એટલા એડવાન્સ છે કે, ભૂલો પણ સુધારી નાખે છે. સ્થાનિક ભાષામાં પણ ઉપરલબ્ધ હોય છે. તો તેનો ઉપયોગ કરો તો સમયની બચત થાય છે. તમે ફ્રી હોવ ત્યારે તે એઆઈ ટુલનો ઉપયોગ કરીને ગમે ત્યારે કામ કરી શકો છો.

કન્ટેન્ટ, ડિઝાઈન અને માર્કેટિંગ ટૂલ્સ પણ ઉપલબ્ધ

આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સ હવે સર્વત્ર છે. તમારે તમારૂં પબ્લિસીટી મટીરીયલ બનાવવા માટે પણ ડિઝાઈનરો ઉપર નિર્ભર રહેવાની જરૂર નથી. જાહેરાતની ટેક્સ્ટ, પ્રોડક્ટ ડિસ્ક્રિપ્શન, ઈમેલ કેમ્પેઈન, સોશિયલ મીડિયા કેપ્શન અને બ્લોગ તૈયાર કરવામાં આ ટૂલ્સ કલાકોનું કામ મિનિટોમાં કરી આપે છે. તમારી કંપનીનો લોગો, ક્રિએટીવ, વીડિયો વગેરે બધુ જ એઆઈથી મિનિટોમાં થઈ જાય છે. તેના માટે સબસ્ક્રીપ્શન લેવું હોય તો પણ વ્યક્તિના પગારથી તો નજીવી રકમ જ હોય છે.

પ્રોડક્ટ શોકેસ, બેનર્સ, સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને ટૂંકા પ્રમોશનલ વીડિયો બનાવવા માટે હવે દરેક નાની પોસ્ટ પાછળ મોંઘા સ્ટુડિયો કે લાંબી રાહ જોવાની જરૂર રહેતી નથી. બ્રાન્ડના કલર્સ અને લોગો મુજબ ઝડપથી માર્કેટિંગ મટિરિયલ તૈયાર કરી શકાય છે. દરેક ગ્રાહકની પૂછપરછ, અગાઉની વાતચીત, ખરીદીનો ઈતિહાસ અને ફોલો-અપનો સમય એક જ જગ્યાએ વ્યવસ્થિત રીતે સચવાય છે. AI એ પણ સૂચવી શકે છે કે કયા ગ્રાહકને ક્યારે ફોલો-અપ કરવું વધુ ફાયદાકારક રહેશે. વર્કફ્લો ઓટોમેશન ટૂલ્સ એવા આવે છે કે, જ્યારે કોઈ ફોર્મ ભરાય કે મેસેજ આવે ત્યારે તે માહિતી આપમેળે શીટ અથવા CRMમાં નોંધાઈ જાય, ટીમને નોટિફિકેશન મળે અને ગ્રાહકને કન્ફર્મેશન મેસેજ જાય-આ બધું જ કોઈ માનવીય હસ્તક્ષેપ વિના થઈ શકે છે.

વ્યવસાયના વિવિધ ક્ષેત્રોમાં તેનો વ્યવહારુ ઉપયોગ

ટેકનોલોજીનો સાચો ફાયદો ત્યારે થાય છે જ્યારે તેને વ્યવસાયની જરૂરિયાત મુજબ ગોઠવવામાં આવે. રિટેલ અને ઈ-કોમર્સની તો આના વગર કલ્પના જ કરી શકાય નહી. સ્ટોકની માહિતી, સાઈઝ કે કલરના વિકલ્પો, ઓર્ડર ટ્રેકિંગ અને રીટર્ન પોલિસી જેવી વારંવાર પૂછાતી બાબતો ઓટોમેટિક જવાબો દ્વારા ઉકેલાય છે. રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પ્રોજેક્ટની બ્રોશર ફાઈલ, લોકેશન, કિંમતની રેન્જ અને સાઈટ વિઝિટ માટે સમય નક્કી કરવાનું કામ સરળ બને છે. હેલ્થકેર, શિક્ષણ અને સર્વિસ પ્રોવાઈડર્સના ક્ષેત્રમાં એજ્યુકેશન ફી, કોર્સની વિગતો, ટેસ્ટ રિપોર્ટ કે એપોઈન્ટમેન્ટ રિમાઈન્ડર્સ ગ્રાહકો સુધી સમયસર પહોંચે છે. ટ્રાવેલ, હોસ્પિટાલિટી અને ઈવેન્ટ મેનેજમેન્ટમા ટુર પેકેજની માહિતી, રૂમની ઉપલબ્ધતા અને ક્વોટેશન ઝડપથી મોકલી શકાય છે, જેનાથી બુકિંગ કન્વર્ઝન વધે છે.

સાવચેતી અને સમજદારીભર્યો અમલ શા માટે જરૂરી છે?

ટેકનોલોજી શક્તિશાળી છે, પરંતુ તેનો અંધાધૂંધ નહીં, પરંતુ સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. ઘણા વ્યવસાયો માત્ર ટૂલ ખરીદી લે છે, પરંતુ તેની માહિતી અપડેટ રાખતા નથી. સાચી અને અપડેટ માહિતી આપવી જોઈ. AI ટૂલને જે ડેટા અને નિયમો આપવામાં આવે છે, તેના આધારે જ તે જવાબ આપે છે. ભાવ, સ્ટોક કે નિયમોમાં ફેરફાર થાય ત્યારે સિસ્ટમ પણ અપડેટ કરવી જરૂરી છે. માનવીય સ્પર્શ જાળવી રાખવો જરૂરી છે. જ્યાં ગ્રાહકને સંવેદનશીલતા, ખાસ ફરિયાદ કે મોટા નિર્ણય માટે વ્યક્તિગત વાતચીતની જરૂર હોય, ત્યાં સરળતાથી માનવીય પ્રતિનિધિ સુધી વાત પહોંચે તેવી વ્યવસ્થા રાખવી જોઈએ. આ ઉપરાંત સૌથી મહત્વનું એવું ગ્રાહકોનો ડેટા સુરક્ષિત રહે અને સ્પામ કે બિનજરૂરી મેસેજથી ગ્રાહક કંટાળે નહીં તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. સ્પષ્ટ, મદદરૂપ અને પ્રામાણિક સંવાદ બ્રાન્ડનો વિશ્વાસ વધારે છે.

ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.

Email:sahebtoday@gmail.com

હેલ્લો સ્ટુડન્ટ્સ

- સાહેબ સોની

જિંદગીમાં છાંયડો થઈને જીવું છું એટલે;સાંજ પડતાં જાતને સંકેલતાં શીખી ગયો



દસ્તક

હર્ષદ પંડ્યા

નહીં દેખાતો બોજ ઊંચકીને ફરવાનો આજના માણસે શોખ કેળવ્યો છે. 'કેળવ્યો છે' એમ એટલા માટે કહેવાય કે કેટ કેટલું જતું કરીને, અંદરની પ્રસન્નતાનો કેટલો મોટો ભોગ આપીને, અને બારણે દસ્તક દઈ રહેલા સુખને નજર અંદાજ કરીને એણે પોતાના માથા પર અદશ્ય બોજનો હિમાલય ઊભો કરી દીધો છે.

બોજ બે પ્રકારના હોય : (૧) દશ્ય બોજ અને અદશ્ય બોજ. દશ્ય બોજ જોઈને કયારેક તો એ માણસ પર દયા આવે, પણ અદશ્ય બોજ કોઈનેય દેખાતો નથી. અદશ્ય બોજની લીલાનો કોઈ પાર નથી. જે બોજ દેખાતો નથી એનો ભાર અસહ્ય હોય છે. જે બોજ સ્પર્શી શકાતો નથી એ બોજનાં નિશાન છેલ્લા શ્વાસ સુધી રહેતાં હોય છે. આવો બોજ માથા પર એકવાર મૂક્યા પછી, એને ઉતારવો ખૂબ મુશ્કેલ છે. કેટલાંકને બોજની પણ એક મોજ હોય છે તો કેટલાંકને વળી મોજનો પણ બોજ લાગતો હોય છે. નથી લાગતું કે ગઈકાલનો મોજીલો લાગતો માણસ આજે ખુદને માટે અને બીજાને માટે પણ બોજીલો બની ગયો હોય !

સવાલ એ છે કે શું છે આ અદશ્ય બોજ ? આવા અદશ્ય બોજને કારણે નદી જેવા સંબંધો રણમાં ફેરવાઈ ગયા છે અને આસોપાલવ જેવા પ્રેમને બાવળિયામાં ફેરવી નાખ્યો છે. આ બોજ છે - બહારના રૂપનો બોજ, પૈસા, પ્રતિષ્ઠા અને પદવીનો બોજ ! આ બોજ છે જ્ઞાની હોવાના વહેમનો, પ્રેમી હોવાના ભ્રમનો અને 'આદમી' તરીકેય નહીં જીવી શકનાર વ્યક્તિને 'ઈન્સાન' હોવાના ખોખલા ખયાલનો ! આ બોજ છે 'અહમ્ બ્રહ્માસ્મિ' બનવાના વાંઝિયા પ્રયાસોનો...

બાળકને પયગમ્બર સાથે સરખાવવામાં આવે છે. બાળકમાં ભગવાનનું સ્વરૂપ સમાયું છે કારણ કે એના માથા પર કોઈ બોજ નથી. ખોખલાપણાના ખમતીધર બનીને જીવવાનું હજી એ શીખ્યું નથી. જ્યાં સુધી માણસ આવો બોજ ઊંચકીને જીવવાનું શરૂ નહીં કરે ત્યાં સુધી એ ભલેને ૮૦-૯૦ વર્ષની ઉંમરનો કેમ ન હોય- એને પ્રભુનો પર્યાય ચોક્કસ કહેવાય કારણ કે એણે એના શ્વાસમાં, લોહીમાં, પૂરા અસ્તિત્વમાં બાળકપણું સાચવી રાખ્યું છે. જ્યાં બાળક છે ત્યાં બોજ ફરકતો પણ નથી. બોજ વગરનું જીવન ખરેખર સરળ અને સહજ છે, પણ આજની દિશાવિહીન ગતિએ માણસને ધરતી પર રહેવાને બદલે આસમાનમાં રહેવા માટે લાલાયિત કરી દીધો છે.

જ્યાં સાચો પ્રેમ છે ત્યાં બોજ નથી હોતો, ઉલટાનો એ પ્રેમ અન્યના બોજને દૂર કરતો હોય છે. આજે નકલી નોટોની જેમ પ્રેમ પણ નકલી બની ગયો છે. જે ભલભલા બોજને દૂર કરી શકે એવી શક્તિ ધરાવે છે. એ જ પ્રેમ આજે બોજરૂપ બની જાય, તો પ્રેમની એટલી કરૂણતા જ કહેવાય ને ? જેને પ્રેમ બોજરૂપ લાગે એની જિંદગી એના માટે બોજ બની જાય છે. બોજ બનેલી જિંદગીને કાળના પાટિયા પરથી ભૂંસાઈ જતાં વાર નથી લાગતી.

હવે તો રણના પેટાળમાંથી પણ જળ શોધવાના પ્રયાસો સફળ થઈ રહ્યા છે, તો શું આપણે રેતાળ જેવા માણસોના તળિયે પહોંચી, પ્રેમથી એને જળ જેવી ભીનાશનો સ્પર્શ ન કરાવી શકીએ ? એની તમામ મર્યાદાઓ, ખામીઓ, ભૂલો અને દુર્ગુણોને માફ કરી એના સુક્કાભઠ્ઠ બની ગયેલા વન જેવા જીવનમાં હેતની હેલી વરસાવી એ રેતાળ માણસને હેતાળ ન બનાવી શકીએ ? મુરઝાતા જતા એકાદ છોડવાને જો આપણે પાણીનું સિંચન કરીને લીલોછમ્મ્ રાખવાનો પ્રયત્ન કરતા હોઈએ, તો આવી મુરઝાતી જતી કોઈની જિંદગીને સ્નેહનું સિંચન કરી લીલી હરિયાળી ન કરી શકીએ ? આ બધું આપણે ચોક્કસ કરી જ શકીએ, પણ આપણે નથી કરી શકતા કારણ કે આપણને આપણે જ આપણા માથા પર મૂકેલો પેલો અદશ્ય બોજ નડે છે -કનડે છે. અહમ જેવો કોઈ બોજ નથી. ઘમંડ જેવો કોઈ ભાર નથી. દંભ જેવું કોઈ દબાણ નથી. ચાલાકી જેવી કોઈ લુચ્ચાઈ નથી. જૂઠ જેવો કોઈ જલ્લાદ નથી. સ્વાર્થ જેવો કોઈ શયતાન નથી અને આત્મવંચના જેવો કોઈ અંધકાર નથી.

જેમ ભગવાનનાં હજાર નામ છે એમ બોજના પણ હજાર નામ છે. ભગવાને તો દશ અવતાર લીધા પછી અવતરવાનું માંડી વાળ્યું... પણ બોજ તો સદીઓથી જુદા જુદા રૂપે, જુદા જુદા નામે અવતરતો જ રહ્યો છે અને અવતરતો રહેવાનો છે- જ્યાં સુધી આદમી 'ઈન્સાન' બનવાનો કે માણસ 'માનવ' બનવાનો પ્રયત્ન નહીં કરે ! આદમી જો એકવાર, માત્ર એકવાર ઈન્સાન બની જાય તો એને સંબંધના સૌંદર્યનું અને પ્રેમના પર્યાવરણનું સરનામું શોધવા ભટકવું નહીં પડે. એ સ્વયંમ્ એ પોતે જ એનું સરનામું બની જશે !

ગુના કે અપરાધને બચાવવા માટે કેટલાક વકીલાત કરતા થઈ જતા હોય છે, પણ પ્રેમને બચાવવા, સંબંધને બચાવવા માટે કયાંય પણ કોઈએ વકીલાત કરી હોય એવું જોવા નથી મળતું. સરેઆમ કોઈ, કોઈને તમાચો મારે, ગડદાપાટુ કરે કે પછી ખૂન કરે તો જાણે કે એ ઘટના સામાન્ય કહેવાય - એમ એને સમાજ તરફથી એટલું વેઈટેજ નથી મળતું, જેટલું એકાંતમાં બે પ્રેમીઓ એકબીજાંનો પ્રેમનો આદર સત્કાર કરતા હોય - અને આ બંને પ્રેમીઓને બેઈજ્જત કરવા માટે મળે છે - આનું પણ એ જ કારણ છે કે સમાજ, સડી ગયેલા મૂલ્યોનો બોજ ઊંચકીને એવું પ્રસ્થાપિત કરવા ન માંગતો હોય કે જોયું, આ બંને પ્રેમીઓ આમ ખુલ્લેઆમ એકબીજાના હાથમાં હાથ મૂકી બે જિંદગીને એક કરવાનો પ્રયત્ન કરતા'તા, એમને અમે કેવા બેઈજ્જત કરી, સંસ્કારનું જતન કર્યું ! પણ આ ઠેકેદારોને પેલી ખૂનામરકી જેવી હિંસા સામાન્ય બાબત લાગે છે. દેખાડાના અખાડા જ્યાં સુધી બંધ નહીં થાય ત્યાં સુધી આ સમાજમાં સંબંધને સૂકા રણમાં ફેરવાઈ જવું પડશે, પ્રેમને ઊગતા પહેલાં જ અસ્તના અંધારામાં ખોવાઈ જવું પડશે અને નિર્દોષ મૈત્રીને ઠેકેદારોની ખોખલી નફરતભરી નજરની કરવત વડે વહેરાવું પડશે. બે અક્ષરનો બોજ, ત્રણ અક્ષરની જિંદગીને કયારે ખતમ કરી નાખે એ આ સમાજમાં કહેવાય નહીં !

જેટલી સરળતાથી માણસ પોતાના માથા પર આવો રૂડો રૂપાળો બોજ મૂકતો હોય છે એટલી જ સરળતાથી એને ઉતારી શકતો નથી. અહમ્ના માની લીધેલા અજવાળામાં ભલભલા ખોવાઈ ગયા, અટવાઈ ગયા... કારણ કે જેને આ લોકો અજવાળું માનતા'તા, હકીકતમાં તો એ નર્યો અંધકાર જ હતો ! 'શબ્દપ્રીત' એટલે તો બોજ ઉતારવાની દવા બતાવતા કહે છે :

"જિંદગીમાં છાંયડો થઈને જીવું છું એટલે
સાંજ પડતાં જાતને સંકેલતાં શીખી ગયો"

: ટહુકો :
અબ તેરે મેરે બીચ જરા ફાસલા ભી હો
હમ લોગ જબ મિલેં તો કોઈ દૂસરા ભી હો
ઉસકે લિયે તો મૈંને યહાં તક દુઆયેં કી
મેરી તરહ સે કોઈ ઉસે ચાહતા ભી હો

- બશીર બદ્ર

દમ પતી જાય એને દંપતી કહેવાય

આ વખતે થોડી હળવાશથી વાત કરીએ. શીર્ષક પરથી જ હળવાશનો ખ્યાલ આવે એમ છે. દંપતી એટલે વરવહુ. વરવહુ મળે, ત્યાં દમ પતી જતો હોય તેથી તેને 'દંપતી'નું ટાઈટલ મળ્યું હોય એમ બને. આપણી આસપાસ ઘણાં દંપતી જોવા મળે છે. આમ તો વરવહુ, સ્ત્રી-પુરુષ જ હોય છે, પણ તે લગ્નનાં બંધનથી બંધાયેલાં હોય છે, એટલે તેને દંપતી તરીકે ઓળખીએ છીએ. પતિ-પત્નીને હોતાં નથી, તોય તેઓ એકબીજાને શિંગડાં ભરાવતાં રહે છે, સ્ત્રી-પુરુષ પરણે છે જ એટલે કે એકબીજામાં શિંગડાં ભરાવતાં રહે, એકબીજામાં દખલ કરતાં રહે. આમ તો સ્ત્રી-પુરુષને એકબીજામાં દખલ દેવાનો હક નથી, પણ પતિપત્ની બાઈજીજત એકબીજામાં દખલ દઈ જ શકે છે. એ તેમનો હક છે ને આ હક કાયદાએ આપેલો છે.

કાયદા દ્વારા દંપતીનો હક મેળવવા સ્ત્રી-પુરુષ પરણે છે. જવાબદારીનું ભાન નથી હોતું, પણ બંને એકબીજાની જવાબદારીઓ ઉઠાવે છે. ક્યારેક થોડી ચણભણ પણ થાય છે. રીસાવા-મનાવવાનું ચાલે છે ને આમાં પિયર પણ વચ્ચે આવતું રહે છે. ક્યારેક પતિ પિયર મોકલી દેવાની વાત કરે છે, તો ક્યારેક પત્ની પોતે પિયર ચાલી જવાની ધમકી આપે છે, પણ સરવાળે બંને સાથે રહે છે તે કદાચ લગ્ન વખતે એકબીજાને સાત જન્મો સુધી સાથ આપવાના વાયદા કરેલા એટલે... વાયદાના ફાયદા લેવાય છે ને લગ્નજીવન માણવાનું ચાલે છે. શરૂઆતમાં તો ઉત્સાહ-ઉમંગથી એકબીજાની પડખે રહેવાનું ચાલે છે. અનેક સ્થળે ને પ્રસંગે સાથે ને સાથે રહેવાનું આનંદથી સ્વીકારાય



સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

છે. કોઈને કોઈના વગર ચાલતું નથી, એવામાં સંતાનનો જન્મ થાય છે.

સંતાન, પતિ-પત્નીને માતાપિતા બનાવે છે ને તેમનું સ્ટેટસ બદલાય છે. સ્ત્રીપુરુષ હતાં તે પતિપત્ની થયાં. સંતાન આવ્યું એટલે માતાપિતા થયાં. પતિપત્નીની એકબીજા માટેની લાગણીમાં સંતાન ભાગ પડાવે છે ને એ છેલ્લે મિલકતમાં ભાગ પડાવવા સુધી વિસ્તરે છે. પતિને પિતા બનતા બહુ ફરક પડતો નથી, પણ પત્નીની જવાબદારીઓ વધી જાય છે. તે રોજિંદી જવાબદારીઓ ઉપરાંત સંતાનનાં ઉછેરમાં પણ જોતરાય છે ને એમ સ્ત્રીમાં, પત્ની ઉપરાંત માતૃત્વનો ઉમેરો પણ થાય છે. એમાં પતિને આપવાના સમયમાં ઘટાડો થાય છે ને પતિને એવું લાગે છે કે પત્ની પોતાની તરફ બહુ ધ્યાન આપતી નથી. પત્નીની આવી ઉપેક્ષા પતિથી સહન થતી નથી, પણ એ લલ્લુ ભૂલી જાય છે કે આ બધું તેનું જ કર્યું-કારવ્યું છે. ઉંમર વધતી જતી હોય ને જાતીય આવેગો ચરમસીમાએ હોય ને પત્ની બાળઉછેર ને રસોઈપાણીમાં વ્યસ્ત થઈ ગઈ હોય કે રાત સુધીમાં થાકી ગઈ હોય ને આ તરફ પતિ, પત્નીને માણવા થનગની રહ્યો હોય, પણ પથારીમાં પડતાં જ ઘોરી જતી હોય તો પત્ની પોતાની ઉપેક્ષા કરે છે એવું પતિ માનવા લાગે છે. વાત માણવાને બદલે માનવા પર આવી જાય છે.

પત્નીની પતિને સાથ આપવાની ઈચ્છા નથી હોતી, એવું નથી, પણ તેની વ્યસ્તતા તેને થકવી નાખે છે, એટલે ઈચ્છા છતાં ઊંઘથી ઘેરાઈ જાય છે. આ લાંબું ચાલે તો પતિપત્ની વચ્ચે અંતર વધતું જાય છે. અંતર વચ્ચે અંતર પડે એમ બને. આ અંતર પાડવામાં એક (ગેર)સમજ કામ કરે છે, તે એ કે સ્ત્રીઓ એમ માને છે કે ઉંમર વધે તેમ જાતીય ઈચ્છાઓ ઘટતી જાય છે ને હકીકત એ છે કે પુરુષની જાતીય ભાવનાઓ વધતી હોય છે. સાચું તો એ છે કે જાતીય લાગણીઓને ઉંમર સાથે બહુ લેવાદેવા નથી. સ્વસ્થ શરીરો ગમે ત્યારે ને ગમે એટલી વખત, કોઈ ડિસ્ટર્બ ન થાય એ રીતે જાતીય આનંદ માણી શકે છે.

બને છે એવું કે સંતાનો મોટાં થતાં હોય ને ઉંમર ૪૦-૪૫ થઈ હોય, ત્યારે પત્ની ધરમધ્યાન તરફ વળે છે ને જાતીય આનંદમાંથી તેનો રસ ઊડી ગયો હોય છે કે નાછૂટકે પતિ તરફની ફરજ નિભાવતી હોય છે. એ ગાળો મેનાપોઝનો હોય તો તે પહેલાંથી જ સ્ત્રીનો જાતીય જીવનમાંથી રસ ઊડવા લાગે છે. તેનું કંડીશનિંગ જ એવી રીતે થઈ ગયું હોય છે કે હવે આવું ન ચાલે, ઉંમર થઈ ને એમ ઉંમર કરતાં વહેલી ઘરડી થવાં લાગે છે. તેનું સૌન્દર્ય ઘટતું જાય છે ને નાની ઉંમરમાં જ જોવાની ન ગમે એવી થતી જાય છે. એ પરિસ્થિતિને લીધે પણ પતિનો પત્નીમાંથી રસ ઊડવા લાગે છે. એમાં વધારામાં પત્ની પતિના મનમાં એવું ઠસાવવા માંડે છે કે હવે ભગવાનનું નામ લો અને જન્મારો સાર્થક કરો. આ ઉંમરે આવું બધું ના શોભે. બીજીતરફ પતિની ઈચ્છાઓ પૂરબહારમાં ખીલતી હોય ને પત્ની નિરાશાના સૂરથી પતિને (જાતીય)પૂરમાંથી બહાર ફેંકી દેતી હોય એમ પતિ અનુભવતો હોય છે. હકીકત એ છે કે જાતીય આનંદ પ્રૌઢ વયે પણ માણી જ શકાય છે. પતિએ પણ પત્નીને જાતીય આનંદનો મહિમા સમજાવવો જોઈએ. અનુકૂળ વાતાવરણ હોય તો પત્નીને સંબંધ માટે રાજી કરી શકાય છે. તે પછી પણ પત્ની સંબંધ માણવા રાજી ન હોય તો પછી આવું કેંક બને છે.

પતિને નોકરીમાં કે ધંધામાં કોઈ સ્ત્રી સાથે સંપર્ક વધે છે, તો તે સરળતાથી તે તરફ ખેંચાય છે. બંને સંમત હોય તો મળવા મૂક્વાનું વધે છે ને છેલ્લે વાત શરીર સંબંધ સુધી પહોંચે છે. પતિ, અપરિચિત સ્ત્રીને પરિચિત કરી રહ્યો છે એ વાત પત્નીથી છુપાવાતી હોય છે. આ છુપાવવું બહુ છુપાતું નથી. પત્નીના કાન ધીમેધીમે મોટા થતાં જાય છે ને કાન સુધી વાત આવ્યા વિના રહેતી નથી. એવું જ પત્નીનું પણ થતું હશે. તેને પણ પતિ તરફથી સંતોષ ના થતો હોય ને તે સાથે કામ કરતાં કોઈ પુરુષ સાથે સંબંધમાં મુકાય, ત્યારે તેણે પણ પતિનો સામનો કરવાનો આવે જ છે.

થાય છે શું કે પતિ/પત્નીને ક્યાંક કોઈ જોડે પ્રેમ થયો ને તેની જનતા જનાર્દનને જાણ થઈ, તો તેની પ્રચારગાડી ફરવા લાગે છે. જે ઉપેક્ષાનો ભોગ બને છે, તેની તરફ સાધારણરીતે સહાનુભૂતિ હોય છે. મોટે ભાગે એવી સહાનુભૂતિ, ભોગ બનેલી પત્ની તરફ વિશેષ હોય છે ને ગુનેગાર પતિ જ ઠરતો હોય છે. આજુબાજુ આરોપો પતંગિયાની જેમ ઊડતા રહે છે, જેમાં મુખ્ય સૂર આવો હોય છે- અરેરે ! ભાઈને આ શું સૂઝ્યું? ઘરમાં છોકરાં પરણાવવા લાયક હોય ને આ ઉંમરે આવા ભવાડા શોભે છે? આવું, પાછા આવા વેપલામાં પડેલા હોય તે પણ બોલવા લાગે છે. એમાં કોઈ નમૂના એવા પણ હોય છે, જેમને પતિની ઉપરાંત પણ શોખ ખાતર રસ હોય. તેમને સંજોગો કે અનિવાર્યતા પણ નથી હોતાં ને સગવડ બીજી સ્ત્રીમાં શોધતા ફરે છે. અહીં એમની વાત નથી.

ઘરમાં વાતાવરણ જ એવું હોય કે પત્ની તરફથી કારણ વગરની ઉપેક્ષા મળતી હોય કે પતિની ટાઢાશ પત્નીને બીજે જવાનું કારણ આપતું હોય એમની વાત છે. આનો બચાવ ન હોય, પણ સિક્કાની બીજી બાજુ પણ તપાસવાના હેતુથી અહીં વાત થાય છે. પત્નીને ખબર પડે કે પતિને બહાર બીજી કોઈ સ્ત્રી છે, તો તેની સ્થિતિ કેવી હોય છે. પતિનો અહીં બચાવ નથી. તેનો જે દોષ છે તે તો છે જ, પણ પત્ની જવાબદાર નથી એવું કહી ના શકાય. તે પતિને સંભળાવે છે કે ઘરમાં પત્ની હોવા છતાં, મોટાં બાળકો છતાં ને કોઈ વાતે ખોટ ન હોવા છતાં બહાર મોં મારવાનું શોભે છે? નથી જ શોભતું, પણ ઘરમાં પત્ની હોવા છતાં તેણે ઓછી ઉપેક્ષા નથી કરી. પતિને જાતીય આનંદ ઘરમાં માણવાનું એકેય કારણ બચ્યું ના હોય, તો તે શું કરશે? સુખ તો શોધશેને? ઘરમાં કોઈ સહકાર ન હોય, પત્ની છતાં, પત્નીનો ધર્મ નિભાવી શકતી ન હોય તો પતિનો શો દોષ કાઢવો, જો તે બહાર ફાંફાં મારે તો?

જેને લીધે ચાર ભીંતો ઘર બનતી હોય, એ પતિ-પત્નીએ જ એકબીજાને સાથ આપીને જીવતર માંડ્યું હોય, ત્યાં બહુ પ્રશ્નો રહેતાં નથી, ખરું કે નહીં?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩

ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

અબ્દુર્રઝ્ઝાક અસ-સનઆની : જેમણે ઇતિહાસના વિખરાયેલા શબ્દોને અમર બનાવ્યા

પરિચય : એક મુલાકાત અને જ્ઞાન માટેનો અડગ સંકલ્પ

મક્કામાં હજની મોસમ હતી. કાબાની આસપાસ હજારો લોકો તવાફ કરી રહ્યા હતા. એ ભીડમાં બે વિખ્યાત વિદ્વાનો પણ હતા. એક ઈમામ અહમદ બિન હંબલ અને બીજા યાહ્યા બિન મઈન. બંનેએ હજ પછી યમનના સનઆ શહેરમાં જઈને એક મહાન હદીસવિદ્ પાસેથી જ્ઞાન મેળવવાનો સંકલ્પ કર્યો હતો.

તવાફ દરમિયાન અચાનક યાહ્યા બિન મઈનની નજર એક પરિચિત ચહેરા પર પડી. જેમની શોધમાં તેઓ યમન જવાના હતા, એ વિદ્વાન પોતે જ ત્યાં હાજર હતા !

યાહ્યા આનંદથી બોલ્યા કે હવે સનઆ સુધીની લાંબી મુસાફરી કરવાની જરૂર નથી. આપણે અહીં જ તેમની પાસેથી હદીસો સાંભળી શકીએ છીએ. પરંતુ ઈમામ અહમદનો જવાબ જુદો હતો. તેમણે કહ્યું કે પોતે સનઆ જઈને જ્ઞાન મેળવવાનો સંકલ્પ કર્યો છે અને એ સંકલ્પ બદલવા ઇચ્છતા નથી.

આખરે તેઓ સનઆ ગયા અને ત્યાં રહીને હદીસોનું અધ્યયન કર્યું.

ઈમામ ઝહબીના પ્રસિદ્ધ ગ્રંથ સિયર અઅલામુન્-નુબલા સહિતના જીવનચરિત્રોમાં નોંધાયેલો આ પ્રસંગ એક પ્રશ્ન ઊભો કરે છે : એવા કયા વિદ્વાન હતા, જેમને મળવા ઈમામ અહમદ જેવા મહાન આલિમ પણ આટલી લાંબી મુસાફરી કરવા તૈયાર હતા ?

એ વિદ્વાન હતા **ઈમામ અબ્દુર્રઝ્ઝાક અસ-સનઆની.**

જન્મ અને પ્રારંભિક જીવન

અબ્દુર્રઝ્ઝાકનો જન્મ હિજરી ૧૨૬ (ઈ.સ. ૭૪૩–૭૪૪)માં યમનના સનઆ શહેરમાં થયો હતો. તેમનું પૂરું નામ અબૂ બક્ર અબ્દુર્રઝ્ઝાક બિન હમ્મામ બિન નાફિઅ અલ-હિમ્યરી અસ-સનઆની હતું. તેમનો પરિવાર હિમ્યર કબીલા સાથે સંકળાયેલો હતો.

તેમના બાળપણમાં ઇસ્લામી જગતમાં મોટાં રાજકીય પરિવર્તનો થઈ રહ્યાં હતાં. ઉમય્યદ ખિલાફતનો અંત આવ્યો અને અબ્બાસી શાસનની શરૂઆત થઈ. બીજી તરફ મક્કા, મદીના, કૂફા અને બસરા જેવાં શહેરોમાં ધાર્મિક તથા બૌદ્ધિક પ્રવૃત્તિઓનો વિકાસ થઈ રહ્યો હતો.

અબ્દુર્રઝ્ઝાકનું પ્રારંભિક શિક્ષણ પારિવારિક વાતાવરણમાં થયું. લગભગ અઢાર વર્ષની ઉંમરે તેમને યમન આવેલા વિખ્યાત વિદ્વાન ઇબ્ન જુરૈજ પાસેથી હદીસો શીખવાની તક મળી.

આ મુલાકાતે તેમની જ્ઞાનસાધનાને નવી દિશા આપી. વીસ વર્ષની આસપાસ તેમણે હિજાઝ, શામ અને ઇરાકનાં જ્ઞાનકેન્દ્રોની મુસાફરી શરૂ કરી. એ યુગમાં પુસ્તકો સહેલાઈથી ઉપલબ્ધ નહોતાં. જ્ઞાનની પ્રામાણિકતા માટે વિદ્વાનોને મૂળ શિક્ષક સુધી પહોંચવું પડતું હતું.

ગુરુઓ

અબ્દુર્રઝ્ઝાકના બૌદ્ધિક ઘડતરમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા મઅમર બિન રાશિદની રહી. તેઓ લગભગ આઠ વર્ષ સુધી મઅમરના સાંનિધ્યમાં રહ્યા અને તેમની પાસેથી આશરે દસ હજાર હદીસો લખી.

મઅમર પોતે મહાન વિદ્વાન ઇબ્ને શિહાબ ઝઝ-ઝુહરીના શિષ્ય હતા. આમ, અબ્દુર્રઝ્ઝાકને ઇસ્લામની અગાઉની પેઢીઓનો જ્ઞાનવારસો પ્રાપ્ત થયો.

તેમના અન્ય ગુરુઓમાં ઇમામ મલિક બિન અનસ, સુફિયાન અસ-સૌરી, સુફિયાન બિન ઉયૈના અને ઇબ્ને જુરૈજનો સમાવેશ થાય છે. તેમણે ઇમામ અબૂ હનીફા અને ઇમામ અવઝાઈ જેવા વિદ્વાનો પાસેથી ફિકહ એટલે કે ઇસ્લામી કાયદાશાસ્ત્રનું જ્ઞાન પણ મેળવ્યું.

આ રીતે જુદાં જુદાં પ્રદેશોની જ્ઞાન પરંપરાઓ તેમના વ્યક્તિત્વમાં એકત્ર થઈ. તેઓ માત્ર હદીસોના સંગ્રાહક નહોતા, પરંતુ વિવિધ મંતવ્યોને સમજતા અને સાચવતા વિદ્વાન હતા.

શિષ્યો અને વિદ્વત્તાની પ્રતિષ્ઠા

સમય જતાં સનઆ ઇસ્લામી જ્ઞાનજગતનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બન્યું. દૂરદૂરથી વિદ્યાર્થીઓ અબ્દુર્રઝ્ઝાક પાસે આવવા લાગ્યા.

તેમના શિષ્યોમાં ઇમામ અહમદ બિન હંબલ, યાહ્યા બિન મઈન, અલી બિન મદીની, ઇસ્હાક બિન રાહવૈહ અને ઝુહૈર બિન હર્બ જેવા મહાન વિદ્વાનો હતા.

તેમની યાદશક્તિ અસાધારણ હતી. પ્રાચીન જીવનચરિત્રોમાં નોંધાયા પ્રમાણે તેઓ લગભગ સત્તર હજાર હદીસો મોઢે જાણતા હતા. છતાં તેઓ માત્ર સ્મૃતિ ઉપર આધાર રાખવાને બદલે પોતાની લખેલી નોંધોમાંથી હદીસો રજૂ કરવાનું પસંદ કરતા.

તેમના જ્ઞાનનું મહત્ત્વ એ વાત ઉપરથી પણ સમજાય છે કે ઇમામ બુખારીએ તેમની મારફતે આવેલી ૧૧૦ અને ઇમામ મુસ્લિમે ૪૦૯ હદીસો પોતાના ગ્રંથોમાં સ્થાન આપી હતી.

અલ-મુસન્નફ : એક ગ્રંથમાં સચવાયેલો સમગ્ર યુગ

અબ્દુર્રઝ્ઝાકની સૌથી મહત્ત્વપૂર્ણ અને કાળજયી કૃતિ **અલ-મુસન્નફ ફિલ હદીસ** છે.

'મુસન્નફ' એટલે વિષય પ્રમાણે ગોઠવેલો સંગ્રહ. હદીસોના આવા પ્રાચીન અને વિસ્તૃત સંગ્રહોમાં આ ગ્રંથને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત છે.

તેમાં નમાજ, રોઝા, ઝકાત, લગ્ન, છૂટાછેડા, વેપાર, કરજ, મિલકત, ન્યાય, સામાજિક વ્યવહાર અને માનવીય સંબંધો જેવા અનેક વિષયો આવરી લેવામાં આવ્યા છે.

પરંતુ આ ગ્રંથનું સાચું મહત્ત્વ માત્ર તેના વિષયોની વિવિધતામાં નથી.

સામાન્ય રીતે હદીસગ્રંથોનો ઉલ્લેખ થતાં પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના વચનો અને કાર્યોનો વિચાર આવે છે. પરંતુ અલ-મુસન્નફમાં પયગમ્બર (સ.અ.વ.)સાહેબની હદીસો ઉપરાંત સહાબીઓનાં નિવેદનો, તાબિઈનના વિચારો અને પ્રારંભિક મુસ્લિમ વિદ્વાનોના કાનૂની અભિપ્રાયો પણ સચવાયેલા છે.

આથી ઇસ્લામી કાયદાશાસ્ત્રના વિવિધ મઝહબોનું સ્વરૂપ સંપૂર્ણપણે વિકસ્યું તે પહેલાં મુસ્લિમ સમાજમાં કેવા વિચારો અને વ્યવહારો પ્રચલિત હતા તેનો અભ્યાસ શક્ય બને છે.

ગ્રંથના ૩૧ મુખ્ય વિભાગો અને ૨,૧૩૩ પ્રકરણોમાં વિશાળ સામગ્રીનો સમાવેશ થાય છે. તેની પ્રથમ પ્રકાશિત આવૃત્તિમાં ૧૮,૪૧૮ રિવાયતો છે. અંતે સમાવાયેલા મઅમર બિન રાશિદના અલ-જામિઅ સાથે કુલ સંખ્યા ૨૧,૦૩૩ થાય છે.

અબ્દુર્રઝ્ઝાકની એક વિશેષતા એ પણ હતી કે તેમણે પોતાની પાસે ઉપલબ્ધ દરેક રિવાયતનો ગ્રંથમાં સમાવેશ કર્યો નહોતો. ઉદાહરણ તરીકે, હમ્મામ બિન મુનબ્બિહની લગભગ ૧૩૮ હદીસોની પ્રાચીન સહીફામાંથી તેમણે માત્ર ૩૨ રિવાયતો પસંદ કરી હતી.

આ બાબત દર્શાવે છે કે તેમનું કાર્ય માત્ર સામગ્રી ભેગી કરવાનું નહોતું; તેમાં પસંદગી અને વિષયવાર ગોઠવણી પણ હતી.

વીસમી સદીમાં ભારતીય ઉપખંડના વિદ્વાન અલ્લામા હબીબુર્રહમાન અલ-આઝમીએ વિવિધ હસ્તપ્રતોની સરખામણી કરીને આ ગ્રંથનું મહત્ત્વપૂર્ણ સંપાદન કર્યું. તેની અગિયાર ભાગની આવૃત્તિ ૧૯૭૧થી ૧૯૭૫ દરમિયાન બૈરૂતથી પ્રકાશિત થઈ.

અન્ય મહત્ત્વપૂર્ણ કૃતિઓ

